Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ઓ૩મ ॥

જ્ઞાન પુષ્પ માળા. ૨૧

વ્યસન

અર્થાત

માદક દ્રવ્ય

લેખકઃ

જ્ઞાનેન્દ્ર 'સિદ્ધાન્ત ભૂષણ'

મુલ્ય ૦-૧૪-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आश्रम

पुस्तक संख्या·····

पञ्जिका संख्या·····

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लाक्ष ग्रमार्णीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

જ્ઞાન પુષ્પ માળા. ૨૧

વ્યસન

અર્થાત્

માદક દ્રવ્ય

:લેખક:
જ્ઞાનેન્દ્ર 'સિદ્ધાન્ત ભૂષણ'

:પ્રકાશક:
મહુડા ગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ
મરોલી બજાર [જી. સુરત]

પ્રત ૫૦૦] મૂલ્ય ૦-૧૪-૦ [પ્રથમાવૃત્તિ

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક મળવાનાં ઠેકાણાં

(૧) મહા ગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ **મરોલી બજાર** (જી. સૂરત)

(૨) "વૈદિક જીવન" મુદ્રણાલય. **નવસારી**

:પ્રકાશિકા:
અનિલાદેવી આર્ય
મરોલી બજાર.
(જી. સૂરત)

:મુદ્રકઃ
લલ્લુભાઇ પરસોતમ કંસારા
"વૈદિક જીવન" મુદ્રણાલય
નવસારી(તા. ૨૦-૧૨-૪૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહર્ષિ દયાનન્દના અનન્ય ભક્ત

તેમજ

વૈદિક ધર્મના પ્રચાર માટે સતત પ્રયત્ન શીલ

શ્રી. બી. કે. પટેલ

એવં

શ્રી. જીવણજી ભગાભાઈને

સમર્પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. ને

પ્રેમ પહાર

તા. – –૧૯૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

卐 પ્રસ્તાવના 卐

જે દિવસોમાં દારૂના પીઠાંઓ પર ભારતની સંતાન પિકેટીંગ કરતી હતી તે સમયે મારી યોગ્યતા દારૂ પીનારાઓના તેમજ ગુજરાતની જનતાના સમક્ષ વિચાર ઉપસ્થિત કરી શકું એવી ન હતી. પરન્તુ ઈચ્છા અવશ્ય થતી કે તેમને જ્ઞાન આપવું જોઈએ તથા તત્સંબન્ધિત ગુજરાતી ભાષામાં સાહિત્ય - નિર્માણ કરવું જોઈએ.

એ દિવસો ગયા. મહા સભાના હાથમાં શાસન આવ્યું. તેમણે સત્તાથી દારૂ નિષેધની પ્રવૃત્તિનો આરંભ કર્યો અને કેટલાક અંશમાં સફળતા પણ મળી. સમ્પૂર્ણ સફળતામાટે તો વ્યસની જાતિઓના બાળકોને એમની બાલ્યાવસ્થામાં-જ એના વિરૂદ્ધ જ્ઞાન આપવું જોઈએ. તેમજ વ્યસનીને એના પ્રતિ તિરસ્કાર ઉત્પન્ન થાય એવી રીતનું સાહિત્ય સર્જન કરવું જોઈએ. જ્યારે શાસનમાં પરિવર્તન થયું ત્યારે કેટલાંક સ્થાનોમાં તો બમણા વેગથી દારૂનો પ્રચાર વધ્યો. મારી તો નમ્ર માન્યતા છે કે દરેક માદક દ્રવ્યનો ઉપયોગ બન્દ કરવામાં રાજ સત્તા કેવળ સફળ થતી નથી. એની સાથે સાથે બાળકોના કોમળ વિચારોમાં પણ પરિવર્તન કરવામાં આવે તોજ આજે નહીં ૨૦ વર્ષમાં પણ એ માદક દ્રવ્યનો ઉપયોગ બન્દ થઈ જશે. એ નિયમ છે કે બાળકોને જેવી છાપ એમના કોમળ મગજપર પાડશો તેવા વિચારો મોટી ઉમરે ખીલશે. મને સ્મરણ છે કે મારા બાલ્ય કાળમાં વડોદરા જેવા પાટ નગરમાં (આજથી ૨૫ વર્ષ પૂર્વે) નજીવી ચાની હોટલો હતી. કલાલોનાં પીઠાં પણ જોવામાં આવતાં નહીં. જે દારૂ આદિનો વ્યાપાર કરતા એમને પતિત માનવામાં આવતા હતા. ચા આદિના પ્રચારનું સૌથી પ્રથમ કારણ પ્રાથમિક સાહિત્યમાં ચાનો પ્રચાર કરવામાં આવ્યો છે. હું પણ એજ બાળપોથીથી ભણ્યો હતો. જેના અક્ષર જ્ઞાન પછીના પહેલાજ પાઠમાં **મા ચા પા.** કોમળ મતિ બાળકને ભણાવવામાં આવે છે. માં એને સમજાવતાં કહી રહી છે કે **ના, ભા મધ ખા.** પરન્તુ શાસકોને તો ચાનો પ્રચાર વધારવો હતો તેથી બાળકના મુખેજ ફરીથી એ વાક્યો બોલાવ્યાં કે છે **ના, મા ચા પા.** પરિણામતઃ આજે વડોદરામાં સેંકડો ચાની હોટલો દૃષ્ટિ ગોચર થાય છે. દારૂની વ્યાપકતામાટે થોડા ઘણા અંશે ડોકટરો પણ જવાબદાર છે. ૫ મા અને ૬ ઠ્ઠા ધોરણમાં શિખવવામાં આવતા ઇતિહાસમાં લખવામાં આવ્યું છે કે પ્રચીન સમયમાં આર્યો સોમ રસ પીતા હતા. આજના દારૂનેજ સોમ રસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેવામાં આવતો હતો. મહાભારતમાં પણ એનો પ્રચુર ઉપયોગ થતો જણાય છે. મધ્યકાળના રાજપુતો એને પીતા આવ્યા છે. મુગલ કાળના રાજાઓએ વારૂણીદેવીની આરાધના ખૂબ સ્નેહથી કરી હતી. આદિ.....” એનાં પરિણામ સ્વરૂપ આજે દરેક ગામમાં પીડાંઓ જેવામાં આવે છે. અને નગરોમાં પણ વિલાયતી દારૂની ઘણી દુકાનો વધેલી જણાય છે. **એના પ્રચારને રોકવામાટે બાળકોના પ્રારંભિક શિક્ષણમાં એના વિરૂદ્ધ જ્ઞાન આપવું જોઇએ.**

કાંઠાના ગામોમાં ધર્મ પ્રચાર કરતાં જણાયું કે સાંજના ૪ વાગ્યા પછી દેશ, જતિ વા ધર્મ સબંધી ચર્ચા કરી શકાતી નથી કારણ કે માદક દ્રવ્યનુ સેવન કરે છે. એમનામાં કોઈ પણ વિરોધ કાર્ય કરવું હોય તો સર્વ પ્રથમ એ લતમાંથી તેમને છોડાવવા જોઇએ. અન્યથા કોઈ પણ જતનું બીજ ઉગશે નહીં.

મારા મિત્ર **શ્રી. બી. કે. પટેલ** કે જેઓ હાલ આફ્રિકામાં રહે છે એમની ઉત્કટ ઇચ્છા છે કે લોકો માદક દ્રવ્યના ભયંકર પાશમાંથી છુટી દેશ, જતિ કે ધર્મના સાચા સૈનિક બની ભારત માતાને પરવશતાના લોખંડી પંજામાંથી છોડાવી સ્વતંત્રતા પ્રદાન કરાવે. એ ઉદ્દેશથી સાહિત્ય નિર્માણ કરવાની એમની પ્રેરણાને વશી ભૂત થઈ આ પુસ્તિકા લખાઈ છે.

હું માનું છું કે **વ્યસન** અર્થાત્ **માદક દ્રવ્ય** એ વિષયપર લેખની ઉઠાવવી એ સાહસ છે પરન્તુ કર્તવ્યાભિમુખ રહેવા પુરતુજ થોડા ઘણા વિચારો પાઠકોની સમક્ષ ઉપસ્થિત કરૂં છું અને માનું છું કે આ દિશામાં હજીએ સારાં બીજાં પુસ્તકોની આવશ્યકતા છે, અને ત્યારેજ માદક દ્રવ્યનો ઉપયોગ સમૂળો નાશ થશે અન્યથા સર્વ નાશ અવશ્યંભાવી છેજ,

આ પુસ્તક લખવામાં મને **વ્યસન અને વ્યભિચાર** નામક પુસ્તક દ્વારા સહાયતા મળી છે અતઃ એ પુસ્તકના લેખક તેમજ પ્રકાશકનો ધન્યવાદ માનુ છું. તેમજ મારા મિત્ર **શ્રી. શ્રુતબન્ધુ ‘શાસ્ત્રી, વેદ તીર્થ’**ની વિચાર શ્રેણિ દ્વારા પ્રાપ્ત સહયોગમાટે તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

આશા રાખવી અસ્થાને નથી જણાય કે મીલ માલિકો અને નાનાં મોટાં દરેક કારખાનાવાળાઓ પોતાના મજુરોમાં આ પુસ્તિકાનો પ્રચાર કરશે તો બન્નેને સમાન રૂપે લાભ પહોંચશે. દેશ અને જતિના ઉદ્ધારમાં ફાળો આપ્યા ગણાશે. પ્રત્યક્ષ રૂપે અબજો રૂપીઆ ગટરોમાં વેટફી નાંખવામાં આવે છે, એનો સદુપયોગ થશે અને પરોક્ષ રૂપે એ ભયંકર નિશાચરના પંજામાં ફંસાયેલા માનવોનાં સંતાન તેમજ મહિલાઓનો આશિર્વાદ મળશે.

એમાં જ્યાં પણ ત્રુટી જણાય તો સદ્‌ભાવનાથી લખી જણાવશો તો બીજી આવૃત્તિમાં દૂર કરવામાં આવશે. : : **લેખક** : :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—: પ્રકાશકના બે બોલ :—

જગદ્વન્દ્ય આર્ય મહર્ષિઓએ માનવ જીવનને સુખમય બનાવવા માટે અનેક સ્તુત્ય પ્રયત્ન કર્યા હતા. એમાં પેય તેમજ ભોજ્ય વસ્તુઓ પર સૂક્ષ્માતિસૂક્ષ્મ વિશ્લેષણ કરી તેમજ બુદ્ધિને ઉપયોગમાં લઈ ઘોષણા કરી હતી કે અન્નમયં હિ સૌમ્ય મનઃ આપોમયં વાક્ અર્થાત્ હે સોમ્ય! મનનું નિર્માણ અન્ન દ્વારા તેમજ વાણીની રચના જળ દ્વારા થાય છે. એની સત્યતાને સમજીને કોઇ કવિએ ગાયું છે કે:—

જૈસા ખાવે અન્ન વૈસા હોવે મન। જૈસા પીવે પાની વૈસી હોવે વાણી॥

આધુનિક યુગના મહાન સ્રષ્ટા ઋષિવર દયાનંદે સત્યાર્થ પ્રકાશના ૧૦ મા સમુલ્લાસમાં લખ્યું છે:—

વર્જયેન્મધુમાંસઞ્ચ ॥ મનુ ૨–૧૭૭॥

બુદ્ધિં લુમ્પતિ યદ્દ્રવ્યં મદકારી તદુચ્યતે॥

"જે પદાર્થ બુદ્ધિનો લોપ–નાશ કરે છે એનું સેવન કદીએ ન કરો." ભારતનું દુર્ભાગ્ય છે કે સમ્પૂર્ણ આર્યાવર્ત દેશમાં આર્ય–પ્રજાનો ઘણો મોટો ભાગ મદ્ય, તાડી ગાંજા, ભાંગ, ચરસ, અફીણ આદિનું માદક દ્રવ્યનું સેવન કરે છે. પરિણામ સ્વરૂપે પુરાતન આર્ય પ્રજાની સંમ્પૂર્ણ કલ્યાણકારિણી વિભૂતિઓ નષ્ટ થઇ ગઇ છે. શતાબ્દીઓની રાજનૈતિક ગુલામીને હિન્દુ પ્રજાએ નાશકારક પદાર્થોના સેવનથી પ્રાપ્ત કરી છે કારણ કે એ પદાર્થોના સેવનથી શરીરની શક્તિઓનો જ હ્રાસ થતો નથી પરન્તુ એની અસર એમની સંતાનો પર પણ ભયંકર રૂપે પડે છે. અર્થાત્ એમની સંતાન, નિર્બળ, નિસ્તેજ તેમજ અનેક ભયંકર રોગોથી યુક્ત ઉત્પન્ન થાય છે. એવી પ્રજાની પાસે કેવી રીતે આશા કરી શકાય કે તેઓ દેશની ધાર્મિક, સામાજિક, તેમજ રાજનૈતિક પરાધીનતાની ઝંજરી પૃથક્ કરી શકે. એને દૂર કરવાને માટે તો સ્થિર બુદ્ધિ, સાહસ, સાધના, સત્સંકલ્પ અને સદુદ્દેશ્ય પર બલિદાન થવાની પ્રબલ ઇચ્છાની આવશ્યકતા છે. માદક પદાર્થોનું સેવન કરનારાઓ ઉપર જણાવેલી વસ્તુઓથી સજ્જ થઇ સાચા સૈનિક અને એ કેવી રીતે સંભવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે ? આંખ, કાન, નાકવાળા મનુષ્યે શીશાઓના પેટમાં રેડવાનો જ્યાં પ્રારંભ કર્યો અને તરતજ પશુતાના તરફ અગ્રેસર થયો. એમની બુદ્ધિની સ્થિરતા રેતીના કિલ્લાના સમાન કડડ ભૂસ થઈ જાય છે. એની દૃઢતાના ગઢ પર એવી રીતનું ભયંકર આક્રમણ થયું હોય છે કે એના નાશનું ચિહ્ન પણ વિનષ્ટ થઈ ગયું હોય છે. એવી પરિસ્થિતિમાં કોઈ પણ પરાધીન જાતિ પોતાનો ઉદ્ધાર કેવી રીતે કરી શકે ?

સંભવતઃ વિજેતા જાતિઓ દાસ જાતિઓમાં અનેક પ્રકારના દુર્વ્યસનનો સંચાર કરે છે. હમણાંજ થોડા સમય પૂર્વેજ જાપાને ચીનમાં ચીનીઓને સાહસરહિત કરવાને માટે એજ અમોઘ અસ્ત્રનો ઉપયોગ સાધ્યો હતો. જાપાને એવી રીતની સિગારેટો તૈયાર કરી કે જેમાં અફીણના સત્વનો તેમજ કોકીનનો પાશ ચઢાવેલો હતો. એ સિગારેટોને જાપાનીઓએ વિમાનદ્વારા કેટલાંક સંસ્થાનોમાં વિના મૂલ્યે વિતરણ કરી અને કેટલાંક સ્થાનોમાં નામ માત્રનામૂલ્યે વહેંચવામાં આવી. જ્યારે ચીની સરકારને એનું જ્ઞાન થયું ત્યારે તેમણે એ સિગારેટોનું વિશ્લેષણ કરાવ્યું પરિણામતઃ ચીન સરકારે એનો નિષેધ એ રીતે કરાવ્યો કે એમાં અફીણ તેમજ કોકિનનું મિશ્રણ છે. ચીની પ્રજાનું યુદ્ધવિષયક મનોબળ નષ્ટ કરવાને માટેજ જાપાને આ ભયંકર–પશુતાથી યુક્ત માર્ગનું અવલમ્બન કર્યું હતું. એક માણસ દિવસમાં કારખાનામાં કાર્ય કરે છે સાંજે દારૂ કે તાડી પીએ છે. તે સમયે એની સમસ્ત કર્તૃત્વશક્તિનો નાશ થાય છે. બીજો માણસ દિવસમાં બુદ્ધિથી કાર્ય કરે છે અને સાંજે માદક દ્રવ્યનું સેવન કરી મસ્તકનું સંતુલન શક્તિને ખોઈ નાંખે છે. આવા મનુષ્ય કેવી રીતે બુદ્ધિ દ્વારા કાર્ય કરી શકે? પરમાત્માએ માનવ સહિતક, મન આદિ ઇંદ્રિયોને જે પરિસ્થિતિમાં બનાવ્યાં છે એને ગાંજા, ભાંગ, અફીણ, દારૂ, તાડી આદિ પદાર્થથી વિકૃત કરે છે. એની સમસ્ત શક્તિઓ નશા વખતે મૂર્છિત થઈ જાય છે. એ અવસ્થામાં મનોજન્ય કાર્ય કેવી રીતે કરી શકે ? એટલા માટેજ આર્ય ઋષિમુનિઓએ પાન–પાન પર વિશેષ ધ્યાન આપ્યું છે અને સંસારના અન્ય દેશોના વિધિ–વિધાનકર્તા મહાનુભાવોએ એના સમ્બન્ધમાં ધ્યાન આપ્યું નથી. અત એવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્ય સાહિત્યમાં માદક પદાર્થોની ભયંકર નિન્દા કરવામાં આવી છે. જ્યાં સુધી આર્યાવર્તમાં અંગ્રેજોનું પદાર્પણ થયું ન હતું ત્યાં સુધી લોકો દારૂ આદિ માદક દ્રવ્યને ઘણીજ ઘૃણાની નજરે જોતા હતા. જોકે અજ્ઞાનતા તેમજ મદૈશ્વર્યને કારણે ધીરે ધીરે માદક દ્રવ્યોએ પાદ પ્રવેશ કર્યો તો પણ તે સમયે ધાર્મિક ભાવનાના ભયથી લોકો દારૂ જેવા ભયંકર માદક દ્રવ્યથી બચ્યા હતા. આ લેખના લેખકને જ્ઞાત છે કે ઘણીએ ન્યાતિઓમાં ચોરી છુપીથી આજે પણ દારૂ પીવાય છે. અન્યથા એવા માણસોનો સામાજીક બહિષ્કારના માર્ગનું અવલમ્બન કરવામાં આવત. આજે પણ ભારતીય સમાજમાં કોઈ મદ્યપિ-શરાબી ઉંચું સ્થાન પ્રાપ્ત કરી શકતો નથી. ભારતના સંપ્રદાયાચાર્યોએ-બુદ્ધ, મહાવીર, શંકર, રામાનુજાચાર્ય, નિમ્બાલકાચાર્ય, માધવાચાર્ય આદિ તેમજ સૂરતુલસી, તુકારામ, નૃસિંહ મેહતા, નાનક આદિ સંતોએ તથા આર્ય ધર્મના ઉદ્ધારક, યુગપ્રવર્તક દયાનન્દે મદ્યાદિ-માદક દ્રવ્યોની અત્યધિક નિન્દા કરી છે. એકાદ સંપ્રદાયના વગર આર્યાવર્તના પ્રાયઃ પ્રત્યેક સંપ્રદાયે મદ્યાદિ મદોત્પાદક-બુદ્ધિ ભ્રમકારી વસ્તુઓની નિન્દા કરી છે. પરન્તુ દુઃખ તો એ છે કે એ ભયંકર હલાહલ દ્રવ્યોના સમ્બન્ધમાં જેટલો પ્રયત્ન કરવામાં આવે છે એટલો એનો પ્રચાર વધતોને વધતોજ જાય છે. એની વૃદ્ધિના કારણો બુદ્ધિમાન વ્યક્તિથી અજ્ઞાત રહી શકતાં નથી.

સંસારમાં સારી વસ્તુઓના પ્રચારને માટે ઘણા જ પ્રચારની આવશ્યકતા હોય છે એનું કારણ સમજાતું નથી? માનવ અધઃપતન પ્રતિ શીઘ્ર પ્રગતિ કરે છે. અને કદાચ પતનની સહાયક કોઈ શક્તિ મળે પછી તો કહેવું જ શું? લગભગ બે શતાબ્દીઓથી ભારતમાં અંગ્રેજો રાજ્ય કરે છે. એનો આચાર વિચાર, ખાનપાન-સાહિત્ય તેમજ સંસ્કૃતિનો પ્રત્યક્ષ પ્રભાવ તે ભારતીઓ પર પડવો સ્વાભાવિક છે કે જેઓ એમના સંસર્ગમાં રહે છે-એમની શિક્ષા-દિક્ષા આદિથી સમ્બન્ધિત રહે છે. એ લોકો ધનધાન્ય આદિથી યુક્ત હોવાથી સમાજમાં ધીરે ધીરે પ્રતિષ્ઠિત થઈ જાય છે અને તેઓ મદ્ય. ચા આદિ વ્યસનોમાં ફસાય છે. અને એમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારા સામાન્ય જનતામાં પણ એ દ્રવ્યો પ્રચલિત થાય છે. તેમજ હિન્દુસ્તાનની સરકાર ધન પ્રાપ્તિના સાધનભૂત હોવાને કારણે એના વિરુદ્ધ પ્રયત્ન કરતી નથી. અંગ્રેજ સરકારે ભારતીઓ માટે જેટલાં અહિતકર કાર્યો કર્યાં છે તેમાં સંભવતઃ માદક દ્રવ્યોનો પ્રસાર એ તો મોટામાં મોટો અક્ષમ્ય અપરાધ છે. ભારત સરકારે માદક દ્રવ્યોના પ્રચારમાં પ્રોત્સાહન આપ્યું છે. એનું પ્રમાણ આ પુસ્તિકામાં યથાસ્થાને કરવામાં આવશે.

પાછલા દિવસોમાં કોંગ્રેસ સરકાર ભારતના સાત પ્રાન્તોમાં બનાવવામાં આવી હતી એ સરકારે શાસનના નિયમોનો આશ્રય લઇ પોતપોતાના પ્રાન્તોના કેટલાંક સ્થાનોમાં માદક દ્રવ્ય નિષેધ પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો હતો. એનું કોઇ પણ જાતનું પરિણામ આવ્યા પહેલાં જ એમનું શાસન દૂર થઇ ગયું. અને એ જ એકાત્મકશાહી યા ગવર્નરશાહી ચક્રનો ફરીથી પ્રારંભ થયો. એ લોકોની વૃત્તિઓ કેટલી નીચી છે કે કોંગ્રેસી સરકારના આ શુભ કાર્ય પર પાણી ફેરવ્યું. અને કેટલાંએ પ્રાન્તોમાંથી માદક દ્રવ્ય નિષેધનો નિયમ ઉઠાવી મુકયો. લોકોએ ફરીથી મદ્ય, ભાંગ, ગાંજો, ચરસ, અફિણ આદિ વસ્તુઓનો ઉપયોગ શરૂ કર્યો. છતાં પણ એ વર્જીત પ્રદેશોમાં કેટલેક કેકાણે પહેલાના સમાન માદક દ્રવ્યનો પ્રચાર થયો નથી. જો કે કોંગ્રેસ સરકારથી પણ એક ભૂલ થઈ ગઈ હતી અને તે એ કે કેવળ નિયમનો આશ્રય લઇને જનતામાંથી માદક દ્રવ્યોનો નિષેધ કરવાનો વિચાર કર્યો હતો. સાધારણ પ્રજામાં સરળ ભાષામાં માદક દ્રવ્યોના અવગુણો અને એનો પ્રભાવ પર કોઈ વિશેષ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું ન હતું. તેમજ એવા લોકોના મનમાં એના પ્રતિ ઘૃણા ઉત્પન્ન થાય એવો પ્રચાર પણ કરવામાં આવ્યો ન હતો. જો નિયમની સાથે ઉપર કથિત પ્રયત્નોનો પણ પ્રચાર કરવામાં આવ્યો હોત. તો વધુ સફળતા પ્રાપ્ત થઈ શકત.

કદાચ આજે દેશમાં રાષ્ટ્રીય સરકાર હોત તો આ વ્યસનોનું ઘણા અંશોમાં નિકન્દન થયું હોત. મનુષ્યતાના નામ પર વિદેશી સરકારનું પણ કર્તવ્ય છે કે જ્યારે દેશમાં લોકો ભૂખે મરતા હોય (પાછલા દિવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમાં એકલા બંગાળમાંજ ૩૫ લાખ મનુષ્યો ભૂખે મરી ગયા) તો પછી સરકારે એવો નિયમ બનાવવો જોઇએ કે જેથી અફીણની તેમજ તમાકુની ખેતીજ એકદમ બન્દ થઇ જાય. એનું પરિણામ લાખો એકર ભૂમિમાં માનવ સંહારક વિષ (માદક દ્રવ્યોની ઉત્પત્તિ દ્વારા) ઉત્પન્ન કરવામાં આવે છે એના બદલામાં અન્ન પૈદા કરવામાં આવે તો લાખો ભારતીઓના પ્રાણોની રક્ષા થઈ શકતઃ, પરન્તુ વિદેશી સરકારને તો ટેકસની જરૂર છે એને તો જનતાના પ્રાણોની શી પરવાહ? અમે હમણાં પણ ચેતાવીએ છીએ કે યુદ્ધ ઓછામાં ઓછા ૨–૩ વર્ષ સુધીમાં સમાપ્ત થશે નહીં. બંગાળના સમાન સમસ્ત ભારતવર્ષમાં અવસ્થા આવી શકે છે. અંતઃ સરકારે તેમજ જનતાએ સર્તક થઇ જવું જોઇએ તમ્બાકુ આદિની ખેતી પર એકદમ સખ્ત અંકુશ મુકવો જોઈએ–અને એના બદલે વધારેમાં વધારે ધાન્ય ઉત્પન્ન થાય એવો પ્રયત્ન કરવો જોઈએ.

આ પુસ્તિકાની આવશ્યકતા તો ઘણાં સમય પૂર્વથી જ હતી, સરળ ગુજરાતીમાં દારૂ, તાડી, ગાંજો, ભાંગ, તમ્બાકુ આદિ વ્યસનના સમ્બન્ધમાં સાહિત્ય સાધારણ જનતાના હાથમાં મુકવામાં આવે તો વિશ્વાસ છે કે અનેકો મનુષ્યોનું પરિવર્તન થઈ શકત. અને એ માણસો એના વિરૂદ્ધમાં પ્રચાર કરત. વિશેષ રૂપથી ગુજરાતમાં મદ્યાદિ માદક દ્રવ્યોનો ધીરે ધીરે ખૂબ પ્રચાર વધી રહ્યો છે. પહેલાં ઉંચી શ્રેણીમાં ગણાતા મનુષ્યોમાં એનો પ્રચાર નજીવો હતો પરન્તુ હવે તો દિવસો દિવસ વૃદ્ધિને પામતો જાય છે. પછાત વર્ગ તેમજ મજૂર જનતામાં તો આ ભયંકર હલાહલ મારક વિષે તો પોતાના અડ્ડો ઘણીજ દૃઢતાથી જમાવ્યો છે. એને ઉખેડી ફેંકવા માટે તો અતિશય પ્રયત્નની આવશ્યકતા છે.

વર્તમાન સમયમાં મજુરોને અમદાવાદ, વડોદરા, નડિયાદ, નવસારી, મુંબઈ આદિ નગરોમાં માસિક પગારનાં કરતાં ત્રણથી ચાર ગણું મોંઘવારી ભથ્થુ મળે છે પરન્તુ સુધારક પ્રવૃત્તિના અભાવના કારણે મજુરોની પાસે માસના અન્તમાં એક પૈસો પણ રહેતો નથી. દારૂની ગંદી ગટરમાં તેઓ પોતાના પૈસાને ફેંકી દે છે. પોતાની સ્ત્રી તેમજ બાળકોના ભવિષ્યના સમ્બન્ધમાં તેમના હૃદયમાં કોઇ પણ પ્રકારની ભાવના જ પૈદા કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી નથી. તો પછી એ અજાની શું સમજે? આ દોષ સમાજના બુદ્ધિજીવી મનુષ્યોનો છે કે જેઓ મજુરોના પરિશ્રમનો લાભ તો ઉઠાવે છે અને ગાડી, લાડી અને વાડીનો ઘણુજ આનંદથી ઉપભોગ કરે છે; પરન્તુ મજુરોના કલ્યાણને માટે કાંઇપણ કરતા નથી. અસ્તુ.

આ નાની પુસ્તિકા દ્વારા ભારતીય સમાજના કોઇપણ ભાગને લાભ પહોંચશે તો હું મારો પરિશ્રમ સફળ સમજીશ.

તા. ૧-૬-૪૪
મરોલી બજાર,
(જી. સૂરત)

: પ્રકાશિકા :
અનિલાદેવી આર્ય
મહાગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ.

卐★卐

જીવનને ઉન્નત બનાવનારૂં

ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી સાહિત્ય

: મેળવવાનું સ્થાન :

મહા ગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ

મરોલી બજાર (જી. સૂરત)

સુન્દર અને શુદ્ધાશુદ્ધનું ધ્યાન રાખી પુસ્તકો તેમજ જોબીંગ (પરચુરણ) છપાઈ કાર્ય ઉચિત ભાવે કરનાર

વૈદિક જીવન મુદ્રણાલય, મરોલી બજાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

— व्यसन —

अर्थात्

— मादक द्रव्य —

मद्य – दारू

मद्यनो इतिहासः—

ઇતિહાસની દૃષ્ટિએ અવલોકન કરવામાં આવે તો જણાશે કે મદ્ય–દારૂ ઘણા જુના કાળથી ચાલતો આવ્યો છે. એનો પ્રચાર અતિ પ્રાચીન કાળથી છે એટલા માટે એ ગ્રહણ કરવા યોગ્ય છે. કોઈ પણ બુદ્ધિમાન આ યુક્તિનો સ્વીકાર કરી શકશે નહીં. કારણ કે દારૂની જેટલી પ્રાચીનતા બતાવવામાં આવે છે તેટલુંજ એનું ખંડન પણ પુરાતન છે. સંસારના એક બે સમ્પ્રદાયોને છોડીને કોઇ પણ સમ્પ્રદાયમાં દારૂને ઉંચી દૃષ્ટિથી–ઉત્તમ માનવામાં આવ્યો નથી. વેદ, કુરાન, મનુસ્મૃતિ, ધમ્મપદ આદિમાં એની ઘણીજ નિન્દા કરવામાં આવી છે. એ એટલી બધી ભયંકર વસ્તુ છે કે એના અત્યધિક પ્રચારથી કેટલીએ જાતિઓ પૃથિવીની સપાટીથી હમેશને માટે અનન્તની ગોદમાં વિલીન થઈ ગઈ છે. ઉદાહરણ માટે દુર જવાની આવશ્યકતા નથી રાવણના સમાન મહાન શક્તિશાળી અને બુદ્ધિમાન રાજાની બુદ્ધિને નષ્ટ કરી પતન પ્રતિ લઇ જવાનો દોષ શૂર્પણખાનેજ નહીં પરન્તુ મુખ્યરૂપથી દારૂને ગણવામાં આવે તો અનુચિત ન કહિ શકાય. એ પ્રબળ રાક્ષસ જાતિના પરાભવનું મુખ્ય કારણ મદ્ય જ છે. રામાયણ વાંચવાથી પ્રતીત થાય છે કે યુદ્ધમાં મદાંધ રાક્ષસ લોકો દારૂડિઆના સમાન (લથડીઆં ખાતાં) બુદ્ધિશૂન્ય થઈને લડતા જણાય છે. પરિણામતઃ આટલી શક્તિશાળી જાતિ જંગલના સામાન્ય મનુષ્યો દ્વારા યુદ્ધમાં પરાજયને પ્રાપ્ત થઇ. એટલુંજ નહીં પરન્તુ એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનથી પણ હાથ ધોવા પડ્યા. મહાભારતનું અધ્યયન કરો તો જણાશે કે યાદવોનું મહાન સામ્રાજ્ય અને યાદવ જાતિ કેવી રીતે ભારતીય ઇતિહાસના પૃષ્ઠો પર અંકિત માત્ર છે. એ દુષ્ટ ભયંકર રાક્ષસના પ્રતાપેજ મહાન મોગલ મહા રાજ્યનું પતન થયું – જહાંગીર શાહજહાંન આદિ રાજાઓ એજ નિશાચરના પંજામાં પડી પોતાનો નાશ કર્યો અને ભારતીય પ્રજાને સદાનેમાટે અવનતિના ઉંડા ગર્તમાં ધકેલી મુકી તેમજ દેશને પરાધીન બનાવ્યો.

બાપ્પા રાવલ, રાણા સંગા, વીર પ્રતાપસિંહ અને દુર્ગાદાસ જેવા નરવીરોને ઉત્પન્ન કરનાર રાજપુત જાતિ કે જેના શૌર્યપર કેટલાએ રપાર્ટા અને એથેન્સ વારી મુકાય એવી દુર્દમ્ય જાતિને પણ દારૂ અને અફીણ રૂપી રાક્ષસોએ પોતાની નાગચૂડમાં જકડી લીધા. એ માદક દ્રવ્યનો જે ઘરમાં, જાતિમાં કે દેશમાં પદાર્પણ થયું છે તે ઘર, જાતિ કે દેશમાં વ્યભિચાર, મિથ્યાવાદીતા, કુટ આદિનો અડ્ડો જામ્યો છે. જ્યાં પોતાનાં જનનો નાશ કરે છે એની સાથે સાથે દેશ અને જાતિની સ્વાધીનતાના આનન્દનો નાશ કરી જાતને માટે પરવશતાની લોખંડી બેડીઓ પહેરીલે છે.

પ્રસન્નતા તો કેવળ એ છે કે હવે એ માદક દ્રવ્યના પ્રચારનો નાશ કરવાનેમાટે આ સારની સમસ્ત ધર્મ સભાઓ એ બીડુ ઝડપ્યું છે તેમજ વિજ્ઞાન પણ એ માદક પદાર્થોના નાશનેમાટે કમર કરીને અખાડામાં ઉતરી પડ્યું છે. પરિણામતઃ વિજ્ઞાન મદ્યના કાન પકડીને સંસારમાંથી ખદેડી રહ્યું છે અત એવ આશા રાખી શકાય કે નિકટ ભવિષ્યમાં દારૂ નષ્ટ થઈ જશે. પરમાત્મા કરે કે માદક દ્રવ્યના સેવન રૂપ વ્યસનને એવા ઉંડા ખાડામાં દાટી દે કે તે કદિએ કોઇ પણ કેકાણે માથું ઉચકી શકે નહીં.

મદ્ય-દારૂની બનાવટઃ—

મદ્ય બંડજ (Starch) જે પદાર્થોમાં વિશેષ હોય છે તેમાંથી બનાવવામાં આવે છે. ઘઉં, જવ, મોટી અને નાની લાલ દ્રાક્ષ, ચોખા, જુવાર, મક્કાઇ, મહુડાં, ગોળ આદિ પદાર્થોમાં બંડજ ઘણું વધારે છે. તેથી એ પવિત્ર પદાર્થને કેટલાએ દિવસ સુધી પાણીમાં રાખી સડવા દે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એમાંથી એક પ્રકારનો જન્તુ પૈદા થાય છે. એને યીષ્ટ (Yeast) કહેવામાં આવે છે. એ જન્તુ દારુ બનાવે છે. એ ઘણાજ વેગથી પોતાની સંતતિ ઉત્પન્ન કરે છે અને પેય પદાર્થમાં સર્વત્ર વ્યાપ્ત થઈ જાય છે. અને મંડજ બાઈ પોતાનો જીવન વ્યાપાર — પ્રાન પ્રાન તેમજ મળ-મૂત્ર વિસર્જન આદિ એમાંજ કરે છે. એ પદાર્થમાં બે જાતના પદાર્થ ઉત્પન્ન થાય છે, [૧] દૂષિત વાયુ. જેને કાર્બોકસાઇ કહેવામાં આવે છે: [૨] એલકોહોલ કે જે ભયંકર હલાહલ-વિષ છે. એ ઉત્પન્ન થતાંજ પોતાના જનક યીષ્ટ જન્તુપર આક્રમણ કરે છે. અને જ્યારે હજારે ૧૪ ટકા જેટલો વધી જાય છે ત્યારે એ મલાત્મક તીવ્ર વિષને કારણે એ જન્તુઓ મરણને શરણ થાય છે. એના મરી ગયા પછી એલકોહોલ બનવા બન્ધ થઈ જાય છે. એ પાણીના સમાન સ્વચ્છ અને પળી શકે એવો પદાર્થ હોય છે. દારૂમાં દુર્ગન્ધ આવે છે. એને દૂર કરવાનેમાટે એમાં સુગન્ધિત પદાર્થોનું મિશ્રણ કરવામાં આવે છે અત એવ એ સુગન્ધિત હોય છે. મદ્યને વધારે માદક બનાવવો હોય તો એમાંથી યંત્ર દ્વારા અર્ક કાઢવાથી બને છે.

તાડીની બનાવટઃ—

તાડી ખજુરી, નાળીએર, તાડ આદિ વૃક્ષોમાંથી બનાવવામાં આવે છે. એ ઝાડોમાં જ્યાં ફળ લાગે છે તે ભાગને છોલી કાઢી એના રસને વાસણમાં આખી રાત ઝરવા દે છે. થોડા સમયમાં યીષ્ટ નામનો જન્તુ ઉત્પન્ન થાય છે. એ રસને સૂર્યનો તડકો જેમ લાગતો જાય છે તેમ તેમ એ સડતી જોય છે અને એમાં ફીણ આવતું જાય છે. એમાંથી દુર્ગન્ધ નિકળે છે. સ્વાદમાં એ ખાટી હોય છે. એમાં પ્રત્યેક હજાર ભાગમાં ૧૪ જેટલા એલકોહોલ પૈદા થયેથી જન્તુ મરી જાય છે. અને એમાં માદકતા આવે છે, એને તાડી કહેવામાં આવે છે.

વૈજ્ઞાનિકોનું પરીક્ષણઃ—

થોડા સમયથી દારૂના સમ્બન્ધમાં પશ્ચિમીય જગતમાં ઘણો ઉહાપોહ થયો છે અત એવ સંસારના વૈજ્ઞાનિકો તેમજ ડાકટરોનું ધ્યાન એના પ્રતિ આકર્ષિત થાય એ સ્વભાવિક છે. સંસારના મોટા ડાકટરોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકાર કર્યો છે કે **એલકોહોલ** નામક વિષ કેમળ તન્તુઓવાળા **માનવોનેમારેજ સંહારક નથી પરન્તુ** પ્રાણિ માત્રનેમાટે સંહારક છે. ફિલેડેલ્ફિયાના મોટામાં મોટા વૈજ્ઞાનિક તેમજ ડોકટર **શ્રી. બેન્જ-મીન રશ** મહાનુભાવે એલકોહોલ પર સર્વ પ્રથમ વૈજ્ઞાનિક પરીક્ષણ-દ્વારા પ્રકાશ નાંખ્યો છે. અને **માનવ સમાજપર દારૂનું દુષ્પરિણામ** નામક પુસ્તકમાં લખે છે કે **માનવમાટે અર્કના રૂપમાં** કાઢવામાં **આવેલો દારૂ ઘણોજ ઘાતક** છે. ત્યાર પછી સ્વીડનના ડોકટર **શ્રી. મગનસ હુસબે** પોતાનાં પુસ્તકમાં **આધુનીક મદ્ય-પાનને ઘણોજ હાનિકર બતાવ્યો** છે.

તત્પશ્ચાત્ રપ વર્ષે લન્ડનના ડોકટર **શ્રી. બેન્જમીન બોર્ડ રી-ચર્ડસન**એ પોતાના અનેક વર્ષોના પ્રયોગોના અન્તે એલકોહોલના સંબંધમાં નિમ્ન લિખિત અભિપ્રાયને પ્રસિદ્ધ કરી માનવ સમાજપર મહાન ઉપકાર કર્યો **છે. એલકોહોલ ઉત્તેજક પીણું જ નથી પરન્તુ શરીરના રક્ષક જીવાણુને મારી નાંખી શરીરને મૂર્છિત બનાવનારૂં વિષ છે એને કોઈ પણ પ્રકારે અથવા કોઈ પણ માત્રામાં લેવામાં આવશે તો પણ એની શરીરપર વિષના સમાન અસર થશે.**

આ પ્રયોગનાં અન્તે ડો. રિચર્ડસને સદાનેમાટે દારૂને તિલાંજલિ આપી દીધી. પાશ્ચાત્ય જગતમાં દારૂ નિષેધ આન્દોલનના પ્રવર્તક પણ એજ મહાનુભાવને માનવામાં આવે છે. અમેરિકાના ડો. નેવિસે એ આન્દોલનને ઘણું વેગવન્તુ બનાવ્યું છે. પરિણામ એ આવ્યું કે સન્ ૧૯૨૫ની ડોકટરોની ધી ગ્રેટ કમીટી ઓન્ ધી અમેરીકન ફાર્મોકોપીઆ (The Great Committee on the American Farmo-copiya) નામક સમિતિએ **દારૂને દવાઓનાં સૂચિ પત્રમાંથી પણ કાઢી નાંખ્યો.** આનાં પરિણામ સ્વરૂપે **સંસારના** ડોકટરોમાં પ્રચંડ આન્દોલનનો પ્રારંભ થયો અને ડોકટરો પ્રયોગો કરવા લાગ્યા. પરિણામ નીચે લખ્યા પ્રમાણે છે:—

દારૂનું વિષ (એલકોહોલ) ક્ષય, ન્યૂમોનિયા, વિષમ જ્વર, વિસૂચિકા લૂ તથા પેટ, કાળજું, ગુર્દા, હૃદય, રક્તવાહિનીઓ, સ્નાયુ તથા મસ્તકના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાએ રોગોનું જનક તેમજ પોષક છે. (એની ચર્ચા આગળ કરવામાં આવશે.) જેમણે પરીક્ષણો કર્યાં છે, તેમાંનાં કેટલાંક નામોનો ઉલ્લેખ કરવો અસ્થાને ગણી શકાય નહીં અતઃ અત્રે ટાકું છું:—

અમેરિકાના શ્રી. ડો. ક્રોદર્સ, ડો. વેલ્ક અને ડો. ચિટેણ્ડન; ગ્રેટ બ્રિટનના ડો. મૂર હેડ, ડો. હોર્સલી, ડો. વૂડ હેડ; ફ્રાંસના ડો. બેર્ટિલેન, ડો. બોડેશન, બ્રોરેડેલ અને ડો. મેગનન; વિયાનાના ડો વિયસેડમ, સ્ટોકહોમના ડો. હેન્સમેન, પ્રશિયાના ડો. ગેટસ્ડેટ અને સ્વિઝરલેન્ડના ડો. ફોરેલ આદિ મહાનુભાવો સમ્મિલિત હતા.

પરન્તુ દારૂની ભયંકરતાનું જ્ઞાન ત્યારે વિશેષ રૂપથી થયું કે જ્યારે યુરોપનાં કેટલાએ ઉન્નત રાષ્ટ્રોએ પોતાના મજુર વર્ગની કાર્ય કર્તૃત્વ-શક્તિનું નરીક્ષણ કર્યું; અને પ્રતીતિ થઇ કે જે મજુરો દારુ પીતા નથી એમનું સ્વાસ્થ્ય અને કાર્ય કરવાની શક્તિ પીનારા મજુરો કરતાં કેટલીએ ઘણી વધારે જણાઇ. આ પરીક્ષણે સંસારના રાષ્ટ્રોની આંખો ઉઘાડી છે. આજે સંસારમાં ભાગ્યે કોઇ એવો દુર્ભાગી દેશ હશે કે જ્યાં સરકાર વિધાનના રૂપમાં દારુનો પ્રચાર કરતી હશે. આજે તો સ્વતંત્ર રાષ્ટ્રોએ પોતાની સેના, નાવિક સેના, રેલ્વે તેમજ રાજ્યના બીજા વિભાગોમાંથી એને દેશવટો આપ્યો છે, અને જ્યાં કેટલેક ઠેકાણે શિથિલતા જોવામાં આવે છે એનું કારણ પણ શાસક વર્ગ છે. એમનાં કેટલાક અધિકારિઓ એ લતમાં ફસાયેલા છે. આજે તો સંસારના વિદ્વાનો છાતી ઠોકીને કહે છે કે દારૂડિયા રાષ્ટ્રોનેમાટે બેજ માર્ગ છે. જો તેમને ભાવી કલ્યાણની આશા અને ઇચ્છા છે તો તેઓ દારુને પ્રથમ ક્ષણમાં સદાને માટે તિલાંજલિ આપે અને પોતાને તેમજ પોતાના રાષ્ટ્રને સર્વ નાશથી બચાવે. અન્યથા દારુ તેને અને એ રાષ્ટ્રને હડપવાને રાક્ષસના સામનમુખ ફાડીને ઘણાજ વેગથી દોડતો આવી રહ્યો છે. જો તેઓ દારુને નહીં છોડશે તો ભૂત કાળના મહાન સામ્રાજ્યો તથા મહાન જાતિઓના સમાન પૃથિવી-પર પોતાનું નામ માત્રજ અવશેષ રાખશે.

શરીરની રચના:—

પ્રાણીઓનું શરીર પ્રકૃતિની શ્રેષ્ઠ રચના છે. અને એમાં પણ મનુષ્યના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરની રચના સર્વોત્કૃષ્ટ છે. પરમેશ્વરની અન્તિમ કૃતિ મનુષ્ય દેહ છે. એના પ્રત્યેક અંગના સમ્બન્ધમાં વિચાર કરીએ તો જણાય છે કે એનું નિર્માણ કેવી રીતે કર્યું હશે? એના રહસ્યને સમજવા ભલા ભલા વૈજ્ઞાનિક યોગી આદિ મહા પુરૂષો પણ અસમર્થ છે અત એવ શરીર શાસ્ત્રના કોઇ અંગ્રેજ લેખકે લખ્યું કે **એ ઈશ્વરનું જીવિત મન્દિર છે.** [The living temple of God.] જે મનુષ્યે પોતાના શરીરના રહસ્યને સમજી લીધું તો નિશ્ચય રૂપે એણે પરમેશ્વરને તેમજ એની મહત્તાને જાણી લીધી છે.

જીવિત શરીર એક રાષ્ટ્ર છે. એમાં ભિન્ન ભિન્ન વિભાગ એવં વિભાગાધ્યક્ષ આદિ હોય છે. તેમજ આ શરીરમાં પણ છે. જે રાષ્ટ્રમાં બધાજ વિભાગોમાં વ્યવસ્થિત રીતે કાર્ય ચાલ્યા કરે છે તો એ સુરાષ્ટ્ર છે તેમજ શરીરમાં પણ બધાજ અવયવો ચારૂરૂપેણ કાર્ય કરે તો એને સુશરીર કહી શકાય. રાજ્ય અનેક નાગરિકોથી તેમજ શરીર અનેક જીવાણુ સંઘથી બનેલું છે. અંગ્રેજીમાં એને સેલ (Cell) કહે છે. એ જીવાણુ સંઘ ભિન્ન ભિન્ન વિભાગોને ચલાવે છે એમાંના કેટલાક જીવિકાર્જનમાં લાગ્યા હોય છે યથા મોં, પેટ, અન્નાશય, ફેફસાં આદિ ભોજન, પાણી અને શુદ્ધ વાયુને શરીરમાં પહોંચાડે છે. બીજા કેટલાક ઉપયોગી વસ્તુઓને યથા સ્થાન પહોંચાડે છે જેમકે હૃદય, કાળજુ, અને ત્વચાદિ. શેષ વ્યવસ્થા સ્થાપન, સુસંચાલન, રક્ષા તેમજ આરોગ્ય પાલનમાં રચ્યા પચ્યા રહે છે. યથા મસ્તક, કરોડ અને સ્નાયુ આદિ.

જીવાણુની રચના:—

જીવાણુ પ્રોટોપ્લાઝમ (Protoplasm) નામક સજીવ દ્રવથી બનેલો હોય છે. પ્રત્યેક જીવાણુની આસ પાસ અ-પારદર્શક દ્રવ હોય છે, કેન્દ્રની શુદ્ધિ તેમજ નિરોગીતાપર જીવાણુની નિરોગીતા નિર્ભર છે અને જીવાણુની નિરોગીતાપર શરીર નિરોગી એવં બલિષ્ઠ હોય છે.

પ્રોટોપ્લાઝમનો ઉત્પાદક પ્રોટીન છે. પ્રોટીનમાં કાર્બન, ઓક્સીજન, નાઇટ્રોજન અને હાઇડ્રોજન આદિ તત્વોનો સમાવેશ થયેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારૂની જીવાણુપર અસરઃ—

જીવાણુ પ્રોટોપ્લાઝમ નામક દ્રવથી બનેલો છે, એ સર્વથી ચુકયા છે. એને દારૂનો સ્પર્શ થતાંજ એમાંના પાણીનું શોષણ થાય છે. એ ક્રિયાથી એના શરીરને કેવળ હાનિ થતી નથી પરન્તુ એના જીવન વ્યાપારમાં ઘણા વિઘ્નો આવે છે, એનો પ્રતિકાર એ કરી શકતો નથી. પ્રત્યુત સ્વયં રોગી કે મૂર્છિત થઈ મરી જાય છે. એક પછી એક અનેક જીવાણુઓના મરણથી શરીરનો પણ નાશ થાય છે. કારણકે પાળા સર્જી આવ્યા છે તેમ એ જીવાણુઓ શરીરના રક્ષક તેમજ પોષક છે.

દારૂની ઈંડાપર અસરઃ—

ઈંડાપર દારૂ નાંખવામાં આવે તો એમાંથી પ્રાણીની ઉત્પત્તિ થતી નથી અર્થાત્ એમાં રહેલો જીવાત્મા મરણને શરણ થઈ જાય છે.

દારૂની રસનેન્દ્રિય પર અસરઃ—

દારૂનો ઘુટડો મોંમાં જતાંની સાથે અંદરની લાલ ચામડીને ચકેદ અને મૂર્છિત—જ્ઞાન રહિત બનાવે છે તેમજ સ્નાયુઓને તીક્ષ્ણ આઘાત પહોંચાડે છે. રસ નિર્માણ ક્રિયા અવ્યવસ્થિત થઈ જાય છે. એટલુંજ નહીં પરન્તુ શરીરની બધીજ ઇન્દ્રિયો તેમજ સ્નાયુઓની બધીજ ક્રિયામાં ગરબડ થઈ જાય છે તેમજ અવ્યવસ્થિતપણે પ્રતિકાર કરવામાટે તૈયાર થાય છે. કારણકે નિયમ છે યથા પિણ્ડે તથા બ્રહ્માણ્ડે—શરીર અને બ્રહ્માંડની રચના તેમજ કાર્ય એક સમાન છે. જગતમાં જોઇએ છીએ કે બહારનો કોઇ શત્રુ આક્રમણ કરે છે, તો ત્યાંની સમસ્ત પ્રજા પોતાનું કાર્ય છોડીને પ્રતિકાર માટે સજ્જ થાય છે તદ્વત્ શરીરમાં પણ કાર્ય થાય છે.

દારૂની જહરપર અસરઃ—

ભોજનના પછી કે પહેલાં પીવામાં આવતો મદ્ય કે તાડી જહરના કામળા મહત્વ પૂર્ણ સ્નાયુઓને શક્તિ હીન બનાવે છે. જહરનું કાર્ય અન્નને પાચન કરી રસ બનાવવાનું છે. અન્ન એમાં આવતાંજ રસના ઝરણો વહે છે. એ ભોજનને પચાવવામાં ઘણીજ સહાયતા કરે છે. પરંતુ દારૂને કારણે એ સ્નાયુઓ મૂર્છિત થઇ જવાથી રસ ઝરણનું કાર્ય બન્ધ થઇ જવાથી એ અરૂચ થઈ જાય છે. અન્ન એવ દારૂ પાચન કાર્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણાજ વિઘ્નો ઉભાં કરે છે. દારૂ પેય પદાર્થ ન હોવાને કારણે જઠરનો કોઈ પણ રસ કે કોઇ ક્ષાર દારુના વિષ એલકોહોલને પચાવી શકતો નથી.

દારૂની રક્તવાહીનીઓ પર અસરઃ—

લોહીનો સંચાર રક્ત–વાહીનીઓ દ્વારા થાય છે. બધાજ અવયવોમાં રક્ત–વાહીનીઓ હોય છે. એનું કાર્ય શુદ્ધ લોહી તેમજ રસને શરીરના બધાજ અવયવોને તેમજ તેમાંથી ખરાબ લોહીને ફેફસાંમાં પહોંચાડવાનું હોય છે. જે અવયવોમાં દારુ પહોંચે છે. એ અવયવની રક્ત–વાહીનીઓ એકદમ મૂર્છિત થઇ જાય છે. મૂર્છિત થઇ જવાથી લોહી કે રસ આદિમાં આદાન પ્રદાનનું કાર્ય થઇ શકતું નથી. એ કાર્યના અભાવે અવયવો પણ પોતાના કાર્યને સારી રીતે કરી શકતા નથી. દારુ અતિશય ગરમ હોવાને લીધે એમાંની નાની નાની શિરાઓ કે ધમનીઓ તો ઘણી વખત તુટી જાય છે. જ્યારે એ રસનું શોષણ તેમજ પોતાની અશુદ્ધિને પણ દૂર કરી શકતી નથી ત્યારે એ અવયવોનો જીવાણુ સંઘ દુર્બળ તેમજ નવ સર્જનના કાર્યમાં અસમર્થ બની જાય છે. રક્ત–વાહીનીઓની ત્વચાપર દારુનો સ્પર્શ થતાંજ એ નિર્જીવ બની ખરી પડે છે. બીજી નવી ત્વચા આવે છે, પરન્તુ વારં વાર દારૂ પીવાને કારણે એની પણ પહેલી ત્વચાના સમાનજ દુર્ગતિ થાય છે. એવી રીતે રથના ચક્રના સમાન ક્રિયા ચાલ્યા કરે છે. એ ધમનીઓ તેમજ શિરાઓ ધીરે ધીરે નિર્બળ થઈ નાશને પ્રાપ્ત થાય છે. નાશ થવાથી એ મૃત દેહમાંથી એક પ્રકારનું વિષ ઉત્પન્ન થાય છે. એના અવયવો તેમજ સ્નાયુઓ વિષ યુકત બની આખા દેહને વિષ યુકત બનાવે છે. યથા ગર્ભિણી સ્ત્રીના શરીરમાં મૃત બાળકનું વિષ એના સમસ્ત દેહમાં પ્રસરી જાય છે. અને શીઘ્ર મરી જાય છે. પરન્તુ દારૂડીઓ એના સમાન શીઘ્ર મરતો નથી કારણ કે જીવાણુનું શરીર ઘણુંજ નાનું હોય છે. છતાં પણ આપણે હજારો દારૂડીયાઓને એમની ખીલતી જુવાનીમાં મરતા જોઈએ છીએ. એનું કારણ પણ દારુજ છે.

દારૂની લોહી પર અસરઃ—

૨૦ ટકા જેટલો એલકોહોલ ઉદરમાં જતાંજ એ લોહીની સાથે મિશ્રિત થઇ જાય છે. અને ૮૦ ટકા જેટલું આંતરડાં આદિની ક્રિયાઓ થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એ લોહીમાં પ્રવેશ કરે છે. આ પ્રમાણે લગભગ ૩૦ થી ૯૦ મિનીટ સુધીમાં એ દારુ સમ્પૂર્ણ રીતે લોહીમાં પ્રવેશે છે. એમાં મિશ્રણ થતાંજ પોતાના ઝેરનો પ્રભાવ ઓક્સીજન તેમજ લોહીમાં રહેતા પાણીપર પડે છે — એનું બન્નેનું શોષણ થાય છે. અત એવ લોહી ઘાટુ થાય છે. — પ્રોટીન અને એલ્બ્યૂમીનને ગાઢુ બનાવે છે. લોહી જાડુ થઇ જવાથી એની ઘણીજ મન્દ ગતિ થઇ જાય છે. એથી શરીરમાં સ્ફુર્તિ આવતી નથી તેમજ અવયવોને પોષણ મળતું નથી. જે વસ્તુ જ્યાં પડી હોય છે. ત્યાંની ત્યાં રહે છે. અત એવ રક્ત વાહીનીઓ સુજી જાય છે. કચરો પણ જમા થતો જાય છે. એથી શરીર જાડું થાય છે એમ જણાય છે; પરન્તુ વસ્તુતઃ શરીર નિર્બળ થતું જાય છે.

દારૂની હૃદય અને ફેફસાં પર થતી અસરઃ—

પ્રતિ શતક ૨ એલ્કોહોલ લોહીમાં પ્રવેશ કર્યેથી ૧ મિનીટમાંજ કાર્ય શકિત ઓછી થતી જણાય છે. અને જ્યારે એ કંઠે ૬ વિભાગમાં પ્રવિષ્ટ થાય છે તો હૃદયની શકિત એટલી બધી ઓછી થયેલી જણાય છે કે પોતાની રક્ત વાહીનીઓને સારી રીતે પોષક તત્વ પહોંચાડી શકતું નથી. એટલા માટે હૃદયમાં સોજા આવે છે. ફેફસાંઓની પણ એવી દુર્ગતિ થાય છે. પરિણામતઃ એ સરળતાથી લોહી પણ શુદ્ધ કરી શકતું નથી. સ્વચ્છ લોહીના અભાવે શરીર નબળું પડતું જાય છે.

દારૂની મસ્તક પર અસરઃ—

મનુષ્યના શરીરમાં બે પ્રકારની ઇન્દ્રિયો છે. જ્ઞાનેન્દ્રિય તેમજ કર્મેન્દ્રિય બન્નેનાં કાર્ય કરવાનાં સ્થળ જુદાં જુદાં છે.—આંખ, નાક, કાન, રસના અને ત્વચા. તેમજ હાથ, પગ મોં આદિ. એમનાં મુખ્ય કાર્યાલયો પણ જુદાં જુદાં છે. બન્નેનાં કાર્યાલય મસ્તકમાં છે. એનાં બે ભાગ છે. નાનું અને મોટું મસ્તક. મોટા મગજમાં વિચાર, ભાવના, નિર્ણય શકિત આત્મ સંયમ, ઇચ્છા શકિત, ભકિત, સદસદ્વિવેક, ન્યાયની ભાવના, કર્તવ્ય પ્રેમ, કરૂણા, સ્વાર્થ ત્યાગ ઇત્યાદિ મનુષ્યના શ્રેષ્ઠ ગુણોની એ ખાણ છે. અને નાનું મગજ શારીરિક ક્રિયાઓનું કેન્દ્ર છે.

પશુ આદિ પ્રાણિઓમાં મસ્તકની શકિત ઘણીજ ઓછી હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમાં એનો જેટલો જેટલો વધારે વિકાસ હોય છે. તદનુસાર પ્રાણિની શ્રેષ્ઠતા માનવામાં આવે છે. પશુઓમાં વાંદરાઓનું મસ્તક વધારે વિકસિત છે. અત એવ એ મનુષ્યની નકલ વધારે સારી રીતે કરી શકે છે. ચિંપોજી, ઉરાંગ ઉટાંગ, ગોરીલો આદિ અર્ધ વિકસિત પ્રાણિ તો પ્રાયઃ મનુષ્યોનાં અધાંજ કાર્યોની નકલ કરે છે. એટલે સુધી કે ચિંપોજી વાનરની સ્ત્રી જાતિ પોતાના બાળક માં અરડાયેલું હોય તો તેને ધોવામાટે પાણી પાસે લઈ જઈ બાળકની રડા રોડ થાય તો પણ બચ્ચાનું માં ધોયા વગર છોડતી નથી. પરન્તુ મનુષ્ય એના કરતાં પણ વધારે વિકસિત છે.

એલકોહોલનું વિષ માંસલ રનાયુઓ કરતાં બુદ્ધિ આદિના કેન્દ્રોપર ઘણીજ વધારે અસર કરે છે. સંસારના પ્રાણિઓમાં મનુષ્ય સૌથી વધારે વિકસિત છે. તેથી એની અસર મનુષ્યપર વધારે થાય એ સ્વભાવિક છે. મનુષ્યની ઇન્દ્રિયોમાં કર્મેન્દ્રિયો કરતાં જ્ઞાનેન્દ્રિયોપર એની વધારે અસર પડે છે. જ્ઞાનેન્દ્રિયનું કેન્દ્ર મોટું મગજ અને કર્મેન્દ્રિય કેન્દ્ર નાનું મગજ છે. ફલતઃ મનુષ્યના શરીરમાં ઉત્તમાંગ શિર છે એનાપર દારુના વિષની ભયંકર અસર થાય છે.

દારૂડિયાના મરણ પછી એનાં શરીરનું નિરીક્ષણ કરવામાં આવ્યું. અને જણાયું કે એનાં મગજમાં શેષ શરીર કરતાં દારૂના વિષનું વધારે પરિમાણ છે અને એમાં પણ નાનાં મગજ કરતાં મોટાં મગજમાં એ વિષ વધારે પ્રમાણમાં વિદ્યમાન છે. વિશેષજ્ઞોનું માનવું છે કે ઉત્ક્રાન્તિની સર્વોત્કૃષ્ટ સીમાએ પહોંચેલા કોમળ રનાયુના પ્રતિ એલકોહોલનું આકર્ષણ વિશેષ હોય છે.

એલકોહોલ એવું શકિતશાળી અને ભયંકર વિષ છે કે એ સૌથી પહેલાં અમારી શાસન વ્યવસ્થાના સર્વોચ્ચ કેન્દ્રને — જ્ઞાન, વિવેક, નીતિ આદિ વિભાગોના કેન્દ્રને મૂર્છિત કરે છે. એ અવસ્થામાં એને પોતાના શરીરની હાનિનું કશુંજ જ્ઞાન-ધ્યાન રહેતું નથી. કેન્દ્રોનાં મૂર્છિત થવાથી સમસ્ત શરીરની શોચનીય અવસ્થા થઇ જાય છે. સુકાન વગરની અને તરંગોમાં આમ તેમ વહેતી નૌકાનાં સમાન મનુષ્યના અવસ્થા થઈ જાય છે. એ નૌકા ન જાણે કયા વખતે કયાં અને કયા ખડક સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથડાઈને પોતાના અસ્તિત્વનો નાશ કરશે એ જાણી કે સમજી શકાતું નથી. એજ પ્રમાણે દારૂડિયાનું પોતાનું જીવન સંકટ પૂર્ણ તો હોય છે એટલુંજ નહીં પરન્તુ પોતાના આશ્રિત જનોનું જીવન વધારે કરુણામય અને દયનીય બનાવી મુકે છે. દારૂ દ્વારા મગજના મૂર્છિત થવાથી ઘણુંજ વિષમ પરિણામ આવે છે — એ બળવાનને બળહીન, સંયમીને અસંયમી બુદ્ધિમાનને મૂર્ખ, દેશ ભક્તને દ્રોહી–નીચ, સ્વાર્થત્યાગી અને વિવેકી પુરૂષોને સ્વાર્થી બનાવે છે.

દારૂની સ્મરણ શક્તિપર અસરઃ—

સ્મરણ શક્તિ માટે આવશ્યક છે કે મગજના બધા વિભાગોના જ્ઞાન તન્તુ વ્યવસ્થિત–નિયમિત અવસ્થામાં હોવા જોઇએ. યથા ઘડીયાળની નિયમિત ગતિને માટે એના પ્રત્યેક યંત્રની સુસ્થિતિ આવશ્યક હોય છે. પરન્તુ જ્યારે દારૂનું વિષ લોહિમાં અને મગજમાં પ્રવેશે છે ત્યારે મગજનું અવધાન અને એકાગ્રતાની શક્તિ બગડે છે. એનાં બગડી જવાથી મગજ જ્ઞાન ગ્રહણ કરી શકતું નથી. પરિણામતઃ નવીન જ્ઞાનનું સર્જન અને અનુગૃહીત જ્ઞાનનું સ્મરણ આદિની ક્રિયાઓ વ્યવસ્થિત રૂપે થઇ શકતી નથી. જીવાણુ સંઘો (Brain cells) ના મૃત્યુ પછી સંગૃહીત જ્ઞાન પણ નષ્ટ થઇ જાય છે. અત એવ દારૂડિયાને કોઈ વસ્તુનું સમ્યક જ્ઞાન થઈ શકતું નથી. એ સ્વપ્નના મિથ્યા જ્ઞાનને સત્ય અને જાગૃતના સત્ય જ્ઞાનને મિથ્યા સ્વપ્નવત્ માનીને અંધાધુન્ધ બકયા કરે છે ગટરોમાં પડે છે. દુર્ગન્ધ યુકત મોંમાં કુતરાં મુતરે ત્યારે મગજ અવ્યવસ્થિત હોવાને કારણે ઘણો આનન્દ અનુભવે છે. આ દયનીય દશા જોઈને કોને દુઃખ ન થાય ! ! !

સ્મરણ શક્તિ બગડવાથી નૂતન જ્ઞાનને પહેલાં લે છે. ત્યાર પછી ક્રમશઃ ભુત કાળના જ્ઞાનને વિસારી મુકે છે. પહેલાં ઘટનાઓ ત્યાર બાદ વિચારો તત્પશ્ચાત્ સંકલ્પો અને છેવટે એનાં કાર્યોને ભુલી જાય છે બુદ્ધિ, વિવેક અને નીતિનું નિયન્ત્રણ ન રહેવાથી એ સંકલ્પ – વિકલ્પોના સમુદ્રમાં સુકાન વિનાની નૌકાના સમાન તરંગિત બને છે. અન્તે અધમ વિચારોને આધીન થઈ પતન પ્રતિ ઘસડાતો જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારૂની વિચાર શક્તિ પર અસરઃ—

દારૂનું સેવન કરવાથી શરીરમાં બળાબળાટ મચી જાય છે. એનાથી વિચાર શક્તિને મોટો આઘાત પહોંચે છે. સ્નાયુઓની શક્તિ નબળી થઇ જાય છે. તેથી એકાગ્રતા, ચિંતન અને નિર્ણય શક્તિ પંગુ બની જાય છે. વિચાર શક્તિનો આધાર સ્મરણ શક્તિ છે. એને માટે નિરોગ મગજની આવશ્યકતા છે. અને નિરોગ મગજનો આધાર સ્વસ્થ શરીર છે. એલ્કોહોલ મગજના જ્ઞાન તન્તુઓને અને શરીરના સ્નાયુઓને નિષ્ક્રિય કરે છે અત એવ સ્વભાવિકતયા વિચાર શક્તિ પ્રાયઃ નષ્ટ થઇ જાય છે. હાં; પ્રતિ દિનનું કાર્ય યંત્રવત ચાલ્યા કરે છે. પરન્તુ નવીન કાર્ય — વિચાર દ્વારા કરવામાં આવતું કાર્ય કરી શકતો નથી. — દારૂ પીનાર પ્રકૃતિપર શાસન કરવાની શક્તિ નષ્ટ કરી બેસે છે.

વિચાર શક્તિ નષ્ટ થવાથી અયોગ્યતા, અનિયમિતતા, મૂર્ખતા, અને આકસ્મિક ઘટનાઓ વિશેષતાથી ઘટચાજ કરે છે: વળી એને સમાજ કે પરમાત્માનો ભય રહેતો નથી. એવા અભાગી મનુષ્યના આશ્રિત રહેનારી મહિલા સ્ત્રેવં શિશુ વૃન્દની પણ ઘણીજ કારુણીક દશા થઈ જાય છે. વિવેક અને ઇચ્છા શક્તિનો નાશ થવાથી પોતાના મનના આવેગોનુસાર હડકાયા કુતરાના સમાન આમ તેમ ભટકચા કરે છે.

નિયમિત અને થોડા પણ દારૂની આવશ્યકતા નથીઃ—

માનવામાં આવે છે કે નિયમિત રીતે અને પ્રમાણસર દારુ પીવામાં આવે તો શરીર હૃષ્ટ પુષ્ટ થાય છે. અને માને છે કે મારા નાકપર લાલિમા આવતી જાય છે. હું જાડો થાઉં છું. પરન્તુ ઝાંઝવાંના જળના સમાન એ આભાસ માત્ર છે. વસ્તુતઃ ઉપર લખી આવ્યા છે તેમ જીવાણુના નાશને કારણે અથવા પાચન રસને ગ્રહણ ન કરી શકવાથી એ ચરબીના રૂપમાં પરિવર્તિત થઇ જાય છે. શરીર થોથું બની જાય છે. રક્તવાહિનીઓમાં લોહીની ગતિ ન થવાથી તેમજ અન્દરનું પડ ઘસાઈ જવાથી લાલિમા પ્રતીત થાય છે, પરન્તુ એ તો થપ્પડ મારી ગાલ લાલ રાખવા જેવું છે. થપ્પડ મારવાથી પણ મોં લાલ જણાય છે પરંતુ જેમ એ સ્વભાવિક નથી તેમ દારૂ પીવાથી પ્રતીત થનારી લાલિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા પણ સ્વભાવિક નથી. એ તો રક્ત વાહિનીઓ નષ્ટ કે મૂર્છિત થવાથી એવી પ્રતીતિ થાય છે.

નિર્વ્યસની તેમજ વ્યસનીની તુલના કરો. બન્નેને એકજ કાર્ય સોંપો તો ઘણીજ સરલાથી જણાઈ આવશે કે વ્યસની ઘણો જલ્દી થાકી જાય છે. અને કાર્ય પણ ઓછું કરી શકે છે એના સંબંધમાં આગળ લખાશે.

દારૂ પીનારને પ્રથમ અનુભવ થાય છે કે મારામાં ઉત્સાહ છે, કાર્ય કરવાની અખૂટ શક્તિ છે–બળ છે. પરન્તુ એ શક્તિ કાંઈ વિશેષ કાર્ય કરવા યોગ્ય હોતી નથી એ તો દડબાયેલા કુતરાના સમાન વિચાર શૂન્ય થઈ ઉદ્દેશ રહિત આમ તેમ ભટકવાના ઉપયોગમાંજ આવે છે અને એ ક્રિયા પણ વધારે દારૂ પીવાથી નષ્ટ થઈ જાય છે. જ્યારે એ ક્રિયાનો નાશ થતો અનુભવે છે તેથી એને ગ્લાનિ થાય છે. એને દૂર કરવાને ફરીથી દારૂ પીએ છે. જ્યાં સુધી બેભાનાવસ્થામાં થતો નથી ત્યાં સુધી વારં વાર પીતોજ રહે છે. અન્તે મહારાજ **ભર્તૃહરિ**ના કથનાનુસાર **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** — વિવેકભ્રષ્ટો-નું સેંકડો પ્રકારથી અધઃ પતન થાય છે. એ પ્રમાણે એ પોતાના જીવનને બનાવી મુકે છે.

દારૂ પીવથી મનુષ્યની રસનાના રસનું શોષણ થાય છે. એની સ્વાદ શક્તિના મૂર્છિત થવાથી તીખી તમતમતી વસ્તુઓનો ઉપયોગ કરે છે. એની સાથે માંસાહારનો પાદ પ્રવેશ થાય છે એ બન્ને વસ્તુઓનો ઉપયોગ અસંયમી જીવનને આમંત્રણ આપે છે. અસંયમી જીવન વ્યભિચારને નોતરે છે. વીર્ય નાશ થવાથી દારૂના વિષની ભયંકરતાને સહન કરી શકતો નથી અને ગુપ્તેન્દ્રિયના રોગથી જકડાઈ જાય છે.— ચાંદી, પર-મીયા આદિ રોગોનો શરીરમાં પ્રવેશ થાય છે.

સમય ગયા પછી એને એની ભૂલ સમજાય છે. પરન્તુ નિરાશારૂપ લોખંડી પંજામાં એવો જકડાયેલો હોય છે કે એનાથી એ છુટી શકતો નથી. એ ચેપી રોગો જીવનના અન્તેજ નષ્ટ થાય છે. એ પોતાનો તો નાશ કરે છેજ પરન્તુ સાથે સાથે એ રોગો વારસામાં મુકી જાય છે અને દેશ અને જાતિને પરાધીનતાની બેડીઓ પહેરાવી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારૂનાં દુષ્પરિણામ

દારૂની શરીરપર થતી પ્રત્યક્ષ અસરના સંબંધમાં જુદા જુદા સંદર્ભો (ફકરાઓ) દ્વારા પાછલા પ્રકરણમાં બતાવવામાં આવ્યું છે આ પ્રકરણમાં શરીરપર થતી અપ્રત્યક્ષ અસર–હાનિઓ કે જે રોગોના રૂપમાં થાય છે એ તરતજ જણાતી નથી પરન્તુ થોડા સમય પછી પ્રતીત થાય છે. એનું વર્ણન ડોકટરોના પ્રયોગોદ્વારા તેમજ અનુભવી મનુષ્યોના કાઢેલાં પરિણામોને પ્રસ્તુત કરવામાં આવશે. અને રાષ્ટ્રની દૃષ્ટિએ — આર્થિક થતી હાનિનો અત્રે ઉલ્લેખ કરવામાં આવશે. જેથી પાઠકોને સચોટ ધ્યાન આવી શકે કે દારૂ શરીરનેમાટે તો મહાન હાનિકર છે એટલુંજ નહીં પરન્તુ રાષ્ટ્ર–દેશનેમાટે પણ કેટલો બધો હાનિકર છે ?

દારૂની કુટેવ કેમ અને ક્યારે પડે ?

પાછલા પ્રકરણમાં દારૂની કુટેવ કેવી રીતે પડે છે એનું સામાન્યતયા નિરૂપણ કર્યું છે. એના સંબંધમાં વિશેષ પરીક્ષણ શ્રી. ડો. એબટ મહોદયે અમેરિકાના બેલેવ્યુ દવાખાનામાં ૨૭૫ દારૂડીઓના નિરીક્ષણ દ્વારા કર્યું હતું એનો ઉલ્લેખ કરું છું:—

૧૨ વર્ષની વય પહેલાં ટેવ પડી.	સેંકડે	૬-૫ ટકા
૧૬ ,, ,,	,,	૩૩ ,,
૨૧ ,, ,,	,,	૫૮ ,,

કુટેવ પડવાનું કારણ	સેંકડે	ટકા
બેકારી	,,	૫
પરિવાર તથા ધંધાની આપત્તિ	,,	૧૩
વ્યાપાર (દારૂની દુકાન અથવા હોટલ)	,,	૭
સહભોજ	,,	૫૨-૫

સહભોજ:—

કોઈ પણ દારૂને આનન્દકે સ્વાદનેમાટે પીતું નથી. એ તો ઘેનનેમાટેજ પીવામાં આવે છે. ઉપર જણાવેલા આંકડા અમેરિકાના છે. એનાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહેજે જણાઈ આવે છે કે દારૂની કુટેવ સહભોજ દ્વારાજ પડે છે.–પ્રચાર પામે છે. ભારતમાં પણ નીચી ગણાતી જાતિઓમાં શુભ કે અશુભ સમયના સહ ભોજ વખતે પીવામાં આવે છે. ઘણે ઠેકાણે તો કાર્ય કર્તાને દબાણ કરવામાં આવે છે તેથી પીવડાવવો પડે છે. એવા પ્રસંગોપર કુમાર–કુમારી, યુવક–યુવતી અને વૃદ્ધ–વૃદ્ધા પર્યાન્ત સમ્મિલિત હોય છે. અતઃ એ પ્રસંગોપર બાળકો તેમજ બાળિકાઓ પણ દારૂ પીએ છે અને એ કુટેવના શિકાર થાય છે. ઉક્ત અવસ્થા અશિક્ષિતોની છે. જ્યારે બીજી તરફ શિક્ષિત બુદ્ધિજીવી પ્રાણી—ડોકટર, પ્રોફેસર, વકીલ, કવિ, ન્યાયાધીશ, સમ્પાદક આદિમાં એ કુટેવ સહભોજ દ્વારા પ્રવેશે છે. પ્રાયઃ જોવામાં આવે છે કે જેઓ વિલાયતમાં ભણ્યા છે તેઓ ભોજન પછી દારૂનો ઉપયોગ કરતા થઇ ગયા છે અને સમજે છે કે એનાથી અમારો શ્રમ દૂર થઇ જાય છે.

બુદ્ધિ જીવીની સાથે ધનવાનો પણ એ દુષ્ટ રાક્ષસના પંજામાં સપડાયેલા છે કારણકે તેઓનો સંસર્ગ શાસક જાતિના મનુષ્યો સાથે હોયછે. એમને કાંઈ કરવાનું હોતું નથી અને ધનની પ્રચુરતા છે. વધારે ધન હોવાને કારણે મોટા કહેવાતા અમલદારોનો અવર–જવર થયા કરે છે. અને તેઓ ભોજન કર્યા પછી દારૂ પીએ છે. ધનવાનોમાં સાહસ[Moral Courage] નો તો અભાવ છે એથી તેઓ તેમને કહી શકતા નથી કે હું દારૂ પીતો નથી. અત એવ થોડો પણ દારૂ લેવો પડે છે.

મજુરો રાત દિન એમાંજ રચ્યા પચ્યા રહે છે. સામાન્ય દૃષ્ટિએ જોઇએ તો પ્રાયઃ સમસ્ત માનવ જાતિમાં એને પ્રચાર છે.

દારૂથી કાર્ય શક્તિ વધતી નથીઃ—

પાછલા પ્રકરણમાં શરીર શાસ્ત્રની દૃષ્ટિએ અવલોકી ચુકયા છીએ કે દારૂથી કાર્ય શક્તિમાં પણ વધારો થતો નથી. છતાંએ એ સમજે છે કે મારામાં શક્તિ આવી છે એ તો મૃગ જળા–ઝાંઝવાનાં જળ સમાનજ છે. અત્રે ક્રિયાત્મક પ્રયોગોથી એની પુષ્ટિ કરવામાં આવે છે કે દારૂથી કાર્ય શક્તિ વધતી નથી પ્રત્યુત ક્ષીણ થાય છે. એટલુંજ નહીં પરન્તુ ઘણીજ ઓછી થઈ જાય છે, તેથીજ સ્વામીઓ–શેઠો પોતાના સેવકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણયની હોય એમ ચાહે છે.

દારૂ પીધેલી અવસ્થામાં એજ કાર્યમાટે સેંકડે ૧૫ ટકા શક્તિ વધારે ખર્ચ કરવી પડી, ૧૬-૪ કામ ઓછું થયું અને ૨૧-૭ સમય વધારે લાગ્યો — એજ કાર્યનેમાટે દોઢ ગણાથી વધારે સમય આદિ ખર્ચ કરવો પડયો. આ અવસ્થા હોવા છતાં દારુડિયાઓ માને છે કે મેં ઘણા વેગથી અને સારી રીતે કાર્ય કર્યું છે

સૈનિકોના ફાયર તેમજ એની સફળતાના પ્રયોગથી વધારે સ્પષ્ટ જણાઇ આવે છે કે દારૂ પીધા પછી કાર્ય કરવાની શક્તિ ઘણીજ ઓછી થઈ જાય છે—

૩૦ વાર નિશાન તાકયું. પણ દારુ પીધેલી અવસ્થામાં ૩ વાર સફળતા મળી. અને એટલીજ વારના નિશાનમાં સ્વસ્થ અવસ્થામાં ૨૪ વાર સફળતા મળી. એક મનુષ્ય સ્વસ્થ અવસ્થામાં થાકયા વગર ૩૬૦ ફાયરો કરે છે અને પીધેલી અવસ્થામાં ૨૭૮ વાર ફાયર કરતાં થાકી ગયો.

નિયમિત રુપે અલ્પ માત્રામાં પણ લેવામાં આવે તો પણ કાર્ય શક્તિ ઓછી થાય છે.

દારૂની ગૃહસ્થ જીવન-ગૃહ સૌખ્યપર અસરઃ—

ગૃહ જીવનનો આધાર ધનોપાર્જનપર રહેલો છે. એ કાર્ય શક્તિ પર નિર્ભર છે. દારૂ પીનાર બુદ્ધિથી કાર્ય કરી શકતો નથી. કેવળ યંત્રવત્ કાર્ય કરતો જાય છે, જેમાં નવીન બુદ્ધિનો ઉપયોગ કરવો પડે — કાર્ય કરવામાં કાંઇ વિશેષ વિચાર કરવો પડે એવાં કાર્યોને એ છોડી દે છે. પ્રાયઃ મજુરીનું કાર્ય કરે છે. અને એ પણ કાર્ય વ્યવસ્થિત તેમજ સુન્દરતાથી કરી શકતો નથી તેથી શેઠ એને નોકરીથી છુટો કરે છે. કાર્ય ન મળવાથી બેકાર મંડળીનો સદસ્ય બનવું પડે છે. ધન ન મળવાથી ગાર્હસ્થ જીવનનો નાશ થાય છે.

બોલ્ટન નગરનાં હષ્ટ પુષ્ટ બેકાર ૧૦૦ માણસોમાંથી ૬૬ ટકા દારુડિયા નિકળ્યા કે જે પોતાના પરિવારનું પોષણ ન કરી શકવાથી ગૃહ જીવનના આનન્દનો નાશ કરી એને દુઃખમય બનાવ્યું.

અમેરિકામાં સન્ ૧૮૮૭ થી ૧૯૦૬ સુધીમાં કેવળ દારુને કારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧,૮૪,૫૬૮ પરિવારનો ગૃહ જીવન નાશ પામ્યાં — વર્ષમાં ૮૨૨૮ ગૃહસ્થોનાં જીવન નાશ પામ્યાં.

એની પુષ્ટિ શિકાગોનાં પરીક્ષણથી પણ થાય છે ૧૯૧૩ માં શિકાગોમાં એક કમીશને પરીક્ષણ કર્યું હતું. જેમાં ૪૬ ટકા ગૃહસ્થ જીવનનો નાશ કેવળ દારૂને કારણે થયો છે. એને સમજવા માટે નીચે લખેલો કોઠો વધારે ઉપયોગી સિદ્ધ થશે.

દારૂ	નોકરીથી છુટો કર્યો
કાર્ય શક્તિનો નાશ.	પોષન કરવાને અસમર્થ.
નોકરીથી છુટો કર્યો.	ગૃહસૌખ્યનો નાશ.

દારૂનો વ્યભિચારની સાથે સંબંધ:—

પાછળ લખી ગયા પ્રમાણે દારૂ અને વ્યભિચારનો ઘનિષ્ટ સંબંધ છે. જ્યાં જ્યાં દારૂ છે ત્યાં ત્યાં વ્યભિચાર જરૂર થાય છે. દારૂ પીતાંજ નીતિ અનીતિની ભાવના, વિવેક તેમજ આત્મ સંયમનો નાશ થઈ જાય છે. અને પીધેલી અવસ્થામાં ન કરવાં જેવાં કામો કરે છે.

બાઈબલને ઉઘાડીને જોઈએ તો એમાં અનેકો ઉદાહરણ મળી આવે છે કે દારૂ પીધા પછી નીતિ અનીતિને ભૂલી જઈ અનીતિમય જીવન વ્યતીત કરતા હતા. કેવળ એકજ ઉદાહરણ પ્રસ્તુત કરું છું:—

..... મોટી બહેને નાની બહેનને કહ્યું કે આપણા પિતાજી (લૂત) વૃદ્ધ છે. અહિં બીજા કોઈ માણસ પણ નથી. તો ચાલો આપણે પિતાજીને **દ્રાક્ષરસ** પીવડાવીને એમની સાથે સુઇ જઈ, પિતાજી દ્વારા વંશ ઉત્પન્ન કરીએ.' ઉત્પત્તિ અ. ૧૯. આ ૩૧-૩૨.

દારૂ પીધા પછી પિતા પુત્રીને એ જ્ઞાન પણ રહેતું નથી કે આ મારી પુત્રી છે કે આ મારો પિતા છે. ફલતઃ એ અનીતિમય જીવન વ્યતીત કરે છે.

ભારતનું સદાચારનું ધોરણ બીજા દેશો કરતાં ઉચું છે એનું કારણ પ્રત્યક્ષ છે કે એ ઘણીજ થોડીજ સ્ત્રીઓ દારૂ પીએ છે ભારતમાં જ્યાં પણ સ્ત્રીઓ એને પીએ છે તે પ્રાયઃ વૈશ્યા વૃત્તિને ધારણ કરે છે, કારણ કે તેમને ભાન રહેતું નથી. એક વખત પતિતા થઈ ગયા પછી એને સમાજનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડર ન લાગવાથી પાપમાં સડ્યા કરે છે. અને વૈશ્યા વૃત્તિથીજ પેાતાનું જીવન વ્યતીત કરે છે.

જ્યાં પણ નિર્વાહ માટે સ્ત્રીઓને કાર્ય ક્ષેત્રમાં ઉતરવું પડે છે ત્યાંની મહિલાઓમાં અનીતિમય જીવન સ્પષ્ટ રૂપે જણાય છે.

યુરોપ કે અમેરિકાના દેશોમાં સ્ત્રીઓ દારૂ પીએ છે. અને પરિણામતઃ ત્યાં વેશ્યા વૃતિનેા ઘણેાજ પ્રચાર છે. ઉદાહરણાર્થે નીચે એક અભિપ્રાય ટાંકુ છું.

બ્રિટિશ રીફર્મેટરીઝના નિરીક્ષક શ્રી આર. ડબ્લ્યુ. બ્રન્થવેટ પેાતાની નિરીક્ષણ પેાથીમાં લખે છે કે ૮૬૫ પતિત સ્ત્રીઓમાંથી ૩૪૬ સ્ત્રીઓ દારૂને કારણે પતિત થયેલી જણાઈ છે સાધારણ અવસ્થામાં તેા તેઓ સભ્ય હેાય છે પરન્તુ પીધા પછી નીતિ અનીતિનું ભાન રહેતું નથી અને પાપના પ્રતિ પ્રવૃત થાય છે.

એક સજ્જન ફ્રાંસથી આવ્યા બાદ કહેવા લાગ્યા કે મારેા તેા દૃઢ નિશ્ચય છે કે ,"ફ્રાંસના લગ્ન કરવાનેા પ્રસંગ આવે તેા ત્યાંની અમીર કુટુમ્બની કન્યા સાથે લગ્ન કરવા કરતાં ત્યાંની વૈશ્યા સાથે લગ્ન કરવું સારું ."

એનું કારણ સ્પષ્ટ છે કે ફ્રાંસમાં મહિલા મંડળે મદિરા મેાહિનીનેા અંગીકાર પ્રચુર માત્રમાં કર્યો છે. ત્યાં પાણીના સ્થાનમાં એ ભયંકર રાક્ષસી વારૂણી દેવીનેા સ્વીકાર કરવામાં આવે છે અને એના પરિણામ સ્વરુપ ફ્રાંસમાં સદાચારનું ધેારણ ઘણુંજ નીચું છે.

પાછળ જોઇ ગયા કે ૧૨ થી ૨૧ વર્ષની વયમાં ૬૮ ટકા જેટલી સંખ્યામાં યુવક તેમજ યુવતીઓ દારૂ પીએ છે. એનું પરિણામ દુઃખી ભારતમાં પંજાબ કેસરી લાલા લજપતરાયજી લખે છે કે :—

હાઈસ્કૂલના છાત્ર અને છાત્રાઓના સંબંધમાં સૌથી પ્રથમ વાત તેા એ છે કે "**સહભેાજ–નાચ–રંગ આદિમાં તેઓ સાથે રહે** છે. તેમાં સેંકડે ૯૦ ટકા સંખ્યા એવી છે કે જે આલિંગન અને ચુંબનનેા લાભ લે છે પરન્તુ એટલેથીજ અંત આવતેા નથી એમાંનાં ૫૦ ટકા તેા વિષય-ભેાગના સંબંધમાં સ્વતંત્રતા લે છે."

ઉપર જણાવેલી સંખ્યા અમેરિકાની છે અને ત્યાં પરિસ્થિતિ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંના ન્યાયાધીશ શ્રી. લાર્ડ લિંડસે લખે છે કે "હાઇસ્કુલમાં અભ્યાસ કરતી છાત્રાઓમાં ભાગ્યેજ કોઇ અક્ષત યોનિ રહી હશે." આગળ લખે છે કે **૧૪ વર્ષની વયે પહોંચતાં સુધીમાં તો દશમાંથી એક અમેરિકન અવિવાહિત બાળિકા ગર્ભવતી થાય છે.**

અમેરિકામાં ડેનવર નામના કરબાની વસ્તી ૩૦ હજારની છે તે નગરમાં વિવાહથી પૂર્વ ૨ હજાર યુવતીઓ ગર્ભવતી જણાઈ છે.

ત્યાંના સ્ત્રી પુરૂષ ધર્મ અને સદાચારથી વિમુખ થવા લાગ્યા છે. જંગલો અને બીજાં સ્થાનોમાં એવાં નિર્લજ્જ કામ થાય કે જેનું વર્ણન કોઈ સભ્ય પત્રિકામાં ન કરી શકાય. [ફેબ્રુઆરી ૧૯૩૪ **માહેલી**

આપણી કૉલેજમાં અભ્યાસ કરતી યુવતીઓમાં કેટલીક એવી છે કે જેને માટે કહી શકાય કે એનું કૌમાર્ય સુરક્ષિત છે ? આ વાતની તપાસ કરવા માટે અમેરિકાની કેટલીક મોટી કૉલેજોની છાત્રાઓની ગુપ્ત પરીક્ષા લેવામાં આવી અને ગણતરી કરવામાં આવી હતી. માલમ પડયું કે કુમારી કન્યાઓની સંખ્યા ઘણીજ થોડી નિકળી. અને એવું માલમ પડયું કે અમેરિકા એવી યુવતીઓથી ભરપુર છે કે બાર વર્ષની વય પછી અથવા પહેલાં પણ કેવળ તેમને સૌજન્યને ખાતરજ કુમારી કહિ શકાય છે.

[જુલાઈ ૧૯૩૪ **હાર્પર્સ** પત્રિકા. ન્યુયૉર્ક]

દારૂ પીવાથી સ્ત્રીઓ કેવી રીતે વ્યભિચારણી બને છે ? એના સમ્બંધમાં નીચે જણાવેલો કોઠો ઉપયોગી સિદ્ધ થશે.

દારૂ (૧)

|

કાર્ય શક્તિનો નાશ

|

| | |

નોકરી છુટી જવી. બીજી ન મળવી. મિત્રો દ્વારા પાલન કરવાનો નિષેધ.

|

ભોજનનો અભાવ

|

ઇન્દ્રિયોના અન્ય સાધનના અભાવે ન છુટકે વ્યભિચારનો સ્વીકાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દારુ પીવાથી કાર્ય શકિત ક્ષીણ થાય છે અને એની અસર ધનોપાર્જન પર પડે છે અને એનો સંબંધ પરિવારના પાલણ પોષણની સાથે છે એટલે દારુથી ગૃહસૌખ્યનો નાશ થાય છે તેમજ દારુનો વ્યભિચારની સાથે સીધો અને ઘનિષ્ટ સંબંધ હોવાને કારણે ગૃહસૌખ્ય નષ્ટ થઇ સંસાર નરક ધામ બને છે.

દારૂથી થતા રોગઃ—

જે રાષ્ટ્ર પોતાને સભ્ય અને સર્વ શ્રેષ્ઠ માને છે એ અમેરિકાના સંયુકત રાષ્ટ્રની જન સંખ્યા ૧૦ કરોડની છે એ વસ્તીમાં ૮૦ લાખની સંખ્યામાં ચાંદી ઉપદંશ-ગરમી (Syphilis) નામક રોગથી પીડાઇ છે. આપણા દેશમાં તો આ વિષયમાં કોઇ ધ્યાનજ આપતું નથી.

અમેરિકા, ઇંગ્લેન્ડ અને યુરોપના આ વિષયના ત્રણ મહાન ડૉકટર દારૂ પીનારાઓમાં થતા ગુપ્ત રોગોના સમ્બંધમાં લખે છેઃ—

ડો. ડગલસ (ઇંગ્લેન્ડ)	કહે છે કે	૮૦	ટકા
,, કેરેલ (યુરોપ)	,,	૭૬	,,
,, ટૈવેન ઇમર્સન (અમેરિકા)		૭૫	,,

ગુપ્ત રોગોનું કારણ મદ્ય-પાન- જ છે.

દારૂ પીવાથી લોહિમાં રહેનારા રક્તક જીવાણુ સંઘનો નાશ થાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ પૂર્વે બતાવી ગયું છે. રક્ષક જીવાણુનો નાશ થવાથી આવનારા રોગોના ભયંકર જન્તુઓના આક્રમણનો પ્રતિકાર કરવાની શક્તિ એ રક્ષક જીવાણુ સંબંધમાં રહેતી નથી એનું જ પરિણામ એ છે કે દારૂડિયો શીઘ્ર રોગી થાય છે તેમજ વારંવાર રોગ ગ્રસ્ત થઈ પીડાય છે અને એમાં રોગ પણ લાંબા વખત સુધી નિવાસ કરે છે. એના સમ્બંધમાં એક બે ઉદ્ધરણનો ઉલ્લેખ કરવો અ સ્થાને નહીં ગણાશે.

જૉન હૉપકિન્સ વિશ્વવિદ્યાલયનો પ્રો. સર. ડો. વિલિયમ ઓચ. વેલ્ક મહોદયે બેલેવ્યૂ હૉસ્પીટલમાં ૬૦ દારુ પીનારા પુરુષો અને ૩૫ દારૂ પીનારી સ્ત્રીઓનું નિરક્ષણ કર્યું. જેનું પરિણામ નીચે જણાવ્યા પ્રમાણે છે.

પુરુષો અને સ્ત્રીઓમાં હૃદોગ ૬૦ ટકા છે કાળજાના રોગ ૪૮, અને ૩૪ ટકા છે કાળજામાં ચરબી ઉત્પન્ન થવાથી ૮૦ અને ૭૪ ટકા છે. પેટના રોગ અન્તમાં ૫૦ ટકા જોવામાં આવે છે.

એ સ્ત્રી પુરુષો ની રક્તવાહિનીઓ, ફેફસાં, બરોળ મૂત્રાશય, આદિ સ્નાયુ પ્રાણલી રોગથી વિકૃત થયેલી જણાય છે.

લિપજીગ (જર્મની)ની **સીક બેનિફિટ** સંસ્થાના વૃત્તથી જ્ઞાત થાય છે કે દારૂ ન પીનારો મનુષ્ય ૨૫ થી ૩૪ વર્ષ સુધીની વયમાં ૭.૫૩ દિવસ રોગી રહે છે અને દારુ પીનારો મનુષ્ય એજ ઉમરમાં ૧૬.૨૯ દિવસ સુધી માંદો રહે છે ૩૪ થી ૪૫ સુધીના વયવાળો દારુ ન પીનારો ૧૦ દિવસ રોગી અને દારુ પીનારો માણસ ૨૭ દિવસ સુધી રોગી રહે છે.

ઉપરોકત સંસ્થાના ૧૯૧૦ના વૃત્તથી જ્ઞાત થાય છે કે ૨૫ થી ૩૪ વર્ષ સુધીમાં ૧૦૦૦ વીમો ઉતરાવેલા મનુષ્યોમાં દારુ નહીં પીનારા ૩૬૮ રોગી પડતા હતા અને પીનારાની સંખ્યામાં ૯૭૩ મનુષ્યો માંદા પડ્યા હતા.

જ્યાં દારુ પીવાતો નથી એવાં પ્રદેશમાં ૧૦૦ મનુષ્યો માંદાં પડે છે તો જ્યાં દારૂ પીનારા રહે છે ત્યાં નીચે જણાવેલા કોઠા પ્રમાણે જુદા જુદા રોગોના શિકાર બને છે.

રોગનું નામ	૨૫ થી ૩૪ વર્ષ સુધીના	૩૫ થી ૪૪ વર્ષ સુધીના
પ્રાય બધાજ રોગથી પીડાય છે.	૨૬૪	૨૮૩
સંસર્ગ જન્યરોગ	૧૪૬	૧૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નાયુ પ્રણાલીના રોગ	૩૭૫	૪૨૬
શ્વાસ રોગ	૨૧૯	૨૬૭
ક્ષય	૧૬૦	૧૮૦
લોહીના રોગ	૨૩૩	૨૩૦
અપચાથી થનારા રોગ	૩૦૦	૩૨૧
ઘા આદિ	૩૨૪	૩૨૩

અર્થાત્ દારૂ પીતા નથી એના કરતાં ૨૫ થી ૩૪ વર્ષની આયુવાળા રા ગણા રોગી થાય છે ને ૩૫ થી ૪૪ વર્ષની વયવાળા મનુષ્યોમાં લગભગ ત્રણ ગણા (દારુ પીનારા મનુષ્યો) રોગી થાય છે.

ન્યૂમોનિઆના સમ્બંધમાં ડૉ. ઑસલરના વિચારઃ—

નિયમિત દારૂ પીનારામાં ન્યૂમોનિયાઆના રોગીઓ સેંકડે ૨૫ ટકા મરે છે.
અંધાધુન્ધ ,, ,, ,, ,, ૫૨ ,, ,,
નિત્યસની પુરુષ ,, ૬૮ ,, ,,

ક્ષય ના સમ્બન્ધમાં હેન્સી ફ્રિપ્સ ઈન્સ્ટિટ્યૂટનું પરિણામ—

ફિલેડેલ્ફિઆની હેન્સી ફ્રિપ્સ ઇન્સ્ટિટ્યૂટના અનેકા વર્ષોના અનુભવે નિકળેલું પરિણામ. સન ૧૯૦૭ અને ૧૯૦૮ નો અનુભવ નીચે લખ્યા પ્રમાણે છેઃ—

સેંકડે	દારુ પીનારા	દારુ ન પીનારા	
,,	૨૯.૫	૪૯.૨	સારા થયા
,,	૨૧.૮	૯.૯	મરી ગયા
,,	૪૮.૫	૪૦.૭	અસાધ્ય

આ પરિક્ષણથી પણ આંખો ઉઘડી જવી જોઇએ કે ક્ષયના રોગો પર દારુની કેવી અને કેટલી ભયંકર અસર પડે છે ?

દારુની ગાંડા બનાવવામાં સહાયતાઃ—

એ સત્ય છે કે દારુની અસર પ્રત્યેક મનુષ્ય પર સમાન રૂપથી પડતી નથી. છતાં પણ સંસારના વિશેષજ્ઞ ડોકટરોની સમ્મતિ છે કે **"દારૂ મસ્તકમાં એવું પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ અસર કરે છે કે જેનો અંત ગાંડપણમાં આવે છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકાના ભિન્ન ભિન્ન સ્થળોમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે. ન્યૂયોર્કમાં ૬૦ ટકા જેટલાં ગાંડા મનુષ્ય છે અને ૨૦ ટકા જેટલી ગાંડી સ્ત્રીઓ કેવળ દારૂના કારણે છે.

સ્ત્રીઓમાં ગાંડપણ ઓછું જોવામાં આવે છે. એનું કારણ એ છે કે તેઓ દારૂ ઓછો પીએ છે.

નોરિસ ટાઉનમાં સેંકડે ૪૪ ટકા ગાંડા દારૂ પીનારાઓમાંથી થયા છે.

બીજા દેશોના ગાંડાઓના આંકડા લેવામાં આવે તો પણ દૃઢતાપૂર્વક કહી શકાય છે કે ૧૦૦ ગાંડાઓમાંથી ૨૫ ગાંડા થવાનું પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ કારણ દારૂજ છે—

ઝઘડાઓનું મુખ્ય કારણ દારૂ:—

સાધારણ મનુષ્ય કદિએ લડાઇ ઝગડા કરતા નથી. કદાચ પ્રસંગ આવે તો પણ એના પરિણામનો વિચાર કરે છે. અને વિચાર આવતાંજ જ્યાં સુધી અને ત્યાં સુધી 'ઝગડાનું મોં કાળું' કહીને બસી જવા પ્રયત્ન કરે છે. સાધારણ રીતે બસી પણ જાય છે. મારપીટ કરવી હોય તો પણ સાધારણ મનુષ્ય એકદમ કરી શકતોજ નથી પરન્તુ કોઈ પણ પ્રકારનો નશો કરે છે તો પછી અયુક્ત કાર્યના પરિણામ આદિનો વિચાર કર્યા વિનાજ કરી બેસે છે. કારણકે દારૂડિયો બેદરકાર બની જાય છે એની નિર્ણય શક્તિ નબળી પડી જાય છે. આત્મ સંયમ ઓછો થઈ જાય છે. તેથી તરતમાં મેં; ,તું તું; કરી લડાઇ કરે છે. અને એક બીજાના માથા ફોડે છે. એનાજ પરિણામે પોલીસો, ફોજદારો અને વકીલો પોતાનાં ગજવાં ભરે છે. હત્યા-ખૂન સાધારણ મનુષ્ય કદાપિ કરતો નથી પરન્તુ જ્યારે એ નશો કરે છે તો પછી સદસદ્વિવેકનું ધ્યાન રહેતું નથી–ઉપકારી કે અનુપકારીનો વિચાર રહેતો નથી. હાથ ઉઠાવે છે અને ખૂન સુદ્ધાં કરી નાંખે છે. ઘેન ઉતરતાં જ પરિણામ પર ધ્યાન આવે છે તો ગાંડા બની જાય છે કે ખૂણાં ખાંચરા શોધે છે અને પશ્ચાતાપ કરે છે. અને અન્તે રાજદંડથી દંડાય છે.

જર્મનીના **હીડલબર્ગની કમિટી ઑફ ફીફ્ટી**નો ૧૯૩૫ના અભિયોગોનું વૃત્ત નીચે પ્રમાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન	ટકે
દારૂની દુકાન પર	૬૬.૫
સડકો પર	૮.૮
કારખાનામાં	૭.૮
ઘર પર	૭.૭
અજ્ઞાત સ્થાનોમાં	૯.૨

દારૂની દુકાનના ઝગડાઓને છોડીને બીજે પણ જ્યાં માર પીટ આદિ અભિયોગોની સંખ્યા બતાવવામાં આવી છે એમાં પણ ઝગડાઓનું ઘણું બધું દારૂજ કારણ છે.

સમસ્ત સંસારના અભિયોગ-કેસોના સમ્બન્ધમાં વિચાર કરવામાં આવે અને એનું પ્રમાણ કાઢવામાં આવે તો દેખીતી રીતે કે ગુપ્ત રીતે દારૂ-માદક દ્રવ્યજ કારણ હોય છે. કેટલાંક વર્ષ પૂર્વ 'ઇંડિયન નેશનલ હેરેલ્ડ'માં વાંચવામાં આવ્યું હતું કે મદ્રાસ ઇલાકાની **સંયમ પરિષદ**માં વ્યાખ્યાન આપતાં એક ન્યાયાધીશ મહોદયે કહ્યું હતું કે **૧૭ વર્ષના અનુભવથી હું એ પરિણામ પર પહોંચ્યો છું કે ન્યાયાલયોમાં દાખલ થતા અભિયોગો-કેસોમાં સેંકડે ૯૫ ટકાનું મૂળ કારણ દારૂજ હોય છે**

દારૂને લીધે થનારી આકસ્મિક ઘટનાઓઃ—

જૂરિચ ઇન્શ્યોરંસ ટ્રેડસ સિક ફંડની સન્ ૧૯૦૦ થી ૧૯૦૬ સુધીના વૃત્તથી જ્ઞાત થાય છે કે સપ્તાહમાં જેટલીએ દુર્ઘટનાઓ થાય છે એમાંની કેવળ સોમવારને દિવસેજ ૨૨.૧ તેમજ પ્રતિદિન ૧૫.૭ દુર્ઘટનાઓ થાય છે. પ્રશ્ન થાય કે સોમવારે વધારે કેમ હોય છે ? એનું કારણ શનિ અને રવિવારે રજા હોવાથી વધારે દારૂ પીએ છે અને એના ઘેનની અસર સોમવાર સુધી રહે છે.

લિપજીગ (જર્મની) ના **સિક બેનિફિટ સમિતિ**ના વૃત્તથી જ્ઞાત થાય છે કે સાધારણ મનુષ્યો દ્વારા જેટલી દુર્ઘટના થઈ એનાં કરતાં દારૂ પીતારા મનુષ્યો દ્વારા બે થી ત્રણ ગણી દુર્ઘટના થાય છે.

દારૂ પીનારા દ્વારા થયેલી આત્મ-હત્યાઓ—

સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાનો સન્ ૧૯૦૧ થી ૧૯૧૦ સુધીના હેવાલથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાત થાય છે કે ૬૨૬૬૦ મનુષ્યોઓએ આત્મ હત્યા કરી હતી. વીમા કમ્પનીના મેડિકલ ડાયરેકટરોનાં નિરીક્ષણને સત્ય માનવામાં આવે તો જણાય છે ૧૪૪૧૧ મનુષ્યોની આત્મ હત્યામાં દારૂ દેખીતી રીતે તેમજ ગુપ્ત રીતે કારણ હતું.

દારૂ પીનારાઓની મૃત્યુ સંખ્યાનું પ્રમાણઃ—

લિપજીગ ની **સિક બેનિફિટ સમિતિએ** ૧૯૧૦માં જે વૃત્ત પ્રકાશિત કર્યું છે એનાથી જ્ઞાત થાય છે કે વસ્તીમાં સાધારણ રીતે ૩૪ થી **૪૫ વર્ષ સુધીના વયે પહોંચેલા ૧૦૦ મનુષ્યો મરે છે ત્યાં દારૂ પીનારા માણસોની સંખ્યા ૩૦૦ની હોય છે.** એનાં રોગ વાર આંકડાઓ નીચે આપ્યા છેઃ—

સામાન્ય બધાજ રોગોથી ૨૯૩; સંસર્ગથી ઉત્પન્ન થનારા રોગથી ૧૦૦; સ્નાયુ પ્રણાલીના રોગથી ૨૬૭; શ્વાસ રોગથી ૬૬૭; ક્ષયના રોગથી ૧૩૦; લોહીથી ઉત્પન્ન થનારા રોગોથી ૧૩૭; પાચન શકિતના સમ્બંધનાં રોગોથી ૨૬૭; ઘા આદિથી ૩૦૦; માણસો મરે છે.

એજ સમિતિનું વૃત્ત બતાવે છે કે ૧૦,૦૦૦ વીમા ઉતરાવેલા મનુષ્યોમાં નીચેની સંખ્યામાં અકાળ મૃત્યુ થયેલી છે.

વર્ષ	સાધારણ	દારૂડિઆ	સ્પષ્ટીકરણ
૨૫ થી ૩૪	૫૩	૧૧૨	બમણાથી વધારે
૩૪ ,, ૪૪	૯૭	૨૮૪	લગભગ ત્રણ ગણી
૪૫ ,, ૫૪	૧૬૭	૩૭૨	,, બમણી
૫૫ ,, ૬૪	૨૯૪	૩૬૪	૨૨ ટકા વધારે
૬૫ ,, ૭૪	૫૮૦	૭૪૬	૨૮ ,, ,,

અમેરિકામાં દર આઠમી મિનિટે એક નવજુવાન સ્ત્રી કે પુરૂષ પોતાની જીવન યાત્રાને અકાળે સમાપ્ત કરી યમલોકને પ્રાપ્ત થાય છે.

દારૂનું બાળકો પર દુષ્પરિણામઃ—

મનુષ્યો સંસારનું સર્વોત્કૃષ્ટ પ્રાણી છે. મનુષ્ય અને અન્ય પ્રાણીઓમાં એકજ ભેદ પ્રત્યક્ષ છે. એમાં સદસદ્વિવેકનું જ્ઞાન છે. એનાથી પોતાનું કર્તવ્ય શું છે એ જાણી શકે છે તેમજ કરી પણ શકે છે. મનુષ્યનું કર્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્ય છે કે સર્વોપરિ પ્રાકૃતિક દ્રવ્યને જાણે તેમજ સંસારમાં પ્રાણી માત્રને ઉપયોગી પોતાનો પ્રતિનિધિ સંતાનના રૂપમાં છોડી જાય. એટલા માટે કે એ પ્રતિનિધિ પ્રાણિ માત્રનો ઉપકાર કરે તેમજ પોતાના કર્તવ્યનું પાલન કરે જેથી આ નર વલ્લી હમેશાં પલ્લવિત અને પુષ્પિત બની રહે અને સંસારને સ્વર્ગ સ્થાન બનાવે. જે મનુષ્ય પોતાના કર્તવ્યનું પાલન નથી કરતો અને એવો પ્રતિનિધિ છોડી જાય કે જે સંસારના નાશ માટે–હાનિ માટે કાર્ય કરતો હોય તો એવા મનુષ્ય પર જનતાનો અભિશાપજ પડે છે. એટલુંજ નહીં પરન્તુ એ સંસારને નરક ધામ બનાવે છે. એજ ધામમાં આપણે પાછું આવવાનું હોવાથી જો એ સ્વર્ગ ધામ હશે તો ઉત્તરોત્તર વૃદ્ધિ પ્રાપ્ત કરી આપણે આ માનવ જીવનનું પરમ ધ્યય — મોક્ષ છે એને પ્રાપ્ત કરવાના અધિકારી બની શકીશું. પણ જો એ નરક ધામ બનેલું હશે તો આપણે સારામાં સારા સંસ્કારી હોવા છતાં પણ એ સ્થાનમાં આવેલા હોવાને કારણે એની અસર આપણા પર પડશે અને પરિણામે આપણી ઉત્તરોત્તર અધો ગતિ થશે. અત એવ પ્રાચીન ઋષિ મુનિઓની ઉકિતને ઋષિ પ્રવર દયાનંદ સરસ્વતીએ સત્યાર્થ પ્રકાશમાં આલેખ્યું છે કે:– માતૃમાન્ પિતૃમાન્ આચાર્યવાન્ પુરુષો વેદ ॥' અર્થાત્ જેના ત્રણ શિક્ષકો માતા–પિતા એવં આચાર્ય સદાચારી અને વિદ્વાન હોય તો જ એ બાળક સાચો જ્ઞાની તેમજ વિદ્વાન બને છે. આગળ એજ પ્રકરણમાં લખ્યું છે કે "ગર્ભાધાન સંસ્કારના દિવસોમાં અને ત્યાર પછીના દિવસોમાં દરેક માતા પિતાએ દરેક જાતના માદક દ્રવ્ય દારૂ, દુર્ગન્ધ વાળા રૂક્ષા–ઋક્ષ બુદ્ધિનાશક પદાર્થોથી દૂર રહી ..... સુશીલતા તેમજ સભ્યતાનું પાલન કરવું જોઇએ."

મનુષ્યેતર પ્રાણિ તો પ્રાયઃ પોતાના કર્તવ્યનું પાલન કરે છે ને તેઓ પોતાના સંતાનને માટે પ્રાણ પણ આપવાને તૈયાર થાય છે. બચ્ચાની રક્ષાને માટે મનુષ્ય પોતાનું બલિદાન કરવા તૈયાર થાય છે. અને બાળકની હાનિ સાંખી શકતો નથી; પરન્તુ દારૂડિઆને પોતાના બાળકની ચિન્તા રહેતી નથી. એવા મનુષ્યોને કયા નામથી ઓળખવા જોઇએ ? એને નર–પશુ કહિએ તો પણ પશુ શબ્દ લજવાય છે. પ્રથમ તો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સંતાનોનું સારી રીતે પાલન કરેછે અને બીજું એ કદિએ માદક દ્રવ્યનું ભક્ષણ કરતો નથી ગયેડો ભૂખે મરવું તો પસંદ કરશે પરન્તુ તમ્બાકુ ખાય નહીં. પાણી વગર તરશે મરશે પરન્તુ દારુ પીએ નહીં. પરન્તુ માણસ તો જેની આવશ્યકતા નથી એવા પેયોનું પાન કરે છે તેમજ એવાજ પદાર્થોનું ભક્ષણ કરે છે. દારૂડિઓ પોતાની કમાઈ પોતાના બાળકો માટે ન ખર્ચ કરતાં પીઠામાં જઈ ગન્દી ગટરમાં વેડફી નાંખે છે. એનાં બાળકો તેમજ મહિલા મંડળની સદસ્યાઓ દાણા માટે–ખણ કણ માટે તરસે છે. એટલુંજ નહીં પરન્તુ દારૂડિઆ માતા પિતાના બાળકો વધારે પ્રમાણમાં મરે છે. એના સંબંધમાં **૬૨ મી ઈન્ટરનેશનલ સમિતિમાં લેલસિંગ કોર્ન વિશ્વવિદ્યાલયના** પ્રોફેસર **ટી. લેટિન** ને બતાવ્યું છે કે દારૂડિઆ માતા પિતાના સેંકડે ૮.૨ બાળકો નબળાં અને ૨૪.૮મરે છે. અને દારૂ ન પીનારા માતા પિતાના બાળકો ૧.૩ નબળા અને ૧૮.૫ મરે છે.

	સેંકડે	દારૂડિઆનાં	દારૂ ન પીનીરાનાં
નબળાં	,,	૮.૨	૧.૩
મરી ગયાં	,,	૨૪.૮	૧૮.૫
અધૂરાં આવ્યાં	,,	૬.૨૧	૦.૬૪

અન્યત્ર ૧૯૫૧૯ બાળકોનું કરવામાં આવેલું નિરીક્ષણઃ—

	સેંકડે	મર્યા	અધૂરાં અવતર્યા	જીવત રહ્યાં
દારુ ન પીનાર	,,	૧.૦૭	૧૩	૮૭
થોડો દારૂ	,, ,,	૫.૨૬	૨૩	૭૭
ઘણોજ	,, ,,	૭.૧૧	૩૨	૬૮

ડો. સૅલિવન દારૂ પીનારી માતાઓની દયનીય અવસ્થા દર્શાવે છેઃ—

દારૂ પીનારી સ્ત્રીઓનાં સેંકડે ૫૫.૨ અને દારુ ન પીનારી માતાઓના સેંકડે ૨૩.૬ બાળકો મર્યા.

જે માતાઓ જેટલાં વધારે પ્રમાણમાં દારુ પીએ છે. તટલી તટલી બાળકોની મૃત્યુ સંખ્યા વધારતી જાય છે. જેનું વર્ણન નીચે જણાવ્યા પ્રમાણે છેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક	સેંકડે	મૃત્યુ સંખ્યા	બાળક	મૃત્યુ સંખ્યા
પહેલું	,,	૩૩.૭	ચાર અને પાંચ	૬૫.૭
બીજું	,,	૫૦.	છ થી દસ સુધી	૭૨.
ત્રીજું	,,	૫૨		

દારૂડિયાના બચેલાં બાળકોની અવસ્થાઃ—

સેંકડે ૪.૧ બાળક મૃગીના રોગી હોય છે અને શેષ નબળાં મગજના હોય છે. તેમજ એના બાળકોનો વિકાસ પણ ઘણો ધીમે ધીમે થાય છે. એના સમ્બંધમાં બરમિંગહામની વિશેષ સ્કૂલોમાં રોગી ૨૫૦ બાળકોનું નિરીક્ષણ કરવામાં આવ્યું જેમાં સેંકડે ૪૧.૬ દારૂડિઆ માતા પિતાના બાળકો હતાં. સારાં ૧૦૦ બાળકોમાં ૧૭ બાળક દારુડિઆ માતા પિતાના નબળાં મગજના મળ્યાં.

ક્ષય રોગથી પિડિત બાળકઃ—

દારૂડિઆ માતા પિતાના બાળકોને ઘણીજ જલ્દી ક્ષય રોગની અસર થાય છે અને ઘણા મોટા પ્રમાણમાં ક્ષય રોગી જણાય છે. પ્રો. વ્હૉન-બુંગનું પરીક્ષણ નીચે પ્રમાણે છેઃ—

કોઈકિ સમયે દારુ પીનારાનાં	સેંકડે	૮.૭	ક્ષયના રોગી
દિસાબથી પ્રતિદિન	,,	૧૦૭	,,
શકિતથી બહાર	,,	૧૬.૪	,,
બેહદ નામીચા દારૂડિઆના	,,	૨૧.૭	,,

વંશપરંપરા દારૂ પીનારા માતા પિતાની સંતાનઃ—

બર્ન (સ્વિર્ઝર્લેન્ડ)ના પ્રૉ. ડેમ એ ૧૨ વર્ષના ઘણાજ પરિશ્રમથી પરીક્ષણ કર્યું છે. જેનું પરિણામ નીચે લખ્યા પ્રમાણે છે.

દારુ પીનારા સેંકડે ૧૭.૫ બાળકો સ્વસ્થ જણાયાં તો દારૂ ન પીનારાઓના સેંકડે ૮૨ ટકા સ્વસ્થ જણાયાં.

આંકડાઓ તો બીજા પણ ઘણાં ટાંકી શકાય છે. આ વિષયમાં ડો. હૉજ અને ડો. સ્ટૉકર્ડનાં પશુઓ પર કરેલાં પરીક્ષણોનાં આંકડા પણ ઘણાંજ ઉત્તમ છે પરન્તુ વિસ્તારના ભયથી અત્રે ટાંકતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર લખેલાં પરીક્ષણોથી સિદ્ધ થાય છે કે દારુ પીવાની ટેવ પુરૂષ યા સ્ત્રીમાં જેટલા જેટલા પ્રમાણમાં વધારે પડી છે તો એની અસર પ્રજતન શક્તિપર ઘણીજ પડી છે —બાળકની બુદ્ધિ ને શરીરપર પ્રત્યક્ષ જણાય છે – બાળકો અધુરાં જન્મે છે. એમનાંમાં આચાર-વિચાર—કર્તવ્ય-અકર્તવ્ય આદિનું ભાન રહેતું નથી. તેઓ અપવિત્રતા પ્રતિ ધસડાય છે અને એનાથી વ્યભિચારની પ્રગતિ રાત દિન વધે છે. એના પરિણામ સ્વરૂપ ગુપ્ત રોગોના શિકાર બની સમાજને કલુષિત કરે છે. વ્યક્તિથી સમાજ બને છે. અને સમાજ એજ રાષ્ટ્ર છે. અત એવ દારુડિયો પોતે પરાધીન થાય છે અને સાથે સાથે દેશને પણ પરાધીન બનાવે છે. મદિરા મોહિનીની મોહ જાળમાં એવો ફસાય છે કે એ પોતાના સર્વસ્વનો નાશ કરી બેસે છે.

દારુથી રાષ્ટ્રને હાનિ:—

આપણે જાણીએ છીએ કે રાષ્ટ્ર વ્યક્તિથી બને છે. એને સુદૃઢ, બુદ્ધિ-શાળી અને ઐશ્વર્યવાન જોવી હોય તો એની શારીરિક અને માનસિક દશા સારી હોવી જોઈએ. શારીરિક સ્થિતિ થોડી દુર્બળ પણ હોય અને માનસિક અવસ્થા પૂર્ણ સ્વસ્થ હોય તો પણ પોતાનું કાર્ય ચલાવી શકે છે પરન્તુ માનસિક દશા દુર્બળ હોય અને શરીર પુષ્ટ હોય તો પણ સુ-દરતાથી એ પોતાનું કાર્ય કરી શકતો નથી. આપણે જાણી લીધું છે કે દારુ મગજ પર કેટલી ભયંકર અસર કરે છે. વ્યક્તિ તો આડામાં પડે છે પરન્તુ સાથે સાથે રાષ્ટ્રને પણ અધઃ પતન પ્રતિ ધકેલી મુકે છે.

રાષ્ટ્રની આર્થિક સ્થિતિ પર પડતી અસર:— દારૂડિયો પોતાના પરિવારનું પોષણ કરવાને બદલે ગાઢા પરસેવાથી કમાયેલા ધનને પીઠાંમાં વેડફી નાંખે છે. વળી એની કાર્ય શક્તિ ઓછી થવાથી રાષ્ટ્રની સમ્પત્તિ-ઉત્પાદન શક્તિ વધી શકતી નથી અત એવ દેશ કંગાળ થાય છે.

રાષ્ટ્રની શારીરિક અવસ્થા પર થતી અસર:—દારૂથી મનુષ્ય નિર્બળ બને છે અત એવ એ રોગગ્રસ્ત થાય છે. રોગી વ્યાપારી ન તો પોતાના ધન્ધાની ઉન્નત્તિ કરી શકતો તેમજ ન તો પોતાના શરીરનું પણ કલ્યાણ કરે છે. એવીજ રીતે રોગી સૈનિક પોતાના શત્રુનો દૃઢતા પૂર્વક સામનો કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતો નથી અને પોતાનું પણ કલ્યાણ કરતો નથી.

રાષ્ટ્રની માનસિક અવસ્થા પર થતી અસરઃ— આપણે જોઇ આવ્યા તેમ દારૂ મસ્તકનાં બધાંજ કેન્દ્રોને મૂર્છિત કરે છે. મૂર્છિત થવાથી ઉચ્ચ વિચાર તો આવતાજ નથી પરન્તુ અધમ વિચારોનો પ્રાદુર્ભાવ થાય છે. નિયમ છે કે જે ઉચ્ચ વિચારો નથી કરતો તો નીચા અને અધમ વિચાર તેમજ કાર્ય કરે છે. જેવી રીતે ભૂમિમાં ઉપયોગી વૃક્ષો રોપવામાં કે ખેતી કરવામાં નથી આવતી ત્યાં અનુપયોગી કાંટા આદિ ઘાસ કુસ નિકળી આવે છે. પરિણામતઃ એ અધમ, સ્વાર્થી અને વિષયી બનતો જાય છે. પોતે તો દુઃખી થાય છે. એટલુંજ નહીં પરંતુ સમાજને કલુષિત કરે છે. એ મરકેલા સાંડના સમાન સાંસારમાં હાનિ પહોંચાડે છે. ઉન્નત બનાવવા પ્રયત્ન કરવા છતાં ઉન્નત બની શકતો નથી અને એ ઉન્નત થવા ચાહતો પણ નથી. આ પ્રમાણે સમાજ સંસ્કૃતિ હીન બની દયા, પ્રેમ તેમજ આત્મોત્સર્ગની ભાવનાથી રહિત બને છે. અને દ્વેષ, કલહ, ઇર્ષ્યાદિનો શિકાર થાય છે. એટલુંજ નહીં પરંતુ એ પોતાની સંસ્કૃતિનેમાટે લડી પણ શકતો નથી.

મુખ્યરૂપે બે પ્રકારની શાસન પ્રણાલિ આજે સંસારમાં જણાય છે. એક સત્તાત્મક શાસન અને પ્રજા સત્તાત્મક શાસન. પ્રથમ વ્યવસ્થામાં રાજા યદિ દારુડિઓ છે તો એની પ્રજા એવીજ થવાની અને દારૂથી ઉપન્ન થતાં દુષ્કર્મો વ્યભિચારાદિ થવાનાંજ. રાજા શત્રુઓનો સામનો પણ કરી શકતો નથી. પરંતુ ગૃહ કલહમાંજ પાવરધા બને છે. પરિણામમાં રાજા તેમજ એની પ્રજા સ્ત્રી અને શ્રીનેમાટે પરસ્પર લડી સુન્દોપસુન્દના સમાન મરે છે. અથવા તો દેશી કે પરદેશી જાતિનો દાસ બની પ્રજાનો સર્વતો મુખી નાશ કરાવે છે.

પ્રજા સત્તાત્મક શાસન પ્રણાલિમાં મતો દ્વારા કાર્ય કરવામાં આવે છે. મત દાતા દારુડિયો હોય તો જે વધારે દારૂ પીવડાવે તેને પોતાનો મત આપે છે પછી અયોગ્ય કે વૈશાખ નન્દન કેમ ન હોય ? દારુથી માનવોચિત સદ્‌ગુણોનો નાશ થાય છે અને પશુ જીવન બનતું જાય છે. ધીરે ધીરે એ પુરો પશુ બની જાય છે. નજીવી બાબતોમાં પરસ્પર લઢે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને અન્તે પ્રજા સત્તાત્મક શાસન પ્રણાલિનો પણ નાશ થાય છે.

કોઇ પણ મનુષ્યને અવનતિનાં ખાડામાંથી કાઢવો હોય તો સર્વ પ્રથમ એની પીવાની ટેવનો ત્યાગ કરાવવો જોઇએ. આપણા દેશના કહેવાતા અછૂત–હરિજનોનો ઉદ્ધાર કરવો હોય તો એમના દારૂ તાડીના ઉપયોગને રોકવો પડશે. અન્યથા એમનો ઉદ્ધાર થવાનોજ નથી.

દારૂથી મનુષ્ય પશુ બની જાય છે. એ સારાં નરસાં–કર્તવ્યાકર્તવ્યને જાણી શકતો નથી. એને પોતાનું કે પોતાની પત્નીનું કે પોતાનાં બાળકોનું ધ્યાન હોતું નથી. પત્ની તેમજ કુમારો વિચારે કે જે આજે પગાર મળવાનો છે. સીધું સામાન ખરીદીશું પરન્તુ કાર્ય વિપરીત થાય છે – પ્રાયઃ અધુંજ ધન દેવામાં આપવું પડે છે. પત્ની ખોરાક માટે ધન માંગે છે તો તેમનાં પર ગાળોની વર્ષા અને લાતો કે મુક્કાઓની વર્ષા થાય છે. બિચારાં બાળકો તેમજ પત્ની અર્ધાં ભૂખ્યાં અને અર્ધ વસ્ત્રથી પોતાનું શરીર ઢાંકે છે. જો આપણે ઉન્નતીજ કરવા ચાહતા હોઇએ અથવા દેશને પણ સ્વાધીન બનાવવો હોય તો સર્વ પ્રથમ મજુરોને આ અવસ્થાથી દૂર કરવા જોઇએ. અન્યથા ઉન્નતિ અસંભવ છે. પડોશીની આ અવસ્થા છે તો તે માણસ ચાહે પ્રભુ ભક્તિમાં કેમ ન તલ્લીન થઇ રાગડા આલાપતો હોય કે વિદ્યાવિલાસ કરનારા વિદ્વાન મહાનુભાવો શબ્દાડમ્બરમાં પોતાનું પાણ્ડિત્ય કેમ ન ઠાંસતા હોય એ સર્વે નિરર્થક છે. ત્યાંસુધી રાષ્ટ્રના અર્ધાંજ આંદોલનો અસફળ રહેશે ત્યાંસુધી આનાં જડમુળ પર ઘા ન કરવામાં આવે. દેશનું દારિદ્ર દૂર કરી, ગૃહસૌખ્ય, શારીરિક સ્વસ્થતા તેમજ રાષ્ટ્રિય ઉન્નતિ કરવી હોય તો મનુષ્યને પશુ બનાવનારી એ મારક વસ્તુનો હંમેશને માટે ત્યાગ કરાવવો પડશે.

: સહશિક્ષણ એક રોગ :

કુમાર અને કુમારીઓનું શિક્ષણ શા માટે જુદું હોવું જોઇએ એનાં સમ્બન્ધમાં યુક્તિઓથી સિદ્ધ કરવામાં આવ્યું છે. કન્યાઓને શિક્ષણ આપવાના ઇચ્છુકોએ અવશ્ય વાંચવું જોઇએ.

વૈદિક જીવન મુદ્રણાલય, દુધીઆ તળાવ, **નવસારી.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારત, રાક્ષસની નાગચૂળમાં

આ પ્રકરણમાં ભારત સરકારની આ વિષયમાં કેવી રીતની નીતિ રહી છે એના પર વિચાર થશે. પરન્તુ એનાં પૂર્વ પ્રાચીન સાહિત્યમાં મદ્ય-દારૂ-નાં સમ્બન્ધમાં કેવી રીતની વ્યવસ્થા છે એની ચર્ચા ઉલ્લેખવી અસ્થાને નહીં ગણાય. વેદકાળમાં મદ્યના સમ્બન્ધમાં કોઇપણ જાતનો ઉલ્લેખ જણાતો નથી. તથાપિ કેટલાક પશ્ચિમીય અને એમની આંખે જોનારા કતિપય એતદ્દેશીય વિદ્વાનોનું કથન છે કે **સોમ** શબ્દ વેદમાં આવે છે અને વર્તમાનમાં જેને મદ્ય કહેવામાં આવે છે એજ તે છે. એના સમ્બન્ધમાં પશ્ચિમીય વિદ્વાનોમાં પણ મતભેદ છે.*

વેદ કાળના ઘણા સમય પછી સ્મૃતિ અને પૌરાણિક કાળના સાહિત્યમાં મદ્યનું વર્ણન અવશ્ય છે. અને એનાં ભિન્ન ૨ પ્રકારનાં નામ પણ એમાં જણાય છે. એના ગુણ દોષનો પણ વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એનાથી મનુષ્યોની રૂચિની પ્રતીતિ થાય છે. ન કેવળ ભારતનાંજ સાહિત્યમાં દારૂનું વર્ણન છે પરન્તુ સંસારનાં જેટલાં પ્રાચીનમાં પ્રાચીન સાહિત્ય જોવામાં આવે છે એમાં દરેકમાં દારૂનું વર્ણન પ્રચુર માત્રામાં જોવામાં આવે છે. એનાં કેટલાંક નામોનો ઉલ્લેખ કરવો અસ્થાને નહીં ગણાય છે. એને પ્રસન્ના, અમૃતા, વીરા, મેધાવી, મોહિની, સુપ્રતિમા, મનોજ્ઞા-સૃષ્ટાઆદિ કહેવામાં આવે છે.

આયુર્વેદ તેમજ સ્મૃતિકારો એનાં દુર્ગુણોને સારી રીતે જાણતા હતા. મહારાજ **મનુએ** તો ઘણાજ કઠોર શબ્દમાં એની નિન્દા કરી છેઃ-

यक्षरक्षः पिशाचान्नं मद्यं मांसं सुरासवम् ॥

અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય તેમજ વૈશ્યોએ એનાથી દૂર રહેવું જોઇએ.

ભગવાન **પારાશરે** તો અગમ્યાગમન અને મદ્ય ગો માંસાદિ ભક્ષણ **ભક્ષણ** માટે **ચાંદ્રાયણનું** પ્રાયશ્ચિત કરવાનું બતાવ્યું છે.

મહારાજ શુક્રાચાર્યે મહાભારતમાં **લખ્યું** છે કે મદ્ય-દારૂ પીનારો **બ્રહ્મ-હા**-(બ્રહ્મહત્યાનો પાપી) ગણવામાં આવ્યો છે.

*વિશેષ વિચાર પરિશિષ્ટમાં કરવામાં આવ્યો છે.—લેખક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધકાળમાં બૌદ્ધ ધર્મના સંસ્થાપક શ્રી મહાત્મા ગૌતમ બુદ્ધે પોતાના સંઘના પાળવાના જે પાંચ નિયમો બનાવ્યા હતા તેમાં મદ્ય-પાન નિષેધને પરમ આવશ્યક બતાવ્યો છે. અને એનો પ્રચાર ઘણોજ સારી રીતે થયો હતો ફલતઃ સમ્રાટ્ અશોકના સમયે ભારત વર્ષ પ્રાયઃ દારૂથી મુક્ત હતો. પરન્તુ દેશના દુર્ભાગ્યે મધ્યકાળમાં ફરીથી દારૂનો પ્રચાર-પ્રભાવ વધવા લાગ્યો. રાજપુતોએ મહારાજ મનુની આજ્ઞાનો નિરાદર કરી મોહમયી મદિરા દેવીનું સેવન કરવા લાગ્યા. પરદેશી મુસ-લમાનોના આક્રમણની સાથે દારૂએ પણ પોતાનું ભયંકર આક્રમણ ભારત પર કર્યું. એનું વર્ણન તત્કાલીન ઈતિહાસમાં જણાઈ આવે છે. એક સમયે અલાઉદ્દીનને દારૂ પ્રતિ વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને તેથી તેમણે બધી જ દારૂની શિશીઓ સડક પર ફેંકી દીધી એનું પરિણામ એ આવ્યું કે સડક પર કિચડ થઇ ગયો. મોગલ બાદશાહોના નાશના કારણોમાંનું એક કારણ દારૂ પણ છે. જહાંગીરને માટે તો પ્રસિદ્ધ જ વાત છે. હાં, ઔરંગજેબ એનાથી મુક્ત અવશ્ય હતો. પરન્તુ એના પછીના રાજ્યના ઉત્તરાધિકારીઓએ તો દારૂનું ઘણું જ સેવન કર્યું હતું.

મુસલમાનોનો ભાગ્ય રવિ અસ્ત થયો અને પરદેશી ગોરાઓના રાજ્યની સ્થાપના થઇ. તેઓમાં તો દારૂ પાન હતુંજ. તેમના ધર્મમાં મદ્ય પાન નિષેધ ન હતો અને તેમાં વળી તેઓ શાસકો હતા એટલે તો મદ્ય પાનની પ્રગતિ દિન પ્રતિ દિન બીજના ચન્દ્રના સમાન વધતી જતી હતી. એના સમ્બન્ધમાં તે સમયનીજ એક સાક્ષી પ્રસ્તુત કરું છું સન ૧૮૩૦-૩૨ માં કૉમન્સ કમિટિએ હૉલ્ટ મૈકેન્જી નામક એક વ્યક્તને પુછ્યું હતું કે " અંગ્રેજોના નિવાસની પાસે રહેનારા ભારતીયો પર કોઇ પણ જાતનો પ્રભાવ પડયો છે કે કેમ ? "

હૉલ્ટ મૈકેન્જીઃ— કલકત્તાને જોતાં અનુભવ થઈ શકે છે કે ભારતીઓની પ્રીતિ અંગ્રેજોની વિલાસ સામગ્રી પ્રતિ વધતી જાય છે. પોતાના મકાનોને અમારી રૂચીના અનુસાર શણગારે છે. ઘડિયાળો રાખે છે. અને સાંભળવામાં આવે છે કે દારૂ પણ પીતા થઇ ગયા છે.

દેશવાસીઓની પ્રીતિ દારૂપ્રતિ વધતી જોઈને મહામના કેશવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રસેને ઉદ્ગારો કાઢયા હતા. "દારૂએ સમાજને એટલો બધો પતિત વ્યભિચારી અને નાસ્તિક બનાવી દીધો છે, કે એના સુધાર ઘણો જ કઠણ છે. પ્રથમ તો અંગ્રેજ શિક્ષણને લીધે ભારતીઓની પોતાના ધર્મ પરથી શ્રદ્ધા હટી ગઈ છે, અને વળી દારૂની દુકાનોની વૃદ્ધિ થઈ છે."

અંગ્રેજોના પૂર્વ શાસકો દારૂ વેચવાની હરાજી કરતા હતા, અને જે માણસ વધારે કિમ્મત આપે તેને વેચવાની છૂટ આપવામાં આવતી હતી. અંગ્રેજ શાસકોએ વિચાર્યું કે એમાં વધારે ધન મળતું નથી તેથી 'ડિસ્ટીલરી' પદ્ધતિનો સ્વીકાર કર્યો અર્થાત્ ઠેકજ સ્થાનમાં સરકાર સ્વયં દારૂ તૈયાર કરાવતી અને ગેલનનો ભાવ બાંધી આપતી પણ બનાવનારને વેચવાનો અધિકાર ન આપતાં બંદને જ આપતી અને સાથે પોતાના આબકારી ખાતાને વધારે મુસ્તૈદ બનાવ્યું, અને જે દારૂ બનાવે એને ભારેમાં ભારે દંડ આપવાનું ધોરણ બનાવ્યું. એનાથી સરકારને થોડા દારૂમાં ઘણી જ ઉત્પન્ન થવા લાગી. એ પોતાની ઇચ્છાનુસાર દારૂની કિમ્મત રાખતા. દારૂની દુકાનોની સંખ્યા અને એનું સ્થાન પણ પોતે જ નિશ્ચિત કરતી. આ પ્રમાણે દારૂ પણ વધારે ખપવા લાગ્યો અને સરકારને વધારે ધન મળતું, પરન્તુ જનતા પતિત બનતી ગઈ. સામાન્ય રીતે સરકાર મદ્યપાન ઓછું થાય એમ કહેતી ખરી પરન્તુ વેચવાની તેમજ બનાવવાની સત્તા પોતાના હાથમાં હોવાને કારણે કોઇ પણ રીતે વધારે ધન મળે એમ પ્રયત્ન કરતી.

શાસકોની દારૂ બંધ કરવાની અન્તરની જ ઇચ્છા હોત તો ઘણીજ સરળતાથી દારૂ બંધ થઈ શકત કારણ કે સિન્ધુ તેમજ મુસલમાનના ધર્મ શાસ્ત્રમાં દારૂ પીવાનો નિષેધ છે. પરન્તુ એમનું દૃષ્ટિબિન્દુ તો ધનની વધારેમાં વધારે આવક થાય એ જ છે. એને શી પડી છે દેશના નૈતિક જીવનની? જેમ ખેડુતો પાસે કર વસુલ કરવામાં જેવી અને જેટલી સખતાઈ કરવી પડે છે, તેમ દારૂની આવક ચોકસી કરવામાં એને કોઇ પણ પ્રકારનો વિશેષ ખર્ચ કે જુલ્મ કરવો પડતો નથી. "એટલુંજ નહીં પરન્તુ આબકારી વિભાગના અધિકારીઓને પ્રત્યક્ષ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપ્રત્યક્ષ રીતની આવક વધારવાને માટે સૂચનાઓ પણ આપવામાં આવે છે. જ્યાંથી ઓછી આવક આવતી તે વિભાગના અધિકારીઓ ની સરકારી ગઝેટમાં નિન્દા કરવામાં આવતી હતી. એ વિભાગમાં અધિકારીઓને રાખવા કે ન રાખવા એ રીપોર્ટ પર આધાર રહેતો હતો. શ્રી. ફેન મહોદયે સ. ૧૮૮૯માં હાઉસ ઑફ કૉમન્સમાં સરકારી રીપોર્ટોથી કેટલા એ ઉદાહરણ બતાવી આપ્યાં હતાં. આથી સ્પષ્ટ છે કે મદ્ય નિષેધના સમ્બન્ધમાં સરકારની નીતિ કેવી છે ?×

દારૂ વેચનારાઓ પોતાનો નફો વધારવાને માટે દારૂની બાબત ઘણીજ વધારી મુકી તેમજ ગવર્નમેન્ટે પણ પોતાની આવક વધારવાને માટે ઘણા પ્રયાસો કર્યા છે.

અર્થાત્ દારૂની નવી દૂકાનો બજારમાં ગામડાંઓના રસ્તાઓ પર મીલ અને કારખાનાઓ પાસે ઓછી અને જુની દૂકાનો ઓછી કરવામાં આવી. પરિણામ એ આવ્યું કે જનતામાં દારૂનો ઘણોજ પ્રચાર વધી ગયો. ૧૯ મી સદીના અન્તમાં આ પ્રચારને રોકવાને માટે અનેક સંયમ સંસ્થાઓ ખોલવામાં આવી, અનેક પ્રકારના પ્રદર્શનો, નાટકો, નવલ-કથાઓ આદિ સાહિત્યનું પુર આવ્યું. ભારત સરકારને પ્રાર્થના કરવામાં આવી, પરન્તુ વ્યર્થ ગઇ. છેવટે એ પ્રશ્ન ઇંગ્લેન્ડની સાધારણ સભાની પાસે ગયો. હાઉસ ઑફ કૉમન્સ એ તા. ૩૦ એપ્રિલ ૧૮૮૯ માં એક પ્રસ્તાવ દ્વારા ભારત સરકારનું ધ્યાન આકર્ષ્યું. તત્કાળ ભારતમાં અશાન્તિ દૂર કરવાને માટે વિશેશ આજ્ઞા આપવામાં આવી. ત્યારેજ ભારત સરકારે થોડું ઘણું સંશોધન કર્યું.

(૧) દારૂ અને બીજા પ્રકારના મદ્યોપર **જેટલો બની શકે એટલો** કર વધારવો.

(૨) એના વ્યાપારમાં **ઉચિત નિયંત્રણ** રાખવું.

(૩) પ્રત્યેક સ્થાનની **સુવિધાના અનુસાર** મદ્ય અને માદક પદાર્થોની વેચવાની દૂકાનોને નિયમિત કરવી.

× ફાયનેંશિયલ ડેવેલપમેંટ્સ ઇન ધી ઇંડિયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) લોકમત જાણવાનો પ્રયત્ન કરવો અને જાણ્યા પછી એના સમ્બન્ધમાં **ઉચિત સીમા** સુધી ધ્યાન પણ આપવું.

મોટો અક્ષરોથી પણ સરકારની નીતિનું ધ્યાન આવી શકે તેમ છે એટલું જ નહીં. (૪) માં ઉચિત શબ્દના પ્રયોગને કારણે લોકમતની અવહેલનાની ધ્વનિનું એકાએક ધ્યાન આવે છે. એમાં લોક કલ્યાણની વાત ક્યાં સુધી સમાયેલી છે ?

આ આજ્ઞાનો અમલ કરવા માટે નીચે જણાવેલાં સાધનોનો ઉપયોગ કરવો.

(૧) આઉટ રિટલ યા ફાર્મિંગ* પદ્ધતિને બન્દ કરવી.

(૨) સેન્ટ્રલ હિસ્ટિલરી પદ્ધતિનો સ્વીકાર કરવો.

(૩) દેશી દારૂ પર વધારેમાં વધારે કર નાંખવો પરન્તુ **એટલું ધ્યાન રાખવું કે વિદેશી દારૂ કરતાં એ કર વધારે હોવો જોઇએ નહીં.**

[૪] દૂકાનોની સંખ્યા ઓછી કરવી.

આ સુધારો ભારત સરકારે ૪ ફેબ્રુઆરી ૧૮૬૦ ના ડિસ્પેચમાં લખી સામ્રાજ્ય સરકારને મોકલાવી આપ્યો. સરકારની આ નીતિથી શું હાનિ લાભ થયો એનું નિરીક્ષણ કરીએ.

વર્ષ	કુલ ઉત્પન્ન કરોડમાં	અસલ આવક કરોડમાં
૧૮૬૧	૧.૬	૧.૫
૧૮૬૫	૨.૦	૧.૭
૧૮૬૯	૨.૨	૧.૯
૧૮૭૩	૨.૨	૨.૧
૧૮૭૭	૨.૪	૨.૩
૧૮૮૧	૩.૪	૩.૩
૧૮૮૫	૪.૧	૪.૦
૧૮૮૯	૪-૮	૪.૭
૧૮૯૩	૫.૩	૫.૧

*મદ્ય બનાવનાર તેમજ વેચનાર એક જ માણસ હોય અને એ હરાજીમાં ઉંચી માંગણી કરનારને જોઇએ તેટલો દારુ મળે. (આ રીતે એના પર કોઇપણ જાતનું નિયંત્રણ રહેતું નથી.) —લેખક—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૯૭	૫.૪	૫.૨
૧૯૦૧	૬.૦	૫.૮
૧૯૦૫	૮.૪	૮.૧

ધન વૃદ્ધિનું કારણ સરકાર ચાહે તે કહે પરન્તુ એ નિર્વિવાદ છે કે સરકારની ધન લોલુપતાની વૃત્તિ ઘણીજ વધેલી છે. જ્યાં સુધી એ વૃત્તિનો નાશ નહિ થાય ત્યાં સુધી દારૂનું વેચાણ ઓછું થવાનું નથી.

તા. ૭-૯-૧૯૦૫ મી એ સરકારનાં અર્થ વિભાગે નીચે જણાવેલી નીતિની ઘોષણા કરી છે.

"જેઓ નિયમિત દારૂ પીએ છે. એની એ ટેવમાં સરકાર હસ્તક્ષેપ કરવા ચાહતી નથી **સરકાર એ વિષયને પોતાના કર્તવ્યની બહાર સમજે છે. એના વિચારમાં તેમની આવશ્યકતાઓને પુરી કરવી આવશ્યક સમજે છે.** પરન્તુ સરકાર એ અવશ્ય ચાહે છે કે જેઓ દારૂ પીતા નથી એમના માર્ગમાં જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પ્રલોભન ઓછાં કરવામાં આવે. અતિ પાનની વૃત્તિને રોકવામાં આવે અને એ નીતિ પર અમલ કરવાને માટે સરકાર આવકના વિષયને ગૌણ સમજે એને કાર્યરૂપમાં લાવવાને માટે સૌથી સહેલો રસ્તો–જ્યાં સુધી બને ત્યાં સુધી કર વધારવાનો છે. પણ એ વાતનું ધ્યાન રાખવું રહ્યું કે રખે કાંઇ ગુપ્ત રીતે દારૂ બનાવનારને ઉત્તેજન ન મળે અથવા તો લોકો સૌમ્ય દારૂ પીવાને બદલે કાંઈ ભયંકર તીવ્ર પીવા પ્રારંભ ન કરી દે એ નીતિને ધ્યાનમાં રાખીને દારૂની દુકાનોની સંખ્યા પણ જ્યાં સુધી બને ત્યાં સુધી ઓછી કરવામાં આવે. સાથે સાથે પ્રલોભન ઓછાં કરવાને માટે અવરનવર કડોર તપાસ કરવી જોઇએ, કે દારૂની દુકાનો કેવે કેકાણે છે? **જ્યાં સુધી બની શકે ત્યાં સુધી લોકમતના અનુકુળ રહેવામાં આવે,** તેમજ એનું પણ ધ્યાન રાખવું જોઇએ કે દુકાનો પર સારો દારૂ રાખવો જોઇએ; ખરાબ અને સ્વાસ્થ્યને હાનિ પહોંચાડનારો નહીં."

ઉપરની પંક્તિઓ ભારતને માટે લખવામાં આવી છે. જ્યારે ઇંગ્લેન્ડના પ્રધાન મંત્રી શ્રી. રૂમસે મૅકડોનલ્ડના વચનોની તુલના કરો જે નીચે લખવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેટલાક લોકો કહે છે કે અમે જનતાને પાર્લામેન્ટ દ્વારા વિધાન-નિયમ બનાવીને અસતોથી મુક્ત કરી શકીએ નહીં; જનતાની આંખમાં ધૂળ નાંખનારી, મૂર્ખતા ભરેલી, જુઠી દલીલોથી હું ઘૃણા કરું છું. આવી દલીલો એવા માણસો કરે છે કે જેનામાં મગજ-વિચાર શક્તિ નથી, અને મૂર્ખ લોકો જ એમની વાતોમાં વિશ્વાસ કરે છે. સમસ્ત સંસારનો અનુભવ નિશ્ચિત અસંદિગ્ધ અને અકાટય છે. પાર્લામેન્ટ દ્વારા નિયમ બનાવીને સ્ત્રી પુરુષોને જરૂર અસતોથી મુક્ત કરાવી શકીએ છીએ."

અર્થ વિભાગના નિવેદન પત્રમાં સ્પષ્ટતાથી લખી દીધું કે સંપૂર્ણ દારુ નિષેધ કરાવવો અમારી શક્તિની બહાર છે. એમાં વસ્તુતઃ ધન લોલુપતા પ્રત્યક્ષ દૃષ્ટિ ગોચર થાય છે. સ્વાર્થી આંધળો હોય છે. તે બીજાની વસ્તુઓને જોઈ શકતો નથી, એને શું પડી છે કે કોઈ મહાન રાષ્ટ્રના નાશની ? જે રાષ્ટ્રનો ભુતકાળનો ઇતિહાસ સૂર્યસમ જવલન્ત હતો, જે રાષ્ટ્રે સંસારના ગુરુપદને સ્વીકર્યું હતું, જે રાષ્ટ્રની સંસ્કૃતિનું અન્ય રાષ્ટ્રો અનુકરણ કરતા, જે રાષ્ટ્રે ઇહ લોક અને પરલોકના તત્વોનું સમ્યક્ પ્રકારે જ્ઞાન પ્રાપ્ત કરેલું, જે રાષ્ટ્રે સંસારને પોતાના આધ્યાત્મિક જીવનથી ચકિત કરી મુકેલું, જે રાષ્ટ્રે પ્રાણી માત્રની સાથે સમભાવના રાખી પ્રાણીઓના હિતને પોતાના હિતથી પ્રથમ ગણેલું એવા રાષ્ટ્રને સાદક દ્રવ્યોના ચેતમાં રાખી દીન, દરિદ્ર દુર્બળી, મૂર્ખ રાખી ગુલામ બનાવી રાખવો, અને એ પણ કેવળ ધનલિપ્સાને કારણે ! લોભ અને સંકોચ કયાં ? એટલા માટે જ કહેવામાં આવે છે. કે સ્વાર્થી અન્ધં ન પશ્યતિ એ ઉક્તિને અરે જ ચરિતાર્થ કરી છે. જે વખતે દારુની દુકાનો પર સત્યાગ્રહ સ્વયંસેવક કરતા હતા, તે વખતનો લાઠીચાર્જ, કેવળ પુરુષો પર નહિ પરંતુ સ્ત્રીઓ પર પણ થયો હતો, અને એ પણ અંધાધુન્ધ લાઠી અમે કયા અંગો પર મારી રહ્યા છે ? જે કોમળ અંગો છે ત્યાં પણ લાઠીનો પ્રહાર, કારાવાસ આદિ ઘટનાઓ સંસારની દૃષ્ટિ ગોચર થયેલી છે. આનાથી જ જાણી શકાય કે **શાસક વર્ગે લોક મત જાણી લોકમતના અનુકુળ કયાં સુધી રહ્યો છે? અતિપાનને રોકવા માટે કર વધારવા અને સાથે જ કયાંએ અનિયમિત રૂપે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગુપ્ત રીતે દારૂ બનવા ન પામે એનું ધ્યાન રાખવું. આ સ્પષ્ટ બતાવે છે કે એમને અસ્ખલિત રીતે નિયમિત વ્યાપાર ચાલુ રાખવોજ છે આ એની નેમ છે. એમ માનવામાં તલમાત્ર સંશય કરવાની આવશ્યકતા રહેતી નથી. **રાજ ગોપાલાચાર્ય** પોતાના **પ્રોહીબીશન મેન્યુઅલ**માં લખે છે:— "શાસક દારૂના વ્યાપાર પર નિયંત્રણ કરી રહ્યા છે. એ દાવાને અનુભવથી સિદ્ધ કરી શકાતો નથી ઓછામાં ઓછા દારૂના વેચાણમાં વધારેમાં વધારે આવક થાય એ ભાવના સેવનારને થોડી આવક પણ રુચી શકે. ભારતમાં બધે જ જણાય છે કે સરકારનું દારૂ પર વસ્તુતઃ નિયંત્રણ નથી પરન્તુ એનો એકાધિકાર છે, અને એ એકાધિકાર પણ એવો છે કે અધિકાંશ પ્રાંન્તીય સરકારને એમની કુલઆવકનો ૪ થો ભાગ મેળવી આપે છે. અહિંની સરકારની સ્થિતિ દારુ બનાવનારી કમ્પનીના સમાન છે.

નાબાલિગ-બાળકોને દારૂના નિયંત્રણને છોડીને બીજા કશા વિષયમાં કઠોર નિયંત્રણ નથી. પરવાના અનુસાર જેટલો દારુ વેચવા ચાહે તેટલો વેચી શકે છે. એજ પ્રમાણે પ્રારંભમાં કેવળ **દારૂ પીવાની આજ્ઞા** મળે છે. અને પછીથી એની રક્ષા થયા કરે છે. એવી રીતે અન્તમાં દારૂના પ્રચારની નોબત આવે છે. "લોકહિતને માટે આવક સમ્બન્ધી બધા વિચારોને ગૌણસ્થાન આપવામાં આવે." ભારતના પ્રત્યેક શિક્ષિત અને સમજદાર મનુષ્ય આ સમ્બન્ધમાં કેટલો વિશ્વાસ રાખી શકે છે.?.........

સરકારના ત્યાર પછીના વર્ષોની આવકનો હિસાબ જોઇએ.

વર્ષ	આવક કરોડમાં	વર્ષ	આવક કરોડમાં
૧૯૦૫	૮.૪	૧૯૨૦	૨૦.૪
૧૯૦૭	૯.૪	૧૯૨૨	૧૮.૦
૧૯૧૧	૧૧.૪	૧૯૨૪	૧૯.૫
૧૯૧૭	૧૫.૧	૧૯૨૬	૨૦.૦
		૧૯૨૮	૨૩.૫

આવકના વધારાનું કારણ સરકાર લોકોની સમ્પત્તિ વધી છે એજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવવામાં આવે છે.*

ભારત સરકારનો આ વ્યંગ વસ્તુતઃ ભારતને માટે ઉપહાસની એવં અન્ય દેશવાસિયોની આંખમાં ધૂળ નાંખનારી વાત છે, પરન્તુ વસ્તુતઃ કર વધવાનું કારણ માદક દ્રવ્યનો વધારે પ્રમાણમાં પ્રચારજ છે.

વર્ષ	દારુની દૂકાન	માદક દૂકાન	કુલ
૧૮૯૯–૧૯૦૦	૮૨,૬૧૭	૧૯,૭૬૬	૧,૦૧,૮૮૩
૧૯૦૫–૧૯૦૬	૯૧,૪૪૭	૨૧,૮૬૫	૧,૧૩,૩૧૨
૧૯૧૦–૧૯૧૧	૭૧,૦૫૨	૨૦,૦૧૪	૯૧,૦૬૬
૧૯૧૫–૧૯૧૬	૫૫,૦૪૬	૧૭,૩૧૬	૭૩,૩૬૨
૧૯૧૮–૧૯૧૯	૫૨,૬૮૩	૧૭,૧૫૨	૬૯,૮૫૩
૧૯૨૬–૧૯૨૭	–	–	૪૩,૮૬૦

દિન પ્રતિદિન વિષમ સમસ્યા:—

"સરકારના પક્ષવાળા ચાહે તે કહે પરન્તુ એમાં કોઇપિણ પ્રકારનો શક નથી કે ખેડુત અને કારખાનાના મજુરોને લોભાવવાને માટે સમ્પૂર્ણ દેશમાં દારૂની દૂકાનો પ્રત્યેક સડકપર શહેરોપર સારામાં સારાં સ્થાનપર રાખી છે. એ દુકાનોમાં દારૂ વેચવાનો હક જે વધારેમાં વધારે પૈસા આપે તેને આપવામાં આવે છે. દૂકાનદાર પણ પોતાનું ધન વસુલ કરવા માટે ગ્રાહકની સંખ્યા વધારે છે. એટલી બધી વધારે છે કે બીજે વર્ષે બીજા માણસો વધારે ધન આપવા તૈયાર થાય છે. આ પ્રમાણે પ્રતિ વર્ષે આ પાપ વધતું ને વધતુંજ થાય છે. વસ્તુતઃ સરકારના નિયંત્રણની કોઇ મતલબ રહેતી નથી, કારણ કે દારૂનું વેચાણ એવા માણસો દ્વારા કરાવવામાં આવે છે કે જેને પોતાની આવક વધારવાનો દિન પ્રતિદિન ઘણીજ ઇચ્છા રહે છે. સરકારે દારુ નિષેધના પ્રશ્નને છેલ્લાં ૬૦ વર્ષમાં ૧૦૦ ગણો વધારે જટિલ બનાવી દીધો છે. સન ૧૯૦૦માં કેવળ ૬ કરોડની

*જુઓ. Decennial Report Moral and Material Progress of India 1911 – 12 પૃષ્ઠ ૨૦૫–૦૬ અને ૨૯મી મે ૧૯૧૪ માં ભારત સચિવે ભારત સરકારને મોકલાવેલા પત્ર પરથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

જેટલો સરળ હતો તેટલો સરળ ૧૯૦૦માં રહ્યો નથી અને ૧૯૦૦માં જેટલો સરળ હતો, તેટલો સરળ આજે નથી'.

— પ્રાન્તવાર આબકારી આવક —

પ્રાન્ત	ક્ષેત્રફળ ૧૦૦૦ માઇલમાં	જન સંખ્યા લાખોમાં	પ્રતિ વર્ષ આવક લાખો માં							
			૧૯૦૦	૧૯૧૧-૧૨	૧૭-૧૮	૧૯-૨૦	૨૧-૨૨	૨૩-૨૪	૨૭-૨૮	૨૮-૨૯	૩૧-૩૨ બજેટ
મદ્રાસ	૧૪૨	૪૨૩	૧૩૬	૩૦૧	૪૦૪	૫૩૬	૪૮૯	૫૧૯	૫૩૪	૫૫૯	૪૯૬
મુમ્બઈ	૧૨૪	૧૯૩	૧૦૧	૨૦૩	૩૨૦	૪૦૨	૩૪૭	૪૧૯	૩૯૪	૩૮૪	૩૨૨
બંગાળ	૭૭	૪૬૭	૧૪૬	૧૩૪	૧૫૬	૧૮૧	૧૮૪	૨૧૦	૨૨૫	૨૨૬	૨૦૭
યુક્તપ્રાન્ત	૧૦૬	૪૫૪	૬૯	૧૧૧	૧૪૩	૧૭૪	૧૪૫	૧૩૨	૧૪૪	૧૩૪	૧૨૨
પંજાબ	૧૦૦	૨૦૭	૨૬	૬૪	૮૫	૧૨૪	૧૦૮	૧૦૬	૧૨૬	૧૨૬	૧૦૮
બિહાર ઓરીસા	૮૩	૩૪૦	—	૧૦૧	૧૧૮	૧૨૯	૧૨૪	૧૮૩	૧૯૭	૧૯૦	૧૬૨
મધ્યપ્રદેશ	૧૦૦	૧૩૯	૧૮	૯૧	૧૧૫	૧૪૮	૧૦૪	૧૩૧	૧૨૨	૧૨૫	૯૪
આસામ	૫૩	૭૬	૨૯	૪૪	૫૪	૬૭	૬૨	૬૨	૭૦	૬૬	૫૮
બ્રહ્મદેશ	૨૩૪	૧૩૨	૫૦	૭૩	૬૨	૧૦૪	૯૮	૧૧૦	૧૨૪	૧૩૪	૧૦૯

સામાચાર પત્રોની જાણકારી પરથી છે કે ૩૨-૩૩ના આન્દોલનને લીધે બંગાળ સરકારની ૨૪ લાખની આવક ઓછી થઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના કોઠાને જોતાં જણાય છે કે જે જે પ્રાન્તોમાં દારૂની ખપત વધારે જણાય છે ત્યાં સરકારે કરનું પ્રમાણ વધારવું જોઈતું હતું પરન્તુ કેવી રીતે કરનું ધોરણ વધારીને રાખ્યું છે. એ નીચેના કોઠાને જોતાં જણાશે.

પ્રાન્ત	સેંકડે શરાબની વૃદ્ધિ	સેંકડે કર વૃદ્ધિ
મુંબઇ	૫૧	૩૮
સિન્ધ	૩૫	૨૨
મદ્રાસ	૮૬	૩૧
પંજાબ	૮૧	૩૩
યુકત પ્રાન્ત	૨૦	૩૪
મધ્ય પ્રદેશ	૩૦૦	૫૪

સરકારને માથા દીઠ આબકારી ખાતામાં આવક થાય છે અર્થાત્ દરેક મનુષ્યે નીચે જણાવેલી પાઈ સરકારને આપવી પડે છે.

પ્રાન્ત	સન ૧૯૨૭–૨૮માં	પ્રત્યેક મનુષ્ય પર
મુંબઇ	૨૬૫	પાઇ
મદ્રાસ	૨૪૦	,,
બ્રહ્મા	૨૦૫	,,
આસામ	૧૭૯	,,
મધ્ય પ્રદેશ.	૧૬૩	,,
પંજાબ	૧૧૩	,,
બિહાર ઓરિસા	૧૦૫	,,
બંગાળ	૯૨	,,
સીમાપ્રાન્ત	૮૪	,,
યુકત ,,	૬૦	,,

અનેકો જાતિ દારૂ પીતી નથી એટલે દારૂ પીનારા મનુષ્યો પર વસ્તુતઃ ઘણોજ ખર્ચ પડે છે તેથી તેઓ સમ્પૂર્ણપણે નાશ નોતરે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે કરથી દર વર્ષે ભારત સરકારને ૨૫ કરોડ રૂપીઆની આવક માદક દ્રવ્યો દ્વારા થાય છે આ વિષયના વિશેષજ્ઞ **શ્રી. રાજગોપાલાચાર્ય** તેમજ **શ્રી દીનબન્ધુ એન્ડ્રુઝ** મહોદયનું કથન છે કે "ભારતમાં દારૂ તેમજ માદક દ્રવ્યોપર ૧ અબજ રૂપીઆથી પણ ઘણાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે રૂપીઆ પ્રતિ વર્ષ ખરાબ થાય છે."×

જનતાના ધનનો કયા કયા વિભાગમાં કેટલો કેટલો ખર્ચ થાય છે, અને કેવળ દારૂમાં કેટલો ખર્ચ થાય છે. એનો કોઠો નીચે આપવામાં આવે છેઃ—

દારૂ અને માદક દ્રવ્ય	૧,૦૦,૦૦,૦૦,૦૦૦
સૈનિકો ખર્ચ	૫૮,૦૦,૦૦,૦૦૦
શાસન ખર્ચ બ્રહ્મદેશ સહિત	૨૩,૦૦,૦૦,૦૦૦
પોલિસ.	૧૨,૦૦.૦૦,૦૦૦
શિક્ષા વિભાગ	૧૩,૦૦,૦૦,૦૦૦
ન્યાય વિભાગ	૫,૬૪,૦૦,૦૦૦
ભૂમિકર	૩૭.૦૦,૦૦,૦૦૦
આવક કર.	૧૭,૦૦,૦૦,૦૦૦
રેલ્વેની આવક (યાત્રિઓ પાસેથી)	૪૦,૦૦,૦૦,૦૦૦
,, ,, ,, (માલ દ્વારા)	૭૯,૦૦,૦૦,૦૦૦

ઉપરના કોઠાથી જણાય છે કે ભારતના માદક દ્રવ્યપર સૌથી વધારે રુપીઆ ગટરોમાં વેડફાય છે. એ રકમ જોતાં શરમથી માથું ઝુકી જાય છે.

દારુ અનાજ તેમજ ફૂલોમાંથી બનાવવામાં આવે છે. એમાં રહેલા અમૃતને વિષ બનાવવાથીજ દારુ બને છે. આ પ્રમાણે ભારતની ભયંકર હાનિ થાય છે. દારૂ સિવાય તાડી નો ઉપયોગ પણ દેશમાં મોટા ભાગે થાય છે. એકલા મદ્રાસ પ્રાન્તમાં પ્રતિ વર્ષ ૨૭,૦૦,૦૦૦ નારિયેલી, ખજૂર અને તાડનાં ઝાડ નીલામ–હરાજી કરવામાં આવે છે અને પ્રતિ વર્ષ એજ પ્રમાણે હરાજી થયા કરે છે. આ પ્રમાણે કેવળ નારિયેલોનું નુકસાન ૧૧,૦૦,૦૦,૦૦૦ રુપીઆનું થાય છે. હાયરે ભારત! જ્યાં તારા સંતાનોને વિપુલ સામગ્રી મળતી હતી ત્યાં આજે ખાવાને કણ પણ મળતો નથી. અને એમાં પણ વળી દારૂ તેમજ તાડી આદિમાં અનેકો પ્રકારનો ખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવે છે. અને એ દ્વારા ઉત્પન્ન થયેલા વિષ દ્વારા ભારતીઓની બુદ્ધિ ધન તેમજ તનનો નાશ

× આ અનુમાનિક દુર્વ્યય સને ૧૯૨૮ના ધોરણથી છે, પરન્તુ આજે તો એનાથી કટલાયે ગણો જનતાના ધનનો દુર્વ્યય થાય છે. (લેખક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી હમેશને માટે પરાધીન બનાવી રાખવા માટે અનેક પ્રકારના પ્રલોભનો રાખવામાં તેમજ પ્રચાર કરવામાં આવે છે.

દારુ પીનારા મનુષ્યની અવસ્થા જોતાં એક વખતનો ગોમડા પર ધ્યાન આવે છે, મજૂર વર્ગને જોતાં તો કરુણાની નદીમાં પુર આવે છે. એમાં વળી ભારતી મજુરને જોતાં ખરેજ દુઃખનો દરિયો ઉભરાય છે, ભારતીય મજુરને પ્રથમ તો મજુરીજ ઘણુંજ ઓછી મળે છે. તેમાં વળી કમાનાર એક અને ખાનાર ઘણાં હોય છે. મજુરને જો દારૂની લત લાગી હોય છે તો બાળકો તેમજ મહિલાઓ વિચાર કરે છે કે આજે વસ્તુઓ ખરીદીશું પણ પેલા ભાઇ તો પોતાના આખા માસની કમાઇના ૨ ભાગને તો તાડી દારુનાં પીઠાંમાં જ નાંખી દે છે. શેષ ૧/૩ માંથી પાન બીડી આદિમાં ભાગ નિકળી જાય છે. અને શેષ ઘરમાં જાય છે. જેમાંથી આખા માસનો ખર્ચ ચલાવવાનો હોય છે. એ ધન તો ૪ દિવસ માટે પુરુ પડતું નથી. તો આખા માસમાં પ્રાયઃ અડધા ભૂખ્યાં તરસ્યાં પડી રહે છે. એ દારૂડિઆની અવસ્થા જોઇએ તો વસ્તુતઃ હૃદય દ્રવી જાય છે. કયાં કીચડમાં ખરડાયેલા કપડે, કયાં ગટરમાં પડી ગયો હોય જેથી લોહી ટપકતું હોય, તો કયાં દુર્ગન્ધી આવવાને કારણે માંખીઓ ગણ ગણતી હોય તો કયાં લથડીઆં ખાતો અંડબંડ બોલતો ઘરમાં આવે છે. જ્યારે એ નશો ઉતરી જાય છે તો તેને ખબર પડે છે કે પૈસાનું હું પાણી કરું છું અને ઘરમાં પ્રાણ પ્યારા બાળકો કણ કણ માટે તરસે છે દિન પ્રતિ દિન દેશ નિર્ધન થતો જાય છે. ખાવાને માટે શાંસાં પડે છે. દેશના મજુરોની આવક એ દારુ રૂપી રાક્ષસની નાગ ચૂડમાં ઢગલો થતી જાય છે. ભારત તો નિર્ધન થતું જાય છે ત્યારે બીજી તરફ દારુની આવક વધતી જાય છે. અને એ વધવાનું કારણ બતાવવામાં આવે છે કે "દેશ સમ્પન્ન થતો જાય છે." સ્વાધીન દેશો માટે તો એ સંભવી શકે પરન્તુ જે દેશો પરાધીન છે એને માટે તો એ ગરીબીજ સૂચવે છે. સંભવતઃ ઇંગલેન્ડમાં એ સમ્પત્તિ વધવાને કારણે થતી હશે; પરન્તુ ભારતમાં તો આજે લગભગ ૩ ભાગના લોકોને એક વખતનું ખાવાનું મળતું નથી એમાંથી અડધાને તો એક વખત પણ અડધા પેટે રહેવું પડે છે, ત્યાં સંપતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધી રહી છે એ કહવું તો એક ભયંકર દૂર મગજ કરવા જેવું જ છે. જો આ વખતે પોતાની સરકાર હોય અર્થાત્ દેશ સ્વતંત્ર હોય તો કદીએ આવી દુર્દશા થાય નહીં. વિદેશી સરકાર તો આંખ આડા કાન કરી શકે છે. એમને શું પડી છે કે દેશના મનુષ્યોની કેવી અવસ્થા છે? પોતાના માણસને આવા મળે છે કે નહીં અને પોતાની ખુશામત કરનારને એકાદ ટુકડો નાંખી દે અને એ ખુશામત કરે—એમની પ્રસંશા કરે અને બીજી સ્વાર્થીત પ્રજાને તેમજ દેશને અજ્ઞાનમાં રાખી દેશના ધનનું હરણ કરી ધન મેળવે અને કહે કે જુઓ! અમે દેશને સમૃદ્ધ બનાવ્યો છે.

—: સત્યાર્થ પ્રકાશની મહત્તા :—

લેખકઃ— પં જ્ઞાનેન્દ્ર 'સિદ્ધાન્તભૂષણ'

મહર્ષિ દયાનંદ પ્રણિત 'સત્યાર્થ પ્રકાશ'ના અમુક ભાગ સામે વિરોધ દાખવામાં આવે છે તે વખતે એ ગ્રન્થની મહત્તા દર્શાવતી આ નાની કૃતિ નોંધપાત્ર બની શકાય. એ ગ્રન્થ કેટલો મહત્વનો છે એ વિષે હિંદુ ધર્મીઓએ તેમજ વિધર્મીઓએ જે મત દર્શાવ્યા છે તેમાંના કેટલાક અત્રે રજુ કરવામાં આવ્યા છે. આ મતદર્શન મૂળ ગ્રન્થની મહત્તાનું દર્શન કરાવે છે. [વધે વાતરમ્]

મૂલ્ય ૦-૩-૬ પોસ્ટેજ. ૦-૦-૬

મ. ગુ. પુ. પ્રકાશન મંડળ અમદાવાદી બજાર. (છ. સુરત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદેશી દારૂનું આગમન

વાચક વૃન્દ! હમણાં સુધી જે કાંઇ લખવામાં આવ્યું છે એ કેવળ ભારતમાં બનતા દારૂના સંબંધમાં આબકારી વિભાગદ્વારા વેચવામાં આવે છે. વિદેશનો દારૂ પણ ભારતના ઘણાજ પ્રચુર માત્રામાં ધનને ખેંચી લાઇ જાય છે. જેનું વર્ણન આ પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

પ્રત્યેક રાષ્ટ્રની પોતાની સભ્યતા–સંસ્કૃતિ હોય છે જે રાષ્ટ્રમાં પોતાની સંસ્કૃતિ–સભ્યતા નથી એ રાષ્ટ્ર કદિએ સ્વાધીન બની શકતું નથી કે રહી શકતું નથી અર્થાત્ સંસ્કૃતિનો નાશ રાષ્ટ્રની સ્વાધીનતાના નાશને નિમંત્રણ આપવા જેવું છે. કોઇ દેશ જ્યારે વગર વિચારે કે સમજે કોઈ રાષ્ટ્રનું અનુકરણ કરે છે તો એ પોતાના પગ પર કુહાડો મારી પોતાને પરાધીન બનાવે છે. ભારત વર્ષની પણ એજ અવસ્થા છે. એણે પણ અનુકરણ કરવું શિખ્યું છે.—પોતાના શાસકનું અનુકરણ કરવુ પ્રારંભ્યું છે. શાસકોની–અંગ્રેજોની સભ્યતા સ્વરૂપ કોટ, પાટલુન, હેટ, બુટ આદિનોજ કેવળ સ્વીકાર કર્યો નથી પરન્તુ એની સાથે બીજીએ ઘણી વસ્તુઓનો અંગીકાર કર્યો છે. તેમાં સૌથી મહત્વ પૂર્ણ દારૂ છે. જેમણે ઉંચું અંગ્રેજી શિક્ષણ લીધું છે. તેમને ઉંચાં ઉંચાં સ્થાન–અધિકાર મળ્યા છે. ઉંચા અધિકાર હોવાને લીધે અંગ્રેજ મોટા અધિકારીઓ સાથે અવર નવર ઉઠવા બેસવાનો પ્રસંગ આવ્યા કરે છે. અને જ્યારે તેમના સહભોજ આદિમાં ભાગ લે છે ત્યારે તેમની સાથે બેસીને ત્યાંની–વિદેશી દારુનો ઉપયોગ કરે છે. તેમજ જ્યારે એમને ત્યાં આવેલા અધિકારીનો સત્કાર કરવાનો હોય ત્યારે પણ તેવોજ દારૂ તેમની સામે મુકવો પડે છે. પરિણામ સ્વરૂપ વિદેશી દારૂનો ઉપયોગ ઘરમાં તેમજ ઘરની બહાર પ્રચુર પ્રમાણમાં થાય છે. તેઓ તો મરે છે પરન્તુ તેમની સાથે પરિચયમાં આવતા બીજા ભારતીય, કે જે દારુપીવાનો નિષેધ કરે તો એને અસભ્ય કે જંગલી પણાનો પુરસ્કાર (ઇનામ) મળે છે. તેઓ માને છે કે સામે મુકેલી વસ્તુઓનો નિરાદર કરવો એ જંગલી પણાનું ચિહ્ન છે. આ પ્રમાણે દેવ દુર્લભ વસ્તુઓનું સ્વાગત ભારતના કહેવાતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણેલા યુવકોએ કર્યું છે. એનું પરિણામ એ આવ્યું કે કરોડો રૂપીઆનો દારુ વિદેશથી આવતો થયો. અને એ બોતલો ઘરના કબાટોની શોભા વધારવાનું કામ કરવા લાગી એટલુંજ નહીં પરન્તુ એવો સમાજ બનવા લાગ્યો કે જેઓ વિદેશી દારુ પીતા નથી કે પી શકતા નથી તેઓ અસભ્ય અને જંગલી છે. એનો પ્રભાવ એટલે સુધી વધ્યોકે કેટલેક ઠેકાણે તો જ્યાં બે પાંચ યુવકો મળે તો ત્યાંવાત ચીત થતી કે "કેમ, મિસ્ટર બોલો; તમે **બાયજ્યોના** પીઓ છો કે **બોવરિલ**?" જો બોવરિલ પીધા પછી કદાચ સીઝર મળે તો તેઓ ઘણી પ્રસન્નતા બતાવે છે.

ઘણાઓને તો વિદેશી દારુના નામ પણ બરાબર નહીં હોય તો પછી એના ગુણદોષોનું તો ધ્યાન કયાંથી આવી શકે એટલા માટે એનો થોડો ઘણો પરિચય અત્રે ટાંકવો અયોગ્ય ન કહી શકાયઃ—

બીયરઃ— જવ કે એના જેવા અનાજમાંથી બનાવવામાં આવે છે, એને પાણીમાં પલાળીને ગરમ જગ્યાએ મુકવામાં આવે છે. જ્યારે એમાંથી અંકુર નિકળે ત્યારે એને કેટલાક દિવસ પછી સેકી અને દળે છે પછી મોટા પહોળા વાસણમાં સડવા દે છે અને મોટા હેજમાં નાંખી ઘોઇ નાંખે છે. સ્વાદ તથા માદકતા વધારવાને માટે હૉપ્સ આદિ પદાર્થ નાંખે છે. (હૉપ્સમાં ગાંજા, ભાંગ અથવા ચરસના જેવુંજ વિષ હોય છે)

એલ અથવા પોર્ટરઃ—એ બીયરના સમાન છે કેવળ સ્વાદમાં અને સુગન્ધમાં ભેદ છે.

પોર્ટ, શેરી અને શૈમ્પનઃ— દ્રાક્ષના રસથી બને છે.

વ્હિસ્કીઃ— ઘઉં, જવ, રાઈ આદિથી બને છે. વધારે માદક છે.

સાયડરઃ— સફરજનના રસમાંથી બને છે.

રમઃ— શેરડીના ગોળમાંથી બને છે.

બ્રાન્ડીઃ— દ્રાક્ષના રસમાંથી બને છે. પણ એલકોલહૉલ વધારે પ્રમાણમાં હોય છે.

સામાન્ય તથા વિશેષ પ્રચલિત માદક પેય પદાર્થોમાં સેંકડે કેટલા ભાગ ઍલકોલહૉલ હોય છે એનું વિવરણ નીચે લખ્યું છેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેંકડે ભાગ	નામ
૪ થી ૮	બીયર, ઍલ થા પોર્ટર
૮ થી ૧૨	તાડી
૧૦ થી ૨૫ વાઇન	૨૦ શાયમ્પેન, બોવરિલ.
૨૫-૩૫	અર્ક અથવા દેશી દારૂ
૩૫-૪૦	વ્હિસ્કિ
લગભગ-૫૦	જીન, રમ, બ્રાન્ડી અને વિલ્સ્કી

જેઓ માને છે દારૂ પૌષ્ટિક હોય છે. પરન્તુ એ આત્મ વાંચના છે કારણકે એ અનાજના સડવાથી એની પોષણ શક્તિ નષ્ટ થઈ જાય છે. તેથી ડૉક્ટરોએ દારુની નિન્દા કરી છે. લન્દનના ડૉક્ટર શ્રી. હચિન્સન લખે છે:—

દારૂઓની ઉપયોગની ભલામણ કરવી કે કોઇ પણ દશામાં ઉપકારક નથી તેથી અયોગ્ય ડૉક્ટરો એની ઉત્પત્તિ અને પ્રયોગને હમેશ માટે બંધ કરી દે.”

સન-૧૯૧૪ માં સાધારણ સભાએ એક **સિલેક્ટ કમિટિ** બનાવી હતી, જેનું કાર્ય એ હતું કે “પેટન્ટ દવાઓનું નિરીક્ષણ કરે” તેમણે પોતાના વૃત્તમાં લખ્યું છે કે **ઘણા માણસને દારૂ પીવાની લત એટલા માટેજ પડી છે કે તેઓ દારૂ અને પીણાઓ પીતા હતા.**

વિદેશી દારુના આંકડાઓ તો હોતા નથી; પરન્તુ સરકારે જે કર લીધો હોય છે. તેના આંકડાઓ નીચે આપવામાં આવે છે.

૧૯૨૬-૨૭	રૂ.	૩,૫૨,૮૬,૦૦૦
૧૯૨૭-૨૮	,,	૩,૬૬,૯૯ ૦૦૦
૧૯૨૮-૨૯	,,	૩,૫૭,૧૬,૦૦૦
૧૯૨૯-૩૦	,,	૩,૭૬,૬૩,૦૦૦
×૧૯૩૦-૩૧	,,	૩,૩૧,૭૬,૪૦૦

નીચે લખ્યા પ્રમાણે વિદેશી દારૂ આદિ દેશમાં આવ્યો છે.—

૧૯૨૩-૨૪	ગેલન ૪૭ ૩૮.૨૮૯

× રાષ્ટ્રિય સરકારના હાથમાંથી વિદેશી સરકારના હાથમાં અધિકાર ગયા પછી તો સંખ્યા ઘણીજ વધી ગઇ છે. લેખકઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૨૭-૨૮ ,, ૭૧,૧૮,૪૬૮
૧૯૨૯-૩૦ ,, ૭૫,૭૯,૦૦૦
૧૯૩૦-૩૧ ,, ૭૧,૮૨,૦૦૦

૩૦-૩૧માં સંખ્યામાં ન્યૂનતા જણાય છે એનું કારણ આન્દોલન છે.

થોડો પણ વિચાર કરવામાં આવે તો જણાશે કે ૨૩-૨૪ પછીના ૪-૫ વર્ષમાં ઘણોજ વધારે પ્રમાણમાં દારૂ આવ્યો છે. આજે તો એના કરતાં પણ ઘણા વધારે પ્રમાણમાં દારૂ આવે છે.

દારૂનો વ્યાપાર કેવી રીતે ઉન્નતિ કરી છે એને અવલોકીએ:—

૧૮૭૫-૭૬ ગેલન-૭,૦૧,૬૭૭
૧૯૦૪-૦૫ ,, ૧૨,૯૭,૬૧૧
૧૯૨૭-૨૮ ,, ૭૧,૧૮,૪૩૮

૧૯૦૫ —૦૬ માં વિદેશી દારૂની આટલી બધી ખપત વધવાને કારણે ભારતમાં એક સમિતિ બનાવવામાં આવી એણે લખ્યું છે કે **"સરકાર ચાહતી નથી કે વિદેશી દારૂનો પ્રચાર સાધારણ જનતામાં થાય, એટલાસાટે એનું વેચાણ જ્યાં યુરોપયન પ્રજા કે પારસી રહેતા હોય તેવે સ્થાન પર કરવું."** ઉપરના આંકડા ઓ જોતાં ઘણુંજ સ્પષ્ટ જણાઈ આવશે કે સરકારે પોતાની નીતિનું કયાં સુધી પાલન કર્યું છે?

૧૯૨૩-૨૪ વિદેશી દારૂની આયાત ગેલન ૩૯,૩૪,૨૪૩
૧૯૨૭-૨૮ ,, ,, ૫૬,૮૧,૪૨૬

પાંચ વર્ષમાં ૧૭,૪૭,૧૮૩ ગેલનનો વધારો ભારતમાં થયો છે એનાથી સરકારની નીતિ કેવી છે તે સ્પષ્ટ થઈ જાય છે? શું આ આંકડા ઓથી ધન લોલુપતા સિદ્ધ થતી નથી? તમે દેશી કે વિદેશી દારૂ માંગશો તે મળશે. એમને તો ધનની આવશ્યકતા છે. એમને શું પડી છે દેશની? કાચે રસાતળ જતો હોય તો આજે કેમ નથી જતો?

લોકોની **ઉચિત જરૂરત** [Lagitimate need] ને પૂર્ણ કરવી પ્રત્યેક સરકારનું કાર્ય છે. ભારત જેવા મોટા દેશમાં પ્રત્યેક વર્ષે કોઈને કોઈ કોઈણે અન્ન, વસ્ત્ર, ઘર આદિની જરૂરત રહે છે જ પરન્તુ એ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચિત જરૂરતમાં એની ગણત્રી થતી નહીં હોય ને ! ! ! તેથી જ એને માટે સરકાર મા બાપ ધ્યાન આપતી નથી; પરન્તુ દેશને પરાધીન રાખવા માટે તેમજ અંને આંધળા, ગાંડા બનાવીને પોતાની લોલુપતાની વૃત્તિને પોષવી છે ને ! તેથી પરાધીન ભારત વાસીઓ માટે વિષ તૂલ્ય દારૂને પુરો પાડવો સરકાર ઉચિત સમજે છે.

ફૉરેન સિકર્સ ઇન ઈન્ડિયા નામક લેખમાં શ્રી હરબર્ટ ઍન્ડરસન મહોદય લખે છે કે "**આ વિષયનું અધ્યયન કરવાથી એ પરિણામ નિકળે છે કે વિદેશી દારૂનું વેચાણ દેશમાં ઘણુંજ વધી ગયું છે. એ ખરાબીને માટે ભારત સરકાર જવાબદાર છે પરન્તુ એ પોતે સ્વયં પોતાના વિભાગમાં તેમજ બીજા વિભાગોમાં રોકવાને માટે કાંઈ પણ પ્રયત્ન કરતી નથી.**"

ભારતીયો ! સંસારના મનુષ્યો જીવનની પ્રત્યેક આવશ્યકતાઓનાં વિષયમાં કેટલા વેગથી ધપી રહ્યા છે. જો એની સાથે સ્પર્ધા નહીં કરી શકશો તો પછડાઇ જવાના તેમજ હંમેશના માટે પરાધીન રહેવાનાજ. વિદેશી સરકારને આપણી કાંઇજ પડી નથી. તેઓ ઘેનમાં નાંખી પોતાની બાજી હાથમાં રાખવાના. એટલા માટે સમજો, વિચારો, કે તમારા ધનને ગટરમાં નાંખી તમારા બાળકોને તેમજ મહિલાઓને દીન, દુઃખી, તેમજ ચિયરેહાલ શા માટે બનાવો છો ? ઉઠો ! જાગો ! એ મોહમયી મદિરા દેવીનો હંમેશને માટે ત્યાગ કરો અને સુખી થાવ.

મૂર્તિપૂજન—રહસ્ય

લેખકઃ શ્રી. પં. જ્ઞાનેન્દ્ર 'સિદ્ધાન્ત ભૂષણ'

અનેક **શ્રદ્ધાળુ** ધર્મ પ્રેમી ભાઈઓને ઘણી વખત સંશય થયા કરે છે કે અમે શ્રદ્ધા ભક્તિથી ઇશ્વર પૂજન—મૂર્તિ પૂજન કરી છીએ પરન્તુ અમે એના થી ઉપરની અવસ્થામાં ગયા નથી તો શું અમારા માર્ગમાં કાંઇ ભૂલ છે કે એનું આમાં તત્વતઃ નિરૂપણ કર્યું છે.

બીજી આવૃત્તિ] મૂલ્ય ૦—૪—૦ [પોસ્ટજ ૦—૦—૯

મહા ગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ—**મરોલી બજાર** [જી. સુરત.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફીણ—અહિફેન

સાધારણ જ્ઞાનઃ— અફીણને સંસ્કૃતમાં **અહિફેન** કહેવામાં આવે છે. સંસ્કૃત ગ્રન્થોમાં જ્યાં એનું વર્ણન છે ત્યાં એને ભયંકર વિષ કહેવામાં આવ્યું છે. ભારત વર્ષ અફીણના નિકાસ માટે પ્રસિદ્ધ હતો. પરન્તુ થોડા સમયથી અફીણની ખેતી કરવી બંદ થઇ છે. એટલા માટે જ્ઞત સામાન્યને એના સમ્બન્ધમાં જ્ઞાન ન હોય એ સ્વભાવિક છે તેથી અહિં તેનો આછો પરિચય આપવામાં આવે છે.

અફીણની ખેતી સૌથી સારી ફળદ્રપ જમીનમાં કરવામાં આવે છે. એમાં ઘણુંજ ખાતર નાંખવામાં આવે છે. વર્ષાઋતુમાં એને ખુબ ખેડીને કારતકમાં એનાં બી નાંખવામાં આવે છે. મહા માસમાં એને ફૂલ આવે છે. ફૂલ રંગ બેરંગી હોય છે પરન્તુ ભારત વર્ષમાં બે પ્રકારનાં ફૂલ હોય છે. લાલ અને સફેદ. સફેદ ફૂલવાળા છોડવામાંથી અફીણ વધારે નિકળે છે જ્યારે બીજામાંથી ખસખસ. ભારતમાં વિશેષ રૂપથી સફેદ ફૂલવાળા છોડવા હોય છે. એ છોડવો ૩ થી ૪ ફૂટ ઉંચો હોય છે, ફળ લાગવાથી ફુલ ખરી પડે છે. એને બેહુતો ઉઠાવી લઇ કલેડામાં ગરમ કરે છે પછી એના રોટલા બનાવે છે. અને જ્યારે અફીણ નિકળે છે. તો એ અફીણ ને એ રોટલાઓમાં મુકી રાખે છે. બેહુત ઉપાકાળની પૂર્વે બેતરમાં જઇ એના ફળને ચાકુથી બે ત્રણ સ્થાન પર લાંબા ચિરા મુકે છે. એમાંથી દૂધ નિકળે છે. બીજે દિવસે એને માટીના વાસણમાં કે ચિનાઈ માટીના વાસણમાં એકઠું કરે છે. એ વાસણમાં દૂધ કૂખી જાય, એટલું મીઠું તેલ રાખે છે. અને એના ગોળા બનાવી સરકારને કે બીજા વેચે છે. એનાં પાદડાં કાંગરી વાળાં હોય છે. એના ફળમાં ઝીણાં ઝીણાં દાણાં હોય છે એને ખસખસ કહેવામાં આવે છે એ શક્તિ વર્ધક છે એનો સ્વાદ મધુર છે. ભારત વર્ષમાં એની ખેતી બંગાળા, સંયુકત પ્રાન્ત, પંજાબ, બિહાર, માલવા અને ગુજરાતમાં થાય છે. માલવા તેમજ ગુજરાતનું અફીણ ૮ થીલ કરોડ રૂપીઆનું તેમજ ખસખસ ૬૦ થી ૬૫ લાખ રૂપીઆની વિદેશોમાં જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફીણમાં મૅકાનિક એસિડ, મૉર્ફિયા, કોડાઇયો, થિયાઇયા અથવા પૅરે મોર્ફિયા અને નાર્કોટિન નામક ભયંકર વિષ હોય છે.

ભારત વર્ષમાં એટલું તો બધાજ જાણે છે કે એ ભયંકર વિષ છે. ભારતની કેટલીએ દુઃખી સ્ત્રીઓ દુઃખથી કંટાળીને પોતાના જીવન દીપને એ ભયાનક વિષની વાયુ (ગૅસ) થી ઓલવે છે. આત્મહત્યાનું આ શ્રેષ્ઠતમ સાધન માનવામાં આવે છે. કેટલાક લોકો માને છે કે થોડા પ્રમાણમાં અફીણ ખાવામાં આવે તો રોગોનો નાશ થાય છે. પરન્તુ એમની એ ધારણા સરાસર ખોટી છે . કારણકે એ ઝેર તો છે. એમને ભ્રમ થાય છે. કારણકે એનું ઇન્જેકશન લેવાથી કે ખાવાથી માણસ ઘેનથી મૂર્છિત અવસ્થામાં પડયો રહે છે, એ સમજે કે મારૂં દુઃખ ઓછું થયું છે પરંતુ જ્યાં એનું ઘેન ઉતરે છે તો રોગ જેમનો તેમ દુઃખી કરે છે. તાત્પર્ય એ છે કે એ ભ્રમ થાય છે કે રોગ દૂર થયો છે. એ વિષ થોડા કે વધારે પ્રમાણમાં લેવામાં આવે તો પણ એ વિષજ હોય છે અને શરીરની હાનિકરજ સિદ્ધ થશે.

પ્રાચીન ઇતિહાસઃ— કહેવામાં આવે છે કે અફીણનો અવિષ્કાર યુનાનિઓએ કર્યો છે. અનું વર્ણન ત્યાંનાં ગ્રન્થોમાં જોવામાં આવે છે. કવિઓ તેમજ લેખકોએ–થિયોફ્રેસ્ટસ, વર્જીલ, પ્લીની, ડિયોસ્કોરાઇડસ આદિઓએ એના ગુણદોષોનું વર્ણન પોતાની કૃતિઓમાં પ્રસંગતઃ કર્યું છે. રોમન સામ્રાજ્યના સમયે એમજ માનવામાં આવતું કે એશિયા માઇનોરમાંજ અફીણ બને છે–એનું ઘર છે. પરંતુ એમને એની માદકતાનું જ્ઞાન થયું એનાથી પૂર્વે અરબ લોકોએ એને ચીન સુધી પહોંચાડયું હતું.

ભારતની ૮૦૦ વર્ષ પૂર્વની પુસ્તક **ભાવ પ્રકાશ** છે. એમાં અફીણનું પ્રકરણ ઉપસ્થિત છે અત્રે ટાંકું છું:—

"उक्तं खसखसक्षीरमाफेनमहिफेनकम् । तेषाम्
शोषणं ग्राहि श्लेष्मघ्नं वातपित्तलम् ॥"

शारंगधर संहितामां लेखक लखे छे कः—

"पूर्वं व्याप्याखिलं कायं ततः पाकं च गच्छति ।"
"व्यपायि तद्यथा भङ्गा फेनं चाहि समुद्भवम् ॥"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતમાં એની ખેતી આદિનું કાર્ય વિશેષત: ઇસાની ૧૬ મી સદી પછી થયું છે. ૨૦૦-૨૫૦ વર્ષ પૂર્વે બિહારમાં એની ખેતી સારી રીતે થઈ હતી. પશ્ચાત્ માલવા તો અફીણના કેન્દ્રનું ઘર બન્યું હતું. એમાં મોટાં મોટાં કારખાના આદિને કારણે એનું મહત્વ ઘણુંજ વધી ગયું હતું.

વિચિત્ર વાત તો એ છે કે મધ્ય કાળમાં ચીનીઓ અફીણને ઉત્તમ રસ કહતા હતા, ભારત વર્ષમાં બાળકો અને બૂઢ્ઢા માટે એ અમૂલ્ય ઔષધ માનવામાં આવતું હતું. ભારત હજારો પેટિઓનો વ્યાપાર ચીન સાથે કરતું હતું. સંસારને જ્યારે અફીણની ભયંકરતા જણાઇ અને ચીનને પણ એની પ્રતીતિ થઈ ત્યારે તેણે સર્વાનુમતથી એનો વિરોધ કર્યો અને ભારતનો અફીણનો વ્યાપાર નષ્ટ થઇ ગયો. પરન્તુ દુઃખની સાથે કહેવું પડે છે કે જે દેશના લોકો જ્ઞાન, વિજ્ઞાનમાં સર્વો પરિ હતા-આધ્યાત્મિકતામાં સર્વ પ્રથમ ગણાતા એ દેશના લોકોમાં આજે પણ અફીણનો ઉપયોગ જેમનો તેમ ચાલ્યા કરે છે. એટલું જ નહીં પરન્તુ પ્રગતિ કરે છે. સંસાર જાગૃત થાય છે- વ્યસનોથી દૂર નાસે છે તો ભારત એની ઘણી પાસે જાય છે. ઋષિ સંતાનો જાગો! અને છોડો ભયંકર પદાર્થોના ઉપયોગને!

—વૈદિક ધર્મની સાર્વભૌમતા —

લેખકઃ— શ્રી. પં. જ્ઞાનેન્દ્ર 'સિદ્ધાન્ત ભૂષણ'

ધર્મ તો એકજ છે અને સદાને માટે એકજ રહેવાનો છે. પરન્તુ કેટલાક મનુષ્યોએ કાંચન, કામીની તેમજ પદની લોલુપતાને કારણે પોતાની સ્વાર્થ સિદ્ધિ માટે ધર્મ પુસ્તકોમાં મન ઘડન્ત વાતો લખી દીધી છે અને એટલા-જ માટે આજે ધર્મના ઝઘડાઓ થાય છે. તેમજ રાજકારણમાં ધર્મની ઓઠમાં દેશને પરાધીન બનાવી મૂક્યો છે.

મન ઘડન્ત વાતોને કાઢી નાંખવામાં આવે તો એ શુદ્ધ ધર્મ રહે અને માનવ માત્રને માટે ઉપયોગી સિદ્ધ થાય, એ દૃષ્ટિથી અમેરિકાની સર્વ ધર્મ પરિષદમાં ધર્મની સાર્વભૌમતાને માટે જે કસોટી રાખી હતી તે કસોટીઓ પર ધર્મની તુલના કરનારું આ અનુપમ પુસ્તક છે. પ્રત્યેક ધર્મ-ના મનુષ્યે વાંચવા જેવુ છે. [મૂલ્ય, ૦-૬-૦; પોસ્ટેજ ૦-૨-૬]

મહા ગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ **મરોલી બજાર.** (જી. સુરત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફીણના ઉપયોગો અને એનું પરિણામ

આ પ્રકરણમાં એને કેવી રીતે ભારતમાં ઉપયોગ કરવામાં આવે છે અને એના પરિણામ પર પ્રકાશ નાંખવાનો પ્રયત્ન કર્યો છે.

કેટલાક અજ્ઞાની લોકો કાચાજ અફીણની ગોળી બનાવીને ખાય છે. અને પેટેન્ટ દવાના બનાવનારા, ધૂર્ત ડૉકટરો અને વૈદ્યો પોતાની દવા અસર કારક છે એમ સિદ્ધ કરવાને એમાં અફીણનો ઉપયોગ કરે છે તથા સમાન્યતયા ઔષધિમાં પણ અફીણનો ઉપયોગ થાય છે. આમ હોવા છતાં પણ દવાના ઉપયોગમાં તો ઘણુંજ થોડું અફીણ આવે છે. વિશેષતઃ તો ખાવાની કુટેવ પડેલી હોય છે એમાં જ ઘણુંજ વપરાય છે. ખાનારાઓ પણ એ સારી વસ્તુ છે એમ સમજીને ખાતા નથી તો પછી એ વસ્તુ માટે એમત છે જ નહીં કે એ વસ્તુ સારી છે. ક્રિશ્ચન કૌઉન્સીલના ડૉકટર શ્રી. પેટન મહોદયે આખા દેશના ડૉકટરે સાથે પરામર્શ કરીને **ઑપિયમ ઇન ઇન્ડિયા** નામક પુસ્તક લખ્યું છે કે **ભારતમાં અફીણનો ઉપયોગ** નીચે પ્રમાણે થાય છેઃ—

(૧) બાળકોને પ્રાયઃ અફીણ ખવડાવવામાં આવે છે.

(૨) શરદી અને થાક દૂર કરવાને માટે અફીણ ખાય છે.

(૩) રોગો ને દૂર કરવાને માટે અફીણ ખાવામાં આવે છે.

(૪) વ્યસન લાગ્યું છે એટલે એનો ઉપયોગ કરે છે.

પ્રાયઃ સમ્પૂર્ણ ભારત વર્ષમાં બાળકોને અફીણ આપવાની કુપ્રથા પ્રચલિત છે. એ ઘણીજ ભયંકર અને શરીરને હાનિ પહોંચાડનારી છે. પરન્તુ બુદ્ધી સ્ત્રીઓ અને અજ્ઞાની માતાઓ માને છે કે અફીણ બાળકોને નીચે લખ્યા પ્રમાણે લાભ પહોંચાડે છે.

(૧) એનાથી ઝાડા, ઉલટી વગેરે રોકાય છે.

(૨) બાળકની વૃદ્ધિને માટે ઉપયોગી છે.

(૩) કારખાના કે ખેતરમાં કામ કરવાની સરળતા કરી આપે છે. કારણકે બાળક ચૂપ ચાપ પડી રહે છે.

(૪) બાળક રડતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) બાળક વારંવાર ઝાડે જતું હોય અને માતાને વારંવાર ઉઠવાની આળસ આવતી હોય તો અફીણ ખવડાવવામાં આવે છે.

પરન્તુ ડૉકટરોનો અભિપ્રાય રોગના સમ્બન્ધમાં જુદો છે. ડૉ. શ્રી. વિલિયમ પેટન લખે છે કે બાળકોને અફીણ ખવડાવવામાં આવે છે એનું પરિણામ સ્વરૂપ નીચે જણાવેલું ફળ આવે છેઃ—

થોડા સમયને માટે જણાય છે કે રોગ ઓછો થયો છે પરન્તુ થોડા સમય પછી એ પાછો જણાય છે અને અફીણ એ રોગ સાથે બીજા રોગોને પણ લાવે છે જેમકે મંદાગ્નિ. બાળકની જઠરાગ્નિ મંદ થઈ જાય છે અને પરિણામે બાળક ઓછું ખાતુ થઇ જાય છે.

લોહી સુકાઇ જાય છે. બાળકની વૃદ્ધિ બંદ થઇ જાય છે. એકાગ્રતા-ની શકિત ઓછી થઇ જાય છે. બાળક નિઃસત્વ થઇ અનેક પ્રકારના રોગોનો શિકાર થઇ રોગી બને છે. દવાઓની એના પર અસર થતી નથી.

થાક તેમજ ઠંડી દૂર કરવાને અફીણ ખાવામાં આવે છે. પરન્તુ એ સત્ય નથી. અફીણ ખાવાથી સ્નાયુઓ જડ થઈ જાય છે અને અનુભવ થતો નથી કે મને ઠંડી કે થાક લાગ્યો છે. એને દૂર કરવાને માટે અફીણ ખાય છે પરન્તુ એ તો ઘર કરે છે અને અફીણ ખાવાની ટેવ પડે છે.

રોગને દૂર કરવાને માટે દવાના રૂપમાં એને ખાવામાં આવે છે પરન્તુ ડૉ. શ્રી. પેટન લખે છે કે **અફીણ કદીએ રોગને હટાવી શકતું નથી.** હાં, એ દર્દને રોકી શકે છે. દર્દ રોકાઇ જવાથી રોગ હટતો નથી. કારણ કે દર્દ અને રોગ બન્ને જુદાં છે. એ વિષ હોવાને કારણે દર્દ કરનારાં સ્નાયુને મૂર્છિત કરે છે. જીવાણુ મૂર્છિત થઈ જવાથી દર્દનો અનુભવ થતો નથી. રોગના લક્ષણોને ઢાંકી દે છે, અને તેથી એ રોગની સારી રીતે દવા થતી નથી અને પરિણામે રોગ વધે અને જુદા જુદા રોગો એ વિષથી થાય છે. (૧) કબજીઆત (૨) લોહીનું ઓછાપણું (૩) મંદાગ્નિ (૪) હૃદય રોગ, (૫) ફેફસાંનો રોગ (૬) ગુદાનો રોગ, સ્નાયુની નબળાઇ (૭) સ્ફુર્તિનો અભાવ, (૮) આળસ, ચિત્તભ્રમ અને ઉંઘ (૯) Halucintein, (૧૦) નૈતિક ભાવનાની જડતા (૧૧) અધિક કાર્ય હોવા પર હારી જવું, (૧૨) સાધારણ નૈતિક અવિશ્વાસ અને (૧૩) મૃત્યુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અફીણનો પીવાના કાર્યમાં પણ ઉપયોગ લેવામાં આવે છે. રાજપુતાના અને કચ્છમાં એ કોઈ કોઈ ઠેકાણે જોવામાં આવે છે. વૈરાગી સાધુઓ અને ગરીબ મુસલમાનો પીયે છે. એ વધારે ભયંકર છે. તેથી ૧૯૧૧માં સરકાર દ્વારા એનો નિષેધ કરવામાં આવ્યો હતો. ચરસ અને ગાંજામાં અફીણ મેળવવાથી પીવાની અફીણ બને છે. સરકારે તો એને વેચવી બંદ કરી છે. પરન્તુ લોકો જ્યાં સુધી અફીણ મળશે ત્યાં સુધી એ બનાવી પીવાનાજ.

જ્યાં સ્ત્રીઓ કારખાનામાં કાર્ય કરવાને માટે જાય છે ત્યાં વિશેષ રૂપથી બાળકોને અફીણ ખવડાવવામાં આવે છે. જ્યાં મોટાં મોટાં કારખાના છે ત્યાંની વસ્તીમાં અર્થાત્ ૧૦૦૦૦ મનુષ્યમાં નીચે જણાવેલા રોગોનો ખર્ચ થાય છેઃ—

શહેર	રોગ	શહેર	રોગ
કલકત્તા	૧૪૪	બાલાસોર	૫૬
રંગૂન	૧૦૮	મુંબઈ	૪૩
ફિરોજપુર	૬૦	ભરૂચ	૫૧
લુધિયાના	૪૯	સોલાપુર	૩૫
લાહોર	૪૦	કરાંચી	૪૬
કાનપુર	૨૯	મદ્રાસ	૨૬
અમદાવાદ	૪૨	કટક	૨૫
અમૃતસર	૨૮	હૈદ્રાબાદ (સિંધ)	૫૨

ઉપર લખેલા આંકડાઓ વાંચવાથી જણાય છે કે એ મારક વિષનો પણ કેટલા મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ જોતાં ભારતીઓએ સતર્ક થવું જોઇએ, અને એના ઉપયોગને ઓકદમ રોકવો જોઈએ અન્યથાએ એક વિશાળ રૂપમાં પ્રચલિત થયેથી દેશ ગુલામ તો છે અને એ વધુ પરાધીન બની પોતાની બુદ્ધિ, તન, મન અને ધનનો નાશ કરી સદાને માટે પરાધીન બનાવી મુકશે.

મિત્ર દ્રોહનું કલંક :—

જે મનુષ્ય અફીણ આદિ કેફી વસ્તુઓનું સેવન કરે છે એ મનુષ્ય વહેલો મોડો પરાધીન—દાસ અવશ્ય બને છે. દાસ બનવું પાપ છે. દાસનો આત્મા શરીરમાં હોય છે પરન્તુ એ કેવળ સાધારણ—સ્વાભાવિક ક્રિયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રનોજ કર્તા હોય છે. એ બીજી પોતાની ક્રિયા માટે પરવશ હોય છે. દાસ સમજે છે કે આ પાપ છે છતાં એનો સ્વામી જે કાંઈ કરાવવા ચાહશે એ એને ઇચ્છાથી કે અનિચ્છાથી કર્યેજ છુટકો. જે કોઈ જાતિ દાસ પરાધીન બનેલી હશે તો એની પણ એવી દશા હોય છે. ઇતિહાસ એની સાક્ષી પુરે છે.

૧૮ મી સદીમાં ભારત વર્ષપર ઈસ્ટ ઇન્ડિયા કમ્પનો અધિકાર ધીરે ધીરે વધતો જતો હતો. એ વ્યાપારમાં પાવરધા હતી. એણે દેશ વિદેશની સાથે વ્યાપારનો સંબંધ જોડ્યો. ચીનની સાથે પણ વ્યાપાર કરતી હતી. ચીન શાન્તિપ્રિય રાષ્ટ્ર હતું. એ માનતું હતું કે અફીણ કેફી વસ્તુ છે. એનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ભારત અને ચીનનો વ્યાપારીક સમ્બન્ધ તો ઘણા કાળ પૂર્વથી હતોજ ઈ.સ. ૧૫૩૭ માં પોર્ટુગીઝોએ વ્યાપાર પ્રારંભ્યો તેણે પણ અફીણનો વ્યાપાર કર્યો વ્યાપાર વધતો જતો હતો. એને રોકવાને માટે ઈ.સ, ૧૭૨૯ માં ચીન સરકારે એના વિરૂદ્ધ કાયદો બનાવ્યો. પરન્તુ એનું સારી રીતે પાલન થયું નહીં તેથી ૧૭૬૮ માં ફરીથી કાયદો કર્યો એના પરિણામ સ્વરુપ ચોરી છુપીથી વ્યાપાર થતો હતો. અફીણના ગુણ દોષથી બન્ને દેશ પરિચિત હતા. ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ ચીનની સાથે અફીણનો વ્યાપાર કરવો પ્રારંભ કર્યો. ચીન સરકારે એનો વિરોધ કર્યો કે અમારે અફીણની આવશ્યકતા નથી. કમ્પનીએ કહ્યું કે તમે કર લઇને અમારું અફીણ આવવા દો. ચીન સરકારે ના પાડી. છતાં પણ "માન ન માન મૈં તમારા મહેમાન" વાળી કહેવતના અનુસાર કેટલીક અફીણની પેટીઓ ચીનના કેન્ટન બંદરપર પડી હતી. 'आग लागवा पहेलां कुवो खोदवो जोइओ' अथवा हेयं दुःखमनागतम् ભવિષ્યમાં આવનાર દુઃખનો નાશ કરવો જોઇએ -- એને દૂર કરવું જોઇએ આ વાકયને અનુસરીને ચીનના રાજાએ પોતાના **લિન** નામના અધિકારીને આજ્ઞા આપી કે એને ખૂંચવીને બાળી મુકો." થયું પણ તેમજ. હવે તો પુછવુંજ શું. કમ્પની સરકારે તીડની સમાન લશ્કરના કાફલા મોકલાવી આપ્યા. બીચારા અફીણવા ચીનીઓ હાર્યા. અને એને દંડના રુપમાં ૨૧ લાખ ડોલર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬૧ કરોડ રુપીઆ) અને ટ્રીટી પોર્ટસના રૂપમાં કેંટન, અમોય, ફૂચૂ, નિંગપો અને શિંઘાઇ બંદર અફીણના વ્યાપારને માટે આપવાં પડયાં બીચારા ચીનીઓનો દોષ એજ હતો કે તેઓ પોતે અફીણ કે જે ભયંકર વિષ છે એને પોતાના દેશમાં લાવવાનો વિરોધ કર્યો હતો ! મનુષ્યતા કયાં છે ? મનુષ્યનું કર્તવ્ય છે કે એ બીજાઓને વ્યસનોથી મુકત કરે પરન્તુ અહિંતો બીચારા ચીનીઓ એના દોષોને જાણીને સ્વયં મુકત થવાનો પ્રયત્ન કરતા હતા તો એના વિરુદ્ધ બંદૂકોની ગોળીઓ અને તોપો ગોઠવી. એ બન્દૂકો ઉઠાનાર કોણ હતા તેઓ ગોરી ચામડી વાળા ન હતા પરન્તુ કાળી ચામડી વાળા ભારતીઓજ હતા. જ્યાં સુધી અફીણનો ઈતિહાસ સંસારમાં રહેશે ત્યાં સુધી ભારતીઓ માટે એ મિત્ર દ્રોહ એક મહાન કલંક રૂપ છે. ભારતીઓ બિચારા શું કરી શકે પરાધીનતા-દાસ હતા ને. દાસ જાતિને પોતાના શાસકોના પાપમાં પણ ગ્રસડાવવું પડે છે જે રાષ્ટ્ર સ્વતંત્ર છે એ પોતાના રાષ્ટ્રની જનતાને વ્યસનોથી દૂર કરવાને પ્રયત્ન કરે છે. વિધાનો બનાવે છે. જ્યારે સભ્ય કહેવડાવનારી વિદેશી કમ્પનીએ એના પ્રચારને માટે બન્દૂકો અને તોપોનો ઉપયોગ કર્યો ! શા માટે કેવળ ધોળા ચાંદીના સિક્કાઓને માટે ને!!!

સન ૧૭૨૯માં ચીનમાં ૨૦૦ પેટીઓ અફીણની ગઇ અને ૧૮૩૯ જ્યારે શ્રી. લિનને અફીણ ઝુટવી આગ લગાવી તે વખતે ૨૦૦૦ પેટીઓનો વ્યાપાર વધ્યો હતો. પ્રશ્ન થાય કે એ અફીણ આવ્યું કયાંથી ?

ઉપર લખી ગયા તેમ અફીણ ભારત વર્ષમાં બંગાળ બિહાર, આદિમાં પ્રથમ કરવામાં આવતું હતું. પ્રથમથીજ ભારતવર્ષ સાથે ચીનનો વ્યાપારિક સમ્બન્ધ તો હતો. અને ઇ.સ. ૧૭૨૯ માં ૨૦૦ પેટીઓ ચીનમાં ગઇ. એની સંખ્યા વધીને ઇ.સ. ૧૮૩૦ માં ૪૦૦૦ પેટિઓનો વ્યાપાર થયો. માંગણી એનાથી પણ વધારે હતી. કમ્પની સરકારે અફીણની ખેતી ઘણીજ વધારે પરન્તુ માલ પુરો ન પડયો ત્યારે રાજ્ય સ્થાન પ્રતિ એનું ધ્યાન ગયું અને માલવાની અફીણ માટે પ્રયત્ન કર્યો અને પોતાના મનુષ્યોને અફીણ ખરીદવા માટે રાખ્યા પરન્તુ તેઓ દેશી વ્યાપારીઓની સ્પર્ધામાં ટકી ન શકયા. માલવાનું અફીણ સસ્તુ હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓનો પ્રચાર—વ્યાપાર વિદેશો સાથે ન થાય એટલા માટે તેમણે ૧૮૩૦ માં ઇમ્પોર્ટ ડ્યુટીની પ્રણાલિનો પ્રારંભ કર્યો. આમ કરવામાં તેમના બે ઉદ્દેશો સફળ થતા હતા. (૧) બંગાળી આદિના અફીણ કરતાં એની ડિમ્મત વધારે રહે જેથી પોતાનો વ્યાપાર સારી રીતે ચાલે. અને (૨) એ સ્વતંત્રતાથી પરદેશનો વ્યાપાર કરી ન શકે. આથી પણ એમને સંતોષ ન થયો તો તેમણે વિદેશી વ્યાપારીઓને તેમજ વહાણ વાળા ઓને સૂચના આપી કે તેઓ માળવાનું અફીણ ખરીદ ન કરે. આ પ્રમાણે દેશી રાજ્યોના અફીણના વ્યાપાર પર પ્રતિબંધ મુકી પોતાની ધન લોલુપતાની વૃત્તિની સિદ્ધિ કરી.

ધન લોલુપતાને કારણે શાસકોએ ભારતની અત્યુત્તમ ભૂમિકે જેમાં અનાજ તેમજ ઉત્તમ ફળ આદિ ઉત્પન્ન થઈ શકે એ ભૂમિમાં વિષના છોડવાઓ ઉગાર્યા અને પરિણામે દેશને તેમજ સંસારના માનવોને વિષ પાન કરાવ્યું. પ્રારંભમાં તો નામ માત્રની અફીણની ખેતી થતી હતી પરન્તુ ઈ.સ. ૧૮૬૦ માં તો ૬૬૬૧૬ પેટિઓ કેવળ ચીનમાંજ ગઈ હતી

ચીન સરકારે અફીણનો ઘણો સખ્ત વિરોધ કર્યો પાછલી ક્રાન્તિમાં વિજયમાળા વિદેશીઓના ગળામાં નંખાઈ અન્તે ચીનીઓએ વિચાર કર્યો કે વિદેશના અફીણનો ઉપયોગ કરવો એનાં કરતાં દેશી અફીણનો ઉપયોગ શા માટે ન કરવો જોઈએ. અન્તે ચીનીઓએ અફીણની ખેતી પ્રારંભી હવે બન્નેમાં સસ્તુ અને ભારતનું મોંઘુ વિષ ચીનીઓએ ખરીદવું પ્રારંભ કર્યું.

સન ૧૮૫૮માં ભારતથી ૬૭૦૦૦ પેટી અફીણ ગયું હતું. એટલેથી એ પ્રજાને સંતોષ ન્હોતો. એમનો વિચાર હતો કે ચીનમાં અફીણ વૈધાનિક રૂપથી જાય તો સારુ. ચોરી છુપીથી નહીં. એમ કરવામાં ચીન સરકાર ચાહે તેટલો કર લે, આ ઉદ્દેશથી લોર્ડ ક્લરેન્ડને મહાનુભાવે ભારતના વાયસરાય શ્રી લૉર્ડ એલજીનને લક્ષ્યું કે **અવ્યવસ્થિત રૂપથી પ્રચલિત આપણા વ્યાપારનાં કરતાં અફીણ પર કર લેવાની સ્વીકૃતિ આપીને એ વ્યાપારને વધારે પુષ્ટ કરવો સારો છે. એના લાભો સ્પષ્ટ છે.**"

બિચારા ચીનીઓને ફરીથી અફીણના વ્યાપારની અનિચ્છાને કારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સશસ્ત્ર સેનાની વિરૂદ્ધ યુદ્ધ કરવું પડ્યું; પરન્તુ એમાં બ્રિટન અને અફીણનો થયો અને ગરીબ ચીનીઓને ૬૦, ૦૦, ૦૦૦ ડૉલર તેમજ બીજા પાંચ બંદર દંડના રૂપમાં આપવા પડ્યાં અને પ્રત્યેક પેટી પર સેંકડે ૫ રૂા.નો કર લેવો સ્વીકાર કરવો પડ્યો.

ચીન સરકાર અને ભારત સરકારની અફીણની ચર્ચાથી બ્રિટીશ પ્રજા અપરિચિત ન હતી. બ્રિટીશ પ્રજામાં કેટલાકોએ માનવતાની દૃષ્ટિએ એનો વિરોધ કર્યો. આ પ્રશ્ન પાર્લામેન્ટ સુધી ગયો. સમાચાર પત્રોમાં પણ એને સ્થાન મળ્યું પરિણામે દેશમાં બબાલાટ થયો. નૈતિક દૃષ્ટિએ જોતાં સરકાર એનો કોઇ પણ પ્રકારનો ઉત્તર આપી શકતી ન હતી અન્તે એક કમીશન બનાવવામાં આવ્યું. એણે પણ સરકારનો પક્ષ લઇ જુદા વિચાર પ્રદર્શિત કર્યા- જેમકે:—

(૧) અફીણની આયાતમાં ચીન સરકારની સ્વીકૃતિ છે.

(૨) અફીણનો પ્રવેશ ચીનમાં બળાત્કાર પૂર્વક કરવામાં આવ્યા નથી

(૩) જો ભારત અફીણના વ્યાપાર બંદ કરી દેશે તો પણ ચીનમાં અફીણનો ઉપયોગ ઓછો થવાનો નથી.

(૪) અફીણનો વ્યાપાર બંદ થવાથી ભારતમાં અફીણની ખેતી કરનારા ખેડુતો સાથે અન્યાય થશે.

(૫) અફીણનો વ્યાપાર બંદ થવાથી આવકમાં ઘટાડો થશે અને એની પૂર્તિ સામ્રાજ્ય સરકાર પણ નહીં કરી શકશે. અને કદાચ ભારતપર કર વધારવામાં આવશે તો એ સ્વીકારશે નહીં.

રૉયલ કમીશનના નિરીક્ષણપર **શ્રી. સી. એન. વકીલ** પોતાની **ફાઇનેંશિયલ ડેવલપમેન્ટ ઑફ ઇન્ડિયા** નામના પુસ્તકમાં લખે છે:—

"અમે જોઇ ચુકયા છીએ કે ચીનની સરકારે અફીણને કઇ પરિસ્થિતિમાં પોતાના દેશમાં આવવા દીધું છે. અમે એ પણ બતાવી ચુકયા છીએ કે રૉયલ કમીશનના વચનમાં કેટલી સત્યતા છે! બ્રિટીશ સરકારે અફીણના સમ્બન્ધમાં કાંઇ પણ બળાત્કાર નથી કર્યો! પોતાનો વ્યાપાર ચાલુ રાખવામાટે આપવામાં આવેલી ત્રીજી દલીલ ઘણીજ વિચિત્ર છે. કહેવામાં આવ્યું છે કે જો અમે વ્યાપાર બંદ કરીશું તો ચીન સ્વયં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતી વધારશે અથવા બીજેથી મંગાવી લેશે, તો પછી અમેજ એમને અફીણ શા માટે ન આપીએ—એનો તાત્પર્ય એ છે કે અનંત આત્મ-ઘાત કરવાનો છે અને મોહન અને સોહન અને વિષ આપીને અવશ્ય મારી નાંખશે તો પછી ધનપત વિષ આપીને પૈસા શા માટે ન કમાય? બંગાળામાં અફીણની ખેતી કરનારા સરકારનાજ મનુષ્ય હતાં. તેઓ ખેતીના બદલે અન્નની ખેતી કરે તો દુષ્કાળ આદિના પ્રસંગે કેટલી સહાયતા મળી શકે. દેશીરાજ્યો પણ સરકારનેજ આધીન છે. એમની સામે માનવોચિત પ્રશ્નને મુકવામાં આવેતો કદીએ તેઓ એનો નિષેધ કરત નહીં. પરન્તુ સત્યતા તો એ છે કે સરકારની સામે ધનનો સર્વ પ્રથમ પ્રશ્ન છે. એનો તાત્પર્ય એ છે કે સરકારે રાજ્ય તંત્રને જે-ટલું બધું કિમ્મતી બનાવ્યું છેકે એને ચારૂપથી અવસ્થિત રાખવામાટે આવા નીતિ-હીન માર્ગનું અવલમ્બન લઈ ધન એકત્રિત કરવું પડે છે.”

રૉયલ કમીશનના નિરીક્ષણને પ્રમાણિત માની વ્યવસ્થિતરૂપથી અ-પાર કરવા લાગ્યા. અફીણને વ્યાપાર ધમધોકાર ચાલવા લાગ્યો. પરન્તુ ઈંગ્લેન્ડમાં કેટલાક મનુષ્યોએ એનો ઘણા સખ્ત શબ્દોમાં વિરોધ કર્યો. ચીનનો ભાગ્ય રવિ ઉદય થવાનો હતો અત એવ ૧૯૦૬માં એવી ઘટના બદલે જેથી ભારત ચીન સાથેનો અફીણનો વ્યાપાર બંદ કરે. ચીન સરકારે ઘણા જોરદાર શબ્દમાં કહ્યું કે મનુષ્યતાની દૃષ્ટિએ અફીણને છોડા-વવામાં અમને સહકાર આપો—જેટલું અફીણ અમે ઉત્પન્ન કરીએ છીએ એનો ૧૦ મો ભાગ અમે ઓછો ઉત્પન્ન કરીએ અને તમે ડિકાસ કરોછો તેમાં થી ૧૦ મો ભાગ ઓછો કરો તો ૧૦ વર્ષમાં એ ભયંકર વિષમાંથી ઉગરી શકીએ. ઈંગ્લેન્ડના મનુષ્યોની સદ્ભાનુભૂતિના કારણે અને એનો સ્વીકાર કરવામાં આવ્યો. પ્રતિ વર્ષ ૫૦૦૦ પેટિ અફીણ આવતું બન્દ થયું. ૯ વર્ષ સુધી આ નિયમનું સારી રીતે પાલન થયું. છેલ્લા વર્ષે ઉત્સવ આદિની તિથિ પણ નિશ્ચિત થઇ ગઇ. સરકારે ઘણો પ્રયત્ન કર્યો કરાવ્યો કે થોડી મુદત વધી જાય પરન્તુ જ્યારે એમાં આસફળતા મળી ત્યારે ચીનના એક દેશ દ્રોહી અધિકારીએ રાજાની તેમજ પ્રજાની ઈચ્છા વિરૂદ્ધ ૩૦૦૦ પેટિઓ ૨૦ ૦૦૦ ૦૦૦ ડૉલર આપી ખરીદી લીધી. પરિણામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આવ્યું કે ચીન હજી પણ વ્યાપાર કરવા ચાહે છે એમ સિદ્ધ થયું. પ્રજામાં ઘણોજ ઉકળાટ થયો. પ્રત્યેક શહેરમાં આ વ્યાપારના વિરુદ્ધ અર્થાત્ આ સોદાને રદ કરવાના સમ્બન્ધમાં પ્રાર્થના પત્ર એવં તારોના તારો આવ્યા પરન્તુ બધુંજ નિષ્ફળ નિવડયું.

કહેવાય છે કે આ પ્રમાણે ભારતની અફીણ માટે ચીનના બન્દરોના દ્વારો હમેશને માટે બંદ થઇ ગયાં. પરન્તુ કુમારી શ્રી. લોં મેટની બ્લુ બુકસ વાંચવાથી જણાય છે કે પ્રત્યક્ષ રુપથી તો અફીણનો દરવાજો બંદ છે પરન્તુ ચોરી છુપીથી હમણાં પણ ચીનમાં અફીણ મોકલવામાં આવે છે. ભારત ભક્ત એન્ડ્રુઝ લખે છેઃ—

The hateful and miserable thing is this, that the British Government in India, all through the war and since the war, has been a party to this new sin of opium poisoning China, I have with me a letter from the "International Anti-Opium Association" at Peking, in which the Secretary assersts, from intimate knowledge of the acts that the greatest hindrance to the suppression of Opium in China is the production and sale of such large amounts of Opium by the Indian Governmeet."

અર્થાત્" ઘણીજ ઘૃણિત તેમજ દુઃખની વાતોતો એ છે કે મહા યુદ્ધના દિવસોમાં તેમજ એના પછી પણ ભારત સરકારનો ચીનમાં અફીણ મોકલાવવામાં હાથ રહ્યો છે. પેંકીંગની અન્ત રાષ્ટ્રીય અફીણ વિરોધીની સંસ્થાનો મારી પાસે પત્ર છે જેમાં ત્યાંના મંત્રીએ લખ્યું છે કે ચીનમાં અફીણનું વ્યસન રોકવાનેમાટે સૌથી મોટું વિઘ્ન ભારત સરકાર છે કે જે આટલા મોટા પ્રમાણમાં અફીણ ઉત્પન્ન કરી વેચે છે."

કુમારી શ્રી. લોં મેટ સરકારી આંકડાઓપર થી લખે છે. કે સ્ટેટ સેન્ટલમેન્ટની વાર્ષિક આવક ૧,૯૦,૦૦, ૦૦ ડોલર છે. જેમાંથી ૯૦,૦૦,૦૦ ડોલર ભારતના અફીણમાંથી મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૧૪–૧૫	૬૦૦	૧૯૧૬–૧૭ ૩૭૫૦
૧૫–૧૬	૨૫૫૦	૧૭–૧૮ ૪૭૮૯

૧૮–૧૯ ૪૧૩૬

હૉંગ કૉંગની વસ્તી ૫ લાખની છે. પરન્તુ એ ૧૫, ૦૦, ૦૦, ૦૦૦ મનુષ્યોને ઔષધીમાં ચાલે એટલું અફીણ બ્યાય છે. અર્થાત્ પોતાની આવશ્યકતા ત્રીજે ભાગ ભારતના અફીણમાંથી સરકારને મળે છે. અને આ બધું અફીણ ચોરીથી ચીનમાં મોકલવામાં આવે છે. હૉંગ કૉંગની સરકાર આનો પ્રતિ વાદ કરતી નથી.

કુમારી શ્રી લૅમેટ લખે છે કે સુદૂર પૂર્વના દેશમાં અંગ્રેજ સરકારે પીઠાં ખોલ્યાં છે સિંગાપોરના એક પીઠામાં ગઈ હતી અને ત્યાંનું વર્ણન કરે છે:—

અમે રીક્ષામાં બેસી ચીનીઓની વસ્તી તરફ ગયાં ત્યાં અમે સેંકડો નીં સંખ્યામાં પીઠાં જોયાં અને ત્યાં વ્યાપાર ઘણો વેગ પકડતો ચાલે છે. આગળ લખે છે કે જ્યારે અમે સડક પરથી ચાલીએ ઈએ તો એવાં કેટલાંએ મકાન જોવા મળે છે કે જેમાં ભયંકર દ્રશ્ય જણાય છે? દુર્બળ-નિસ્તેજ મનુષ્ય એનો પાલી (અંગ્રેજ સરકારના હાથમાં જેનો વ્યાપાર છે) વાળું અફીણ પી એ છે. જેઓ પોતાનું તો પતન કરે છે. પરન્તુ બ્રિટીશ સામ્રાજ્યની આવકમાં વધારે કરે જાય છે.

ચીનમાં અફીણ જતું ઓછું થયું ત્યારે એ પ્રસાદી બીજા દેશોમાં પહોંચવામાં આવી જેમકે મોરિશસમાં ભારતીય મજદુરોમાં અફીણનો પ્રચાર વધારવામાં આવ્યો છે. ૧૯૧૨–૧૩ માં ૧૦ પેટી મોકલવામાં આવી હતી અને ૧૯૧૬–૧૭ માં ૧૨૦ પેટી જવા લાગી છે.

કુમારી શ્રી લૅા મેટ સ્ટેટિસ્ટિકસ ઑફ બ્રિટિશ ઇન્ડિયાના ઉદ્ધરણથી લખે છે કે ભારતમાં ૧૯૧૬–૧૭ માં ચીન સાથેનો વ્યાપાર ૧૦ વર્ષમાં નષ્ટ થવાનો હતો છતાં પણ સરકારને પોતાની પહેલીની આવક કરતાં ૪૪ ટકા વધારે આવક થઈ અને અફીણ સિવાયના માદક દ્રવ્યોપર ૬૭ ટકા વધારે આવક થઈ હતી.

આ બધી પરિસ્થિતિ જોતાં કુમારી શ્રી લૅમેટ લખે છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

A nation that can subjugate 30,00,00,000 helpless Indian people and turn them in to drug addicts for the sake of revenue is a nation, which commits a cold blooded atrocity unparalled by any atrocity committed in the rage and heat of war.

"અર્થાત યુદ્ધના આવેશ તેમજ દ્વેષપૂર્ણ વાયુ મણ્ડળમાં યદિ કોઇ રાષ્ટ્ર પાપ કરે છે તો સમજી શકાય છે. પરન્તુ જે રાષ્ટ્ર ૩૦ કરોડ ગરીબ ભારતીયોને જીતીને ધન કમાવવાને માટે માદક દ્રવ્યોનો ગુલામ બનાવવાનું જે પાપ કરે છે એની તુલનામાં યુદ્ધજન્ય કરવામાં આવેલા અત્યાચારનું કાંઇજ મૂલ્ય નથી."

હમારી શ્રી લોમેટ સ્વતંત્ર દેશની મહિલા છે એ તો અંગ્રેજ રાષ્ટ્રને ધિક્કારના વચન કહી શકે પરન્તુ વસ્તુતઃ ભારતીઓ માટે પણ આ વ્યંગજ છે. ૪૦ કરોડ મનુષ્ય વેદાંપર ગણી શકાય એટલા લાખ વિદેશિયોના દાસ બનેલા છે. જે દાસ છે એ સુધરવા ચાહે તો પણ સુધરી શકતા નથી પરન્તુ જે રાષ્ટ્ર પરાધીન નથી —સ્વતંત્ર છે. એ પોતાના દેશમાંથી આવી બરાબીઓ—વ્યસનને દૂર કરવાને માટે કાયદાઓ બનાવે છે. દૂર જવાની જરૂર નથી આપણી શાસક જાતિનો દેશ જુઓ ત્યાં Dangerous Drugs acts ચાલુ કર્યો છે. તો એજ આપણી સરકાર મા બાપ પોતાની ધન લોલુપતાની વૃત્તને અત્યાધિક પોષવાને માટે એના આધીન દેશોમાં પીડાંઓ ઓલે છે અને એક હથ્થુ વ્યાપાર કર્યે જાય છે અને ધન કમાય છે જ્યારે પોતાના દેશમાં એવા ભયંકર પદાર્થોનો ઉપયોગ કરનારને દણ્ડે છે. પરન્તુ આપણે તો પરાધીન દાસજ છીએ એટલે આપણે તે જાણીએ છતાં પણ પાપ કરવાનુંજ. એટલુંજ નહીં દાસોએ તો મરવાનુંજ છે. સાથે સાથે એમના દ્વારા કરવામાં આવેલાં કાર્યો (અફીણ આદિની ખેતી)થી પોતાના પડોશના દેશના મનુષ્યોને એ ભયંકર પાપમાં નાંખી એમને પણ ગુલામ બનાવવામાં પોતે નિમિત્ત બને છે. આપણે તો બન્ને પ્રકારની લજ્જાને પાત્ર છીએ એક તો એ પદાર્થો ઉત્પન્ન કરી ઉપભોગ કરીએ છીએ તેમજ બીજાને માટે બનાવીએ છીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં આપણું સ્વાસ્થ્ય ખરાબ થાય છે તો આપણે બીજાનું પણ સ્વાસ્થ્ય ખરાબ કરવામાં નિમિત્ત બનીએ છીએ. તેમજ બીજી સ્વાધીન પ્રજાને ગુલામ બનાવવામાં આપણે જાણ્યે અજાણ્યે સરકારનો સાથ આપીએ છીએ આજે પણ એવું જ કાર્ય ચાલ્યે જાય છે. એ ઠીક છે કે વ્યાપાર ઓછો થયો છે પરન્તુ પ્રમાણમાં ઘણોજ વધારે છે. એ દ્રષ્ટિથીજ મિત્ર દ્રોહનો કલંક આપણાપર ચોંટે એ છે. થી અતએવ **ભારત ભક્ત સી. એફ. એન્ડ્રૂઝ** પોતાની The Drink and opium Evil નામક પુસ્તકમાં લખે છેઃ—

The curse of opium in some ways is more deadly to the soul of India than intoxicants, because it has its effects chiefly on a neighbouring and friendly people-the chinese. It is thus at once more cruel and more selfish than the curse of drink.

C. F. Andrews

— અફીણની ખરાબી ભારતના આત્માનેમાટે કેટલાક અંશોમાં માદક દ્રવ્યોની અપેક્ષા ઘણુંજ ભયંકર છે કારણકે એનું પરિણામ ખાસ કરીને આપણા પડોશી અને મિત્ર રાષ્ટ્ર ચીનપર પડી રહ્યું છે એટલા-માટે દારૂની ખરાબીના કરતાં વધારે દુષ્ટ અને સ્વાર્થી છે.

વૈદિક ધર્મની સાર્વભૌમતા

લેખકઃ— શ્રી. પં. જ્ઞાનેન્દ્ર 'સિદ્ધાન્ત ભૂષણ'

ધર્મતો એકજ છે અને સદાને માટે એકજ રહેવાનો છે; પરન્તુ કેટલાક મનુષ્યોએ કાંચન, કામીની તેમજ પદની લોલુપતા ને કારણે પોતાની સ્વાર્થ સિદ્ધિ માટે ધર્મ પુસ્તકોમાં મન ઘડન્ત વાતો લખી દીધી છે અને એટલાજ માટે આજે ધર્મના ઝઘડાઓ થાય છે તેમજ રાજ કારણમાં ધર્મની આડમાં દેશને પરાધીન બનાવી મૂક્યો છે.

મન ઘડન્ત વાતોને કાઢી નાખવામાં આવે તો એ શુદ્ધ ધર્મ રહે અને માનવ માત્રને માટે ઉપયોગી સિદ્ધ થાય. એ દૃષ્ટિથી આર્યસમાજની સર્વ ધર્મ પરિષદમાં ધર્મની સાર્વભૌમતાને માટે જે કસોટી રાખી હતી તે કસોટીઓ પર ધર્મની તુલના કરનારૂં આ અનુપમ પુસ્તક છે. પ્રત્યેક ધર્મના મનુષ્યે વાંચવા જેવું છે. મૂલ્ય ૦-૬-૦] મ. ગુ. પુસ્તક પ્રકાશન મંડળ. મરોલી બજાર [પોસ્ટેજ ૦-૨-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

...: અફીણથી થયેલી ભારતની દુર્દશા :...

પાછલા પ્રકરણોમાં ઉત્પત્તિ તેમજ વિદેશિઓના પ્રચારના સમ્બન્ધમાં, લખવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં ભારતમાં અફીણથી થયેલી દુર્દશા તેમજ એને રોકવા માટે કરવામાં આવેલા પ્રયાસોનું યથા શક્ય વર્ણન કરવામાં આવશે

વેદાદિ ગ્રન્થ તેમજ સ્મૃત્યાદિ ગ્રન્થમાં અફીણનું વિધાન તેમજ નિષેધાદિ ન હોવાથી તેમજ એની કેટલાક કાળથી ઉત્પત્તિ થતી હતી, તેથી એનો પ્રચાર હોય એ સ્વભાવિક છે. મધ્યકાળમાં શાસકોના તરફથી એના નિષેધના સમ્બન્ધમાં કોઈ રાજ નિયમ આદિ પણ ન હોવાથી મધ્યકાળમાં એનો પ્રચાર ઘણા વેગથી થયો હતો એમાં વળી પશ્ચિમીય સભ્ય જાતિઓએ એ પ્રચારની જવાળા પર ઘી હોમ્યું— એની ખેતીને પોતાના હાથમાં લીધી ખેડુતોને એની ખેતી કરવા માટે પહેલેથી ધન આપવામાં આવતું પછી ઉત્પન્ન થયેથી શેષ પૈસો પાછા આપવામાં આવતા હતા. આથી એક હથ્થુ અફીણનો વ્યાપાર થવા લાગ્યા તેઓજ વિદેશમાં અફીણ વેચી ધન કમાવવાનોજ મુદ્રાલેખ રાખ્યો હતો એજ પ્રમાણે આ દેશમાં પણ પ્રચાર પ્રારંભ્યો. ૧૯ મી સદીમાં સરકાર દ્વારા આ દેશમાં નિયમિત રૂપથી અફીણની દુકાનો ચલાવવામાં આવતી હતી. ૩૦-૪-૧૮૮૯ ના **હૅનસાર્ડ** માં શ્રી **કેન** મહોદયે **લખનૌ** ની એક દુકાનનું વર્ણન કર્યું છે જે રોમાંચ ઉભાં કરે એવું છે એનો સારમાત્ર અત્ર ટાંકુ છું:—

"અમે એ દુકાનમાં પ્રવેશ કર્યો. એ ગંદી અને માંખીઓથી ભરપૂર હતી. એના ૧૫ ઓરડાઓ હતા. પ્રત્યેક ઓરડાઓમાં ૧૫-૧૬ વર્ષની યુવતી આવનાર અફીણઆઓના સત્કારમાટે રાખવામાં આવી હતી. એના હાથમાં એક ચલમ હોય છે. એ આગન્તુકની મુખ એ ધરે. આગન્તુક એને ખેંચે છે. ત્યાં સુધી ખેંચે છે એ બીજા માણસ પર ઢળી ન પડે. ત્યાર બાદ એ સ્ત્રી ત્યાંથી ખસી જઇ બીજા પાસે જાય છે. બેચાર અંગારાના પ્રકાશ વાળી, બંદ બારી બારણાં વાળી ઓરડીઓમાં ૯૮ પ્રભુની પ્રતિનાઓ જે થોડા વખત પહેલાં હલન ચલનથી યુકત હતી એને અચેતન બનાવી દીધાં. જેમના શરીર સશકત અને ચહેરાપર જે થોડું ઘણું તેજ દેખાતું હોય છે એ ચહેરા નિસ્તેજ, પીળા ફક્ક જેવા થઈ ગયા, માંખીઓની ગણ ગણાટ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેરાડા પ્રકાશને કારણે ડુક્કરો એક બીજા પર પડયાં હોય એમ ઢગલાના રૂપમાં જણાતાં હતાં આ વ્યસનની પાશમાં એક સ્ત્રીને પણ જોવામાં આવી, જેની ઉમર ૧૮ એક વર્ષની હશે. એ ઝેરને કારણે મૃત પ્રાયઃ બની, ચતના રહિત પડેલી હતી. એના ગાલની લાલિમા પીળા રંગના રૂપમાં બદલાઇ ગઇ એની ચંચળ આંખો એ ઝેરને કારણે ધીરે ધીરે બન્દ થઇ ગઇ હતી. એના સફેદ દાંતો પરથી એના ફીકા હોય ખંચાઇ રહ્યા હતા. શ્રી કેન મહોદય લખે છે કે એ દયનીય ચહેરો મરણ પર્યન્ત મારાથી ભુલાશે નહીં. એ ભયંકર ધુમાડાવાળા સ્થાનમાં રોકવવું અમારે માટે મુશ્કેલ હતું અન્તે જેમ તેમ કરી પડતા—ઉઠતા—લથડિયા ખાતા એ મકાનમાંથી નાઠા"

પ્રભુની પ્રતિમાઓની આ દશા જોઇને કોને તિરસ્કાર ન આવે? અફીણીઆની અવ્યવસ્થિત દશાને જોઇને એક વખતતો ખાનારને પણ એ વ્યસન પર તિરસ્કાર છુટે જેઓ સભ્ય કહેવડાવવાનો દાવો કરે અને પોતાની ધન પિપાસાની વૃત્તિને તૃપ્ત કરવાને માટેજ પ્રભુની મૂર્તિઓને રેંસી નાંખે એનાથી વધારે જંગલી પણું બીજું શું હોઇ શકે?

પરાધીન દેશ ભારતના શહેરોમાં ૧૯ મી સદીના અન્ત સુધી આવી દુકાનોનો ઘણોજ પ્રચાર હતો.

આવી વસ્તુઓનો પ્રતિકાર તો સ્વયંજ કર્યે છુટકો બીજો કોઇ છોડાવે અને આપણે છોડિએ એ ન બની શકે. એનો પ્રચાર એટલો બધો વ્યાપક હતો કે જે જોઇને શ્રી. કેન મહાનુભાવનું હૃદય દ્રવી ગયું અને ઈંગ્લેન્ડમાં જઇને ભયંકર આન્દોલન કર્યું અંગ્રેજ જનતામાં અફીણના વિરૂદ્ધ એક વ્યાપક નાદ ગજાવી દીધો અને પરિણામ સ્વરૂપ ભારતમાં અફીણના પ્રચારના સમ્બન્ધમાં નિરીક્ષણ સમિતિ સ્થાપિત કરવામાં આવી જે સન ૧૮૯૩ માં ભારતમાં આવી અને ૧૮૯૫ માં ૭ પુસ્તકમાં એનું વૃત્ત પ્રગટ કર્યું પરન્તુ એ કેનીશને એક નૂતન આવિષ્કાર કર્યો જે માનવ જાતિને આશ્ચર્ય યુક્ત કરે છે લખ્યું છે કે **અફીણ હાનિકર વસ્તુ નથી એટલુંજ નહીં પરન્તુ ત્યાંના લોકો એનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરતા નથી અને કોઇ કરે છે તો જન સમૂહ એની નિન્દા કરે છે** ઇત્યાદિ બીજા કેટલાક સદસ્યો એનાથી મતભેદ રાખતા હતા તેથી તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું જાદુ વૃત્ત પ્રગટ કર્યું; પરન્તુ એને ભુલાવી દીધું છે એથી પણ વધારે દુઃખની વાતતો એ છે કે આવા વિજ્ઞાનના સમયમાં પણ સરકાર આપુએ કમીશનના અભિપ્રાયને આજે પણ વેદ વાક્યના સમાન રટયા કરે છે. અધિકારિઓની વૃત્તિ પણ એવીજ જણાય છે. પાછલાં વર્ષોમાં દિલ્હીમાં અને શિમલામાં, અફ્રીગુના વિરુદ્ધ સભાઓ થઇ પણ એનું કાંઇ વિશેષ પરિણામ આવ્યું નહીં.

ભારત સરકારની સેન્ટલ બ્યૂરો ઓફ ઇન્ફરમેશનના ડાયરેકટર **શ્રી રશબ્રૂક** વિલ્યમ લખે છે કે **ભારતની વિશેષ પરિસ્થિતિ પર વિચાર કર્યા વગર ભારત સરકારની નીતિ સમજવી અસંભવ** છે. ઇ.સ. ૧૮૯૩ માં રૉયલ કમીશને જોયું કે" **ભારતીય જનતાનો ઘણો મોટો ભાગ પૂર્ણ રીતે અફ્રીણ બંદ કરવાનો વિરોધી છે કારણ કે એને વ્યક્તિગત સ્વાધીનતા પર અનાવશ્યક અંકુશ સમજવામાં આવે છે.** ખરૂ જોતાં તો સૈકાઓથી ચાલતી આવેલી જુની કુટેવ અને રિવાજોમાં હસ્તાક્ષપ પણ જણાય છે. આપણે સ્મરણ રાખવું જોઇએ કે **ભારતની જમીન અફ્રીણ તો ઉત્પન્ન કરે છે અને કરશેજ ભારતની જનતાએ સૈકાઓથી અફ્રીણના આદત કરી લીધી છે.** એમની માન્યતા છે કે એ ઘણા રોગોને મટાડે છે ઘણા લાંબા વખતથી ટેવ પડવાને કારણે એ રિવાજોના રૂપમાં પરિવર્તિત થઇ ગઇ છે. આ પ્રમાણે રૉયલ કમીશનના વાક્યોને ઉદ્ધત કરતાં **અફ્રીણ પર પ્રતિબંધ** કરવો ભયાનક બતાવે છે રૉયલ કમીશનની મનસા છે કે દીર્ઘદૃષ્ટિ, વિચાર શીલતા તથા રાજનૈતિક દૃષ્ટિ બિન્દુએ જોતાં જણાય છે કે **જ્યાં સુધી ભારત આ વિષયમાં પોતાનો મત પ્રગટ કરતો નથી ત્યાં સુધી ભારતની શાસક બ્રિટીશ સરકાર પોતાની ઇચ્છાથી *૨૯ કરોડ જનતા પર પ્રયોગ નહીં કરી શકે કારણકે એનો સમ્બન્ધ ગહનતમ વૈયક્તિક જીવનની સાથે છે.**

કેટલી સુન્દર યુક્તિ છે? પરન્તુ લખતી વખતે આગળ પાછળનો વિચાર સુદ્ધાં કર્યો નથી. હાં કરે પણ કેવી રીતે? સ્વાર્થ તો સ્વયં આંધળો

* ૧૯૨૧ ની વસ્તી ગણત્રીના અનુસાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. અને આંધળાં માણસ જોઈ શકતાં નથી, એ ત્રિકાળા બાધિત સત્ય છે. એ નિયમને અનુસરતાં આવાં વાક્યો લખાયાં છે. કોઇ પ્રશ્ન કરી શકે કે શું અફીણ વાતોમાં ભારતની જનતાની સ્વીકૃતિ અથવા મત લઈને કાર્ય કરવામાં આવે છે કે? શું ચીન સાથેના અફીણનો ઘણા મોટા પ્રમાણમાં વ્યાપાર કરતી વખતે ભારતે સ્વીકૃતિ આપી હતી કે? અંગ્રેજોને ભારતમાં વ્યાપાર કરવાને તેમજ રાજકારણમાં હસ્તક્ષેપ કરવાને માટે ભારતની જનતાએ મત આપ્યા હતા કે? ભારતની જનતાએ મત આપ્યા હતા કે રેલ્વે નાંખી કરોડો મણ અનાજ સાત સમુદ્ર પાર પોતાના ઘરમાં લઇ જઇ શકે? લેંકેશાયરની કપડાંની ઘાંસડીઓ લાદી ભારતની કળા કૌશલનો નાશ કરવાને કહ્યું હતું કે?

ગમ્ભીરતાથી વિચાર કરવામાં આવે તો જણાશે કે કેટલી વસ્તુઓના નિષેધને માટે કદીએ સભ્ય જનતિ મત લે છે ખરી કે? દૂર કયાં જવું છો, જે સમયે રોયલ કમીશને ઉપરની પંક્તિઓ લખી તે સમયે ઇંગ્લેન્ડમાં કેટલી વસ્તુઓના નિષેધ માટે કાયદાઓ બની રહ્યા હતા. ઇંગ્લેન્ડ તેમજ કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ આદિ સંસ્થાનિક સ્વતંત્રતાવાળા પ્રદેશોમાં એ કાયદાઓ લાગુ પડયા પરન્તુ જ્યાં ઇંગ્લેન્ડદ્વારા રાજ્ય થાય છે ત્યાં રોયલ કમીશનના મત પ્રમાણે કાર્ય ચાલે છે.

રોયલ કમીશનના વૃત્તને ૨૫ વર્ષ થઇ ગયાં હતાં છતાં પણ અધિકારીઓના વિચારમાં તલ માત્ર ભેદ પડયો નથી. જેની પ્રતીતિ સન ૧૯૨૨માં ઇન્ડિયા ઓફિસમાંથી Truth About Indian Opium (ભારતના અફીણના સમ્બન્ધમાં સાચી વાત) નામક પુસ્તકમાં નીચે લખેલાં વાક્યો લખ્યાં છે.:—

ભારતમાં અફીણના પ્રતિબંધને અમે અસંભવ સમજીએ છીએ એટલા માટે એને માટે પ્રયત્ન કરવો પણ સરકારને તેમજ જનતાને માટે ભયાનક છે.

ભારતમાં પણ સભાઓ થઇ. અને સન ૧૯૨૬માં લીગ ઓફ નેશનની આધીનતામાં મહાન ભયંકર આન્દોલન થયું પરન્તુ આપણી સરકારે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને પણ ૬હરદમાં ચોકખું પરખાવી દીધું જેના શબ્દો નીચે લખ્યા પ્રમાણે છે.:—

વજ્ઞાનિક અને ઔષધિ પ્રયોગોને છોડીને અફીણની પૂર્ણ બંદી કરવી ભારતમાં કેવળ અવ્યવહારિક જ નહીં પરન્તુ અનિષ્ટ પણ થશે.

સામાન્ય રૂપથી અફીણનો ઉપયોગ દવાના કામમાંજ થાય તો કોઇ વાંધા જેવું નથી જેમ રીતે યુરોપના દેશમાં ડોકટરોનેજ અફીણ આપવાનો અધિકાર છે અને તે પણ પોતાની દેખરેખ નીચેજ. તેમ ભારતમાં થાય તો કોઇને કાંઈ કહેવાનું રહેતું નથી પરન્તુ અહિં તો અફીણ વેચવાનો અધિકાર તેજ માણસોને આપવામાં આવે છે કે જેઓ વધારે પૈસા સરકારને આપે છે. અને એ માણસો પણ જોતાં સુદ્ધાં નથી કે આ માણસ અફીણ દવાને માટે કે પોતાની કુટેવને વધારવાને માટે લઇ જાય છે. એમને પડી પણ શી છે ? કારણ કે સરકાર તો જે વધારે રકમ આપે તેને અફીણ આદિ કેફી પદાર્થ વેચવાનો અધિકાર આપે છે, તેમને પણ તો પૈસાદર થવું હોય છે તેથી તેઓ પણ આંધાધુન્ધ આપે છે. એ વસ્તુને હટાવવી હોય તો જ્યાં સુધી યુરોપના દેશોના જેવી વ્યવસ્થા નહીં થાય ત્યાં સુધી એ પાપ નષ્ટ થવાનું નથી.

સ્વર્ગીય શ્રી. ફ્રેરહાર્ડ શ્રી. સ્ટેડ અને ઈંગ્લેન્ડની અફીણ વિરોધી સભાના પ્રયત્નથી હુકકા–ચલમમાં વપરાતું અફીણ અફીણના પાશનો દમ લગાવવો તો બન્દ થયો અને એને માટે સરકાર ધન્યવાદને પાત્ર છે; પરન્તુ એનું કર્તવ્ય એટલેથીજ અટકતું નથી. સરકારે તો જે અફીણનો ઉપયોગ ઔષધીના વગર જેટલો થાય છે એને રોકવાનો છે. ૧૯૨૭–૨૮માં ભારતના ભિન્ન પ્રાન્તોમાં ૧૦૦૦૦ મનુષ્યોમાં અફીણનો ઉપયોગ થઇ રહ્યો હતો એનું કોષ્ટક નીચે આપવામાં આવે છે,:—

પ્રાન્ત	શેર	પ્રાન્ત	શેર
યુકત પ્રાન્ત	૫.૦	મદ્રાસ	૮.૨
બંગાળ	૮.૫	સીમાપ્રાન્ત	૮.૮
બિહાર ઓરીસા	૭.૨	મુંબઇ	૧૪.૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંજાબ	૧૯.૦	બ્રહ્મા	૨૬.૦
રાજસ્તાન	૧૬.૦	આસામ	૩૮.૦
કુર્ગ	૧.૭	મધ્ય પ્રદેશ	૧૮.૦
અજમેર મેરવાડા	૬૮.૦		

ભારતમાં સરેરાશ પ્રત્યેક ૧૦૦૦૦ મનુષ્યોમાં ૬૨ શેર અફીણનો ઉપયોગ થાય છે. જ્યારે આન્તર રાષ્ટ્રીય પરિષદે ૬ શેરની સ્વીકૃતિ આપી છે.

જીનીવામાં લીગ ઓફ નેશનના અધિનેતૃત્વમાં થયેલી સભામાં સર્વાનુમતે નિયમ ઘડાયો છે કે જેમાં ભારતે પણ સન ૧૯૨૯થી પ્રતિવર્ષ અફીણનો વ્યાપારમાં ૧૦ ટકા ઓછા કરતા જવું.. આશા રાખી શકાય કે આ પાપ ઘણીજ જલ્દી આપણી સરકાર બન્દ કરી ભારતના મનુષ્યોને ઓ ઝેરનો ઉપયોગ કરતી રોકશે.

જ્ઞાનામૃત

માધ્યામિક શાળાના વિદ્યાર્થીઓના મગજમાં જાત જાતના વિચારો આવે છે. તર્ક વિતર્ક-સંકલ્પ, વિકલ્પ થયા કરે છે. એમને સૃષ્ટિ કર્તા કોણ? શા માટે સૃષ્ટિ બનાવી? આદિ પ્રશ્નો મુઝવે છે. તેઓ પોતાના સમકક્ષ મિત્રોને, વડિલોને તેમજ અધ્યાપકોને પ્રશ્ન કરે છે. મિત્રો પ્રશ્નો સમજાવી શકતા નથી, વડિલોને સમય નથી હોતો એટલુંજ નહીં પણ કદાચ પ્રશ્ન પણ સમજી શકતા નથી. અધ્યાપકો બિચારાઓ પોતાનો પાઠયક્રમજ પુરો કરી શકતા નથી તો પછી આવા વિષયોને સમજાવવાને તેમને સમય કયાંથી મળી શકે? અસ્તુ. પરિણામ સ્વરૂપે યુવકો નાસ્તિક બની જાય છે.

આ પુસ્તક યુવકો, અધ્યાપકો તેમજ માતા પિતા-સંરક્ષકો બધાને માટે સમાન રૂપથી ઉપયોગી છે. એમાં ક્રમવાર પાઠો આપ્યા છે. સૃષ્ટિકર્તા, સૃષ્ટિની ઉપત્તિ શા માટે? અદિ ગહનતમ અને દાર્શનિક વિષયો પણ ઘણાજ સરળ કરી સહેલી ભાષામાં લખ્યા છે.

મૂલ્ય ૦-૫-૬] :મળવાનાં ઠેકાણાં: [પો.ખ. ૦-૧-૬

૧ મહા. ગુ. પુ. પ્ર. મંડળ મરોલી બજાર,

૨ "વૈદિક જીવન" મુદ્રણાલય. નવસારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—:તમ્બાકુ:—

...તમ્બાકુનો ઇતિહાસ...

કેટલાકનું માનવું છે કે તમ્બાકુ અજ્ઞાત કાળથી પોતાનું ભયંકર વિષ માનવ જાતિને પીવડાવી રહી છે; પરન્તુ સામાન્ય રૂપથી પ્રચલિત છે કે સન ૧૯૪૨માં કોલમ્બસ ભારત વર્ષ શોધવાને માટે નિકળ્યો હતો રસ્તો ભુલી જવાથી અમેરિકાના વેસ્ટ ઇન્ડીઝના ટાપુઓ મળ્યા, ત્યાં તેને એનો ધુમાડો લેતા માણસોને જોઇ એમની નવાઈની સીમા ન રહી, તે સ્થાનનું નામ **કયુબા** હતું. એમાં પણ થોડો મતભેદ છે. કેટલાક ઇતિહાસજ્ઞોનું માનવું છે કે એ સ્થાનનું નામ **ગુઆનાહની** હતું કે જેને આજે **સૈન સલ્વાડોર** કહે છે. જેમ જેમ સાહસિક લોકોએ એ નવીન ભૂખંડનો અન્તઃપ્રદેશોને જોયો તો જણાયું કે ઉત્તર અમેરિકામાં પણ એનો પ્રચાર હતો, અને દક્ષિણ અમેરિકામાં પણ એનો ઉપયોગ થતો હતો. હાં એ સત્ય છે કે કોઇ ઠેકાણે એનો ધુમાડો લેતા હતા તો કોઈ ઠેકાણે એને ખાતા હતા, અને કોઈ ઠેકાણે એને સૂંઘતા હતા. ત્યાંના લોકો તમ્બાકુને **કોહીબા** કહેતા હતા અને બીડીને **ટોબેકો** કહેતા હતા. રોમાનેપાનો નામક ઇસાઈએ પણ એજ વાત લખી છે કે સૈન ડોમિંગાના નિવાસિયો પણ એનો એવોજ ઉપયોગ કરતા હતા ૧૫૭૬માં લોવેલે પણ લખ્યું છે કે સૈન સલ્વાડોરના માણસો તમ્બાકુનો ધુમાડો લેતા હતા. સન ૧૪૯૪-૯૬માં કોલમ્બસની બીજી યાત્રામાં સૈન ડોમિંગાના ગવર્નર ગોંન્ઝલો ફર્નાન્ડિઝ પોતાની **Historia General De Las Indias** નામક ઇતિહાસમાં ૧૫૩૫માં એક મનોરંજક વાત લખે છે.:—

એમની બીડીનો આકાર અંગ્રેજી Y ના જેવો હોય છે નીચલા ભાગમાં તમ્બાકુ ભરીને સળગાવે છે અને બે પાંખિયા નાકના બે ગોળક (બોકારાં) માં ઘાલે છે, અને એનો ધુમાડો નાકથી ખેંચે છે વળી લખ્યું છે કે એ લોકો એની ઘણીજ શ્રદ્ધા ભક્તિથી ઉપયોગ કરે છે અને માને છે કે એમાં અન્યત ગુણ છે. ૧૫૦૨માં સ્પેનીશ લોકોએ દક્ષિણ અમેરિકાના માણસોને તમ્બાકુ સુંઘતા જોયા પાછળથી જણાયું કે અમેરિકા ખંડમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમ્બાકુનો પ્રચાર છે એમ જણાયું મેક્સિકોની એઝ્ટેકોની કબરોમાં પણ કેટલાએ પ્રકારની જુની ચલમો મળી જેના પર વિચિત્ર પશુઓની આકૃતિ જણાય છે. પ્રત્યેક પ્રાન્તમાં તમ્બાકુનાં જુદાં જુદાં નામો છે.

તમ્બાકુનો યુરોપમાં પ્રવેશઃ— સ્પેનના **બીજા ફીલીપે** પોતાના વનસ્પતિ શાસ્ત્રજ્ઞ શ્રી. ફ્રાંસિસકો ફરનાનડેઝને અમેરિકાની વનસ્પતિ તેમજ ખનિજની શોધ માટે મોકલાવ્યો. ત્યાંથી આવતી વખતે બીજી વસ્તુઓ સાથે તમ્બાકુના છોડવા તેમજ એનાં બી સાથે લાવ્યો. સન ૧૫૬૯ માં સ્પેનમાં એની ખેતી થઇ. થોડાક લોકો એ પીતા તેમજ સુંઘતા હતા, પરન્તુ ત્યાં એ ફૂલી ફળી નહીં. પોર્ટુગલમાં એનો ખૂબ પ્રચાર થયો. ફ્રાન્સનો એલચી શ્રી. **જીન નિકોટ** ત્યાંના દરબારમાં રહેતો હતો. તેણે એનાં થોડાં બીજ એક ડચ પાસેથી લઇ પોતાના લિસ્બનના મકાનમાં રોપ્યા કહેવામાં આવે છે કે એનાં પાંદડાંથી એણે ઘણા રોગો દૂર કર્યા. પછી એણે એ વનસ્પતિને ફ્રાન્સના રાજાની પાસે મોકલાવી ઈટાલીમાં પણ એનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. ત્યાંના લોકોએ એનું ઘણુંજ સ્વાગત કર્યું, અને ત્યાંથી યુરોપના અન્ય દેશોમાં એનો પ્રચાર થયો.

ઇંગ્લેન્ડમાં પદાર્પણઃ— કેપ્ટન રોલ્ફ લેન સર ફ્રાન્સિસ ડ્રેકની સાથે વર્જીનીઆથી પાછા ફર્યા પરન્તુ તમ્બાકુનો પ્રચાર એમના દ્વારા થયો નથી એના પ્રચારનું શ્રેય તો **સર વોલ્ટર રેલેને** છે. રેલે મહોદય એ વર્ષ વર્જીનીયામાં લેનની અધ્યક્ષતામાં રહી એક ઉપનિવેશ બનાવી ત્યાં એની ખેતી કરી. કહેવામાં આવે છે કે ઇંગ્લેંડમાં સર્વ પ્રથમ તમ્બાકુ પીનાર એજ મહોદય હતા એના સમ્બંધમાં **રેઈન કોમ્પોઝીશન**માં એક મનોરંજક વાત પ્રસિદ્ધ છે. એ પાઠકોના મનોરંજન માટે અત્રે ટાંકું છું:—

એક દિવસે રેલે મહોદય પોતાના બગીચામાં બેઠા બેઠા તમ્બાકુ પીતા હતા તેટલામાં એમનો નોકર ચાહ લઇને ત્યાં આવ્યો. તેણે પોતાના શેઠના મોંમાંથી ધૂમાડાના ગોટે ગોટા નિકળતા જોયા. તે ગભરાયો તેણે વિચાર કર્યો કે શેઠના પેટમાં આગ લાગી છે, તે દોડ્યો અને એક ડોલ ભરીને પાણી શેઠના માથા પર નાંખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર બાદ ધીરે ધીરે ત્યાં તમ્બાકૂનો પ્રચાર ઘણા વેગથી વધ્યો. વર્જીનીયાથી વહાણો ભરીને તંબાકુ આવવા લાગી. પહેલાં એની આયાત પર ૧ પૌંડે બે પેન્સ જકાત હતી. લોકોને એના ગુણ તરતજ પ્રકાશિત થઇ ગયા. જેમ્સ રાજાએ ૧૬૦૩માં પૌન્ડે ૧૦ શિ. ૬ પેન્સ જકાત વધારી મુકી અને એના ગુણદોષોનું નિરીક્ષણ કરી Counter Blast to Tobacco નામક પુસ્તકની રચના કરી લોકોને એના ગુણદોષોથી સચેત કર્યા.

યુરોપમાં કેટલાએ વર્ષો સુધી તો તંબાકુને **અમૃતવલ્લી** સમજતા રહ્યા અને પ્રત્યેક રોગો પર એના દ્વારા ઉપચાર થવા લાગ્યો. પરન્તુ અજ્ઞાન કેટલા વખત સુધી સઘાંને ભોળવી શકે અન્તે પોત પ્રકાશ્યું અને રાજા, મહારાજા તેમજ ધર્માધિકારી આદિ બધાઓએજ એનો વિરોધ કર્યો.

ભારતમાં તમ્બાકુઃ— ભારતમાં એના પ્રચારનું શ્રેય પોર્ટુગીઝોને છે. સન ૧૬૦૫માં તેઓ પોતાની સાથે તંબાકુ લાવ્યા. તે સમયે અહિં અકબરનું રાજ્ય હતું કેટલાકનું માનવું છે કે તંબાકુનો પ્રચાર એશિયામાં એનાથી પણ ઘણા વર્ષ પહેલાથી હતો; પરન્તુ એમાં સત્યતા જણાતી નથી કારણ કે ભારતના તેમજ એશિયાના સમસ્ત પ્રાચીન સાહિત્યમાં એનું નામ નિશાન પણ જણાતું નથી, અને જેમાં જણાય છે એમાં એનું આધુનિક વિદેશી નામજ જણાય છે, અને પ્રતીત થાય છે કે એ ભાગ પાછળથી એમાં મેળવવામાં આવ્યો છે. એ સમયે પોર્ટુગીઝ પોતાની પૂર્ણ ઉન્નત અવસ્થામાં હતા અને ચીન, અરબ, ભારત, ઇરાન આદિ દેશોમાં તંબાકુનો પ્રચાર તેમણેજ કર્યો છે, એની સિદ્ધિ તત્કાલિન સાહિત્યથી થાય છે. **બહાર ઇઅઝાં** નામક ગ્રન્થથી શ્રી. બ્લોકમેનને Ind Antiq ના ૧૬૪માં પૃષ્ઠ પર એક ઉદ્ધરણ છાપ્યું છે જે ઉપરના વિચારની પુષ્ટિ કરે છેઃ—

"મઆસિરિ રાયિમિથી જણાય છે કે તમ્બાકુ યૂરોપથી દક્ષિણ-ભારતમાં આવી અને ત્યાંથી અકબરના દરબારમાં આવી પછી ઉત્તર ભારતમાં એનો ઘણા વેગથી પ્રચાર થયો."

બીજા મહાનુભાવ **શ્રી. યલે** અને **બર્નેલ** પોતાની **ગ્લોસરી ઓફ એંગ્લો ઇન્ડિયન વર્ડસ** નામક ગ્રંથમાં લખે છે કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાપુરમાં મને તમ્બાકુ જણાઈ ભારતમાં પહેલાં બીજે કોઈ પણ ઠેકાણે એ અનોખી વસ્તુના દર્શન થયાં ન હતાં એટલા માટે કેટલીક તમ્બાકુ મેં મારી સાથે રાખી, અને સાથે સાથે સુન્દર ચલમ પણ બનાવડાવી." આગળ ચાલતાં લખે છે. શાહ અકબર મારી મુલાકાતથી પ્રસન્ન થયા અને પુછતા રહ્યા કે આટલા થોડા સમયમાં આટલી બધી આશ્ચર્ય જનક વસ્તુઓ કેવી રીતે એકત્રિત કરી. જ્યારે એમની દૃષ્ટિ તમ્બાકુની રકાબી અને સુંદર ચલમ પર પડી ત્યારે તેઓ આશ્ચર્ય યુકત થઈ પુછવા લાગ્યા કે" અરે આ શું છે? તમ્બાકુને ઘણીજ બારીકીથી જોતાં પુછયું કે આ કયાંથી લાવ્યા?" નવાબમાં આગ્રમે ઉત્તર આપ્યો કે "જહોંપનાહ! આ તમ્બાકુ છે. મકકા અને મદીનામાં લોકો એને પીયે છે. ડૉકટર તમારે માટે ઔષધિના રૂપમાં થોડી લાવ્યા છે. બાદશાહે એના તરફ દૃષ્ટિપાત કર્યો અને ચલમ ભરાવી માંગાવી અને પીધી. બીજા અધિકારીઓ આવ્યા ત્યારે તેમને બાદશાહે પીવાનો નિષેધ કર્યો પણ પહેલાંજ અમીરોને એ ચલમ તેમજ તમ્બાકુને વહેંચી દીધી હતી. પ્રચાર વધ્યો તેથી વ્યાપારીઓએ એને મંગાવી વેચવાનો પ્રારંભ કર્યો: પરન્તુ બાદશાહે પોતાના જીવન કાળમાં બીજી વખત ચલમ પીધી નથી. આસાદ વેગ ઇન ઇલિયટ પુ. ૬. પૃ. ૧૬૫–૭

તમ્બાકુનો પ્રચાર અને એનો વિરોધ:— તમ્બાકુનો પ્રચાર ઘણા વેગથી યુરોપમાં તેમજ ભારતમાં વધ્યો. રાત દિવસ એની પ્રગતિ થવા લાગી પરન્તુ એ ઘણા લાંબા વખત સુધી યુરોપની તેમજ ભારતની જનતાને અંધારામાં રાખી શકી નહીં યુરોપમાં ઉપર લખી ગયા તેમ રાજા, મહારાજા તેમજ ધર્માધિકારીઓ એ. ઓનો વિરોધ કર્યો. કે માં વિશેષ ઉલ્લેખનીય નીચે લખેલા મહાનુભાવો છે:—

ઈંગ્લેન્ડમાં એલિઝાબેથ, જેમ્સ પ્રથમ તેમજ જેમ્સ પ્રથમે એનો વિરોધ કર્યો, અને જેમ્સે તો પુસ્તક લખ્યુ. તેમાં લખ્યુ મસ્તક અને ફેફસાં માટે ઘણી ભયંકર છે. ૧૨ મા ઈનોસેન્ટ પોપે તમ્બાકુ પીનારાનો બહિષ્કાર કરવાની આજ્ઞા પ્રચલિત કરી. તુર્કીસ્તાનમાં તમ્બાકુ પીનારાઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓઠ કાપી નાખવામાં આવતા હતા. અને સુંઘનારાઓનાં નાક અને કદિ કદિ તો તમ્બાકુના ભક્તોને મારી નાંખવામાં આવતા હતા. **રૂસમાં** પ્રથમ વાર તમ્બાકુ પીનારાઓને કઠોર શારીરિક દણ્ડ આપવામાં આવતો હતો અને બીજ્વાર પીનારાઓને પ્રાણ દણ્ડની સજા કરવામાં આવતી હતી. **ઇરાનમાં શાહ અબ્બાસે** પણ એનું સેવન કરનારાઓ માટે કઠોર રાજાજ્ઞા પ્રચલિત કરી હતી પરિણામતઃ લોકોને પોતાના બચાવ માટે જંગલમાં નાસી જવું પડતું હતું **સ્વિટ્ઝરલેન્ડમાં** તમ્બાકુ પીવી એ અપરાધ માનવામાં આવતો હતો **ભારતમાં જહાંગીરે** યુવકો માટે ઘણીજ હાનિકર બતાવી હતી તેમજ તમ્બાકુ પીનારાનું મોં કાળુ કરીને ગધેડાના પુછડા તરફ મોં કરી બેસાડી આખા શહેરમાં ફેરવવામાં આવતો હતો. તમાકુનો ઘણોજ ભયંકર રીતે વિરોધ કરવામાં આવ્યો છે. **ઇસ્લામમાં** અલંકારિક રીતે એની ઉત્પત્તિનુ વર્ણન કરી એનો નિષેધ કર્યો છે. હમણાં પણ કેટલાંક રાજ્યોમાં બાળકો માટે તમાકુ પીવાનો નિષેધ છે. હિન્દુ શાસ્ત્રો— **પદ્મ** તેમજ **બ્રહ્મ પુરાણમાં** એનો નિષેધ અને નિન્દા છેઃ—

तमाखुः पितलस्तीक्ष्णा श्वोष्णा वस्ति विशोधनः,
मदकृत् भ्रामकस्तिक्तो दृष्टिमाद्यंकरः परः ।
वमनो रेचनश्चैव नेत्रघ्नो शुक्रनाशकः ॥

બાળકોપયોગી ધર્મ શિક્ષા

આ ચોપડીની ઉપયોગીતા એની પહેલી અને બીજી આવૃત્તિ થોડા સમયમાંજ સમાપ્ત થઇ જવાથી જણાય છે. કાગળની મોંઘવારી તેમજ કાગળનું નિયમન હોવાને લીધે છાપી શકયા નથી. હમણા વિચાર છે અને એ શીઘ્ર પ્રકાશિત થઈ જશે.

એ પુસ્તક ગુરુકુળની તેમજ આર્ય પાઠશાળાની પાઠવિધિમાં રાખવામાં આવ્યું છે. સરકારી સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓને પણ પોતાના ધર્મનું આછું પણ સચોટ જ્ઞાન કરે છે.

:વ્યવસ્થાપિકાઃ

મ. ગુ. પુ. પ્રકાશન મંડળ **મરોલી બજાર.** (જી. સૂરત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— તમ્બાકુના ગુણદોષ —

પાછલા પ્રકરણમાં જોઇ આવ્યા તેમ તમ્બાકુનો પ્રાયઃ બધેજ વિરોધ થયેલો છે. આ પ્રકરણમાં ડૉકટરો દ્વારા કરવામાં આવેલા ગુણદોષોનું વર્ણન તેમજ લોકો એને શા માટે ગ્રહણ કરે છે. એ લખવામાં આવશે.

સંસારના તમામ વૈદ્ય અને ડૉકટરો સર્વાનુમતે પુકારીને કહે છે કે તમ્બાકુમાં ભયંકર પ્રૂસિક એસિડ નામક વિષ રહે છે. બીજા વિષો કરતાં એ વિષ પ્રાણિઓના પ્રાણ ઘણાજ જલ્દી હરણ કરી શકે છે. છતાં પણ લોકો એનો પ્રયોગ ઘણોજ કરે છે. કારણકે એમાં સંમોહન શકિત છે. એક વાર એનો ઉપયોગ કરે છે તો બીજી વખતે પણ એને ગ્રહણ કરવાનો વિચાર થાય છે. એ એમાં રહેલા નિકોટીન (Nicotine C 1o H 14 N2) ને આભારી છે. એ ઘન દ્રવ છે. એ તમ્બાકુનાં પાંદડાંના ભુકામાંથી ગાઢો અર્ક કાઢવામાં આવે તો જણાય છે. એમાં ૨ ટકાથી ૧૦ ટકા જેટલો નિકોટીન હોય છે; પરન્તુ જેમ જુની તમ્બાકુ તેમ તેમાં વધારે નિકોટીન. આજે વર્જિનિયાની તમ્બાકુ સિગરેટ પ્રસિદ્ધ છે એમાં ૬ થી ૭ ટકાનું પ્રમાણ હોય છે. એક પાઉન્ડ તમ્બાકુમાં ૩૮૦ ગ્રેન નિકોટીન હોય છે. એની ભયંકરતા નીચેની ઘટનાથી પ્રત્યક્ષ જણાય છે. ગ્રેનનો દશમો ભાગ એક સશક્ત કુતરાને આપવાથી ૩ મિનિટમાં એ મરી ગયો અને એક માણસ ૩૦ સેકંડમાં મરી ગયો. સામાન્ય રૂપથી એક પાઉન્ડ તમ્બાકુના વિષથી ૩૦૦ માણસોના પ્રાણનું હરણ થઇ શકે છે. એક સિગરેટની તમ્બાકુનું ઝેર એક માણસ માટે પુરતું છે એટલુંજ નહીં પરન્તુ કાળા નાગના પ્રાણને હરી શકે છે અને વિજળી પડી હોય એમ તરતજ મરી જાય છે. ખાવાથી શું પણ એના પાંદડાંને પેટપર બાંધવામાં આવે તો પણ ।। કલાકમાં માણસને ચેતના રહિત કરી શકે છે.

ડૉ. ફુટ પોતાની **હોમ એન્સાયકલો પીડિયામાં** લખે છે કે ૧ થી ૨ ટીપાં નિકોટીનનાં મજબુત કુતરાઓની મૃત્યુ માટે પુરતું છે અને નાના મોટાં પક્ષીઓ તો એ નળીની હવાથી મરી જાય છે.

તમ્બાકુનાં પાંદડાંને પાણીમાં ઉકાળવામાં આવે તો તેમાંથી (Empyreumatic) એમપાયરૈમેટીક નામક તેલ નિકળે છે જેનું એક ટીપુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિલાડીની મૃત્યુ માટે પુરતું છે તંબાકુની બહારના અંગોપર આટલી ભયંકર અસર થાય છે તો એ ફેફસાં કે હૃદયમાં જાય તો કેવી અસર કરતી હશે એ થોડા પણ વિચારથી આવી શકે છે.

નિકોટીન વિના તંબાકુના ધુમાડામાં બીજા પણ ઝેર છે. જેનો Pyridine Picoline, Sulphorelted Hydrogen, Carbon Dioxide, Carbonous. Oxide અને Prussic Acid.

કોઇ વસ્તુની જલ્દી અસર કરવી હોય તો એ ફેફસામાં જાય તો એની ઘણીજ જલ્દી અસર થાય છે. એટલાજ માટે જ્યારે ઇન્જેકશનથી પણ શરીરને લાભ થતો નથી ત્યારે ડોકટર પાર્વતીય સ્થાનો [Hilly Stations] પર રહેવાને સુચવે છે. જેથી ત્યાંની હવા ફેફસામાં જઇ શકે ફેફસાંની નાની નાની દ્રાક્ષના જેવી કોથળીઓમાં એ હવાનો પ્રવેશ થાય છે દર ત્રણ મિનિટે લોહી એ કોથળીઓની નીચેથી પસાર થાય છે અને પોતાની પાસેની હવા લોહીને આપે છે અને લોહીના કચરાને પોતાનામાં ગ્રહણ કરે છે અને તે પાછા ઉચ્છવાસદ્વારા બહાર કાઢે છે. જો શુદ્ધ હવા હશે તો લોહીમાં રહેનારાં જન્તુઓને જીવન મળશે અને ઝેરી અશુદ્ધ હવા હશે તો એ જીવાણુને મૂર્છિત, રોગી કે એનો નાશ કરશે. એ નિયમાનુસાર તમ્બાકુની ઝેરી વાયુ એ ફેફસામાં પ્રવેશ કરે છે, અને લોહીના જીવાણુને મૂર્છિત કરી ક્ષીણ શકિતવાળા બનાવે છે. અને એ મૂર્છિત જીવાણુ લોહીના પ્રવાહ સાથે આખા શરીરમાં ફરે છે. પરન્તુ એ પોતાના વિભાગોને જે સ્ફૂર્તિ આપવી જોઇએ એ આપ્યા વગરજ પાછા ફેફસામાં આવે છે આ પ્રમાણે શરીર રોગ ગ્રસ્ત બને છે. તમ્બાકુ સુંઘવાથી એના પરમાણુ ધીરે ધીરે શરીરમાં પ્રવેશે છે તંબાકૂ ખાનારના મોની લારની સા પેટમાં જઇ પોતાની અસર ત્યાં પહોંચાડે છે અને દારૂના પ્રકરણમાં લખ્યા પ્રમાણે મગજ સુધીના અવયવોને પોતાના ઝેરથી દુષિત કરે છે.

શ્રી. ડૉ. રિચર્ડસન તમ્બાકુ પીનાર પર થતી વિકૃતિનું વર્ણન કરે છે. જે નીચે ટાંકવામાં આવે છે :—

એનું મગજ શુષ્ક થઈ જઈ લોહી વગરનું બને છે પેટની કોમળ ચામડી પર નાના નાના ગોળ ચાંદા પડી જાય છે, લોહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાતળું બની જાય છે. ફેફસાં દુર્બળ બની, એમાંલોહી સાફ કરવાની શક્તિ રહેતી નથી. એનાં પરમાણુ મુર્છિત થઈ કાર્ય કરી શકતાં નથી એ વિકસિત હોવાને કારણે લોહીનો પ્રવાહ હૃદયમાં આવે છે ત્યારે હૃદય ફુલે છે. એને ફેટલાક કહે છે કે હૃદયની ગતિ વધી છે ઘણોજ તાવ આવ્યો હોય કે મરનાર પ્રાણીના હૃદયની ગતિ વધી જાય છે પરન્તુ એ ભયાનક હોય છે તેમ ઝેરી હવાથી મૂર્છિત થયેલા જીવાણુને કારણે હૃદયમાં કમ્પન થાય છે. એ પણ ભયંકર છે.

મહાત્મા ગાંધી પોતાની આત્મકથામાં લખે છેઃ—

હું સન્નાથી એ કુટેવને જંગલી, હાનિકારક તેમજ ગન્દી માનતો આવ્યો છું. હજી સુધી હું એ સમજી શક્યો નથી કે સિગારેટ પીવાનો એટલો બધો શોખ સંસારમાં કેમ છે? રેલ ગાડીમાં (સાર્વજનીક જન સ્થાનોમાં) ઘણી બીડીઓ પીવામાં આવે છે. ત્યાં બેસવું મારે માટે અસહ્ય બને છે. એનાં ધુમાડાથી મારા પ્રાણ ધુટાય છે'

શ્રી. ૧૯૮ સ્વા. સત્યદેવ પરિવ્રાજક પોતાની સંજીવની બુટીમાં લખે છે એનો ભાવ નીચે લખવામાં આવે છેઃ—

એ યુરોપીય નકટી સભ્યતાએ અમારા દેશનો અને દેશના નવયુવકોના શરીરનો નાશ કર્યો છે. તમ્બાકુનો ઉપયોગ કરવો એ જંગલી પનની નિશાની છે. જંગલી રેડઇન્ડિયન એને પીવાના, ખાવા-નાં કે સુંઘવાના ઉપયોગમાં લેતા હતા અને એનો ઉપયોગ પ્રારંભમાં અભ્ય કહેવડાવનારી યુરોપની પ્રજાએ કર્યો અને એ પાપ પોર્ટુગીઝ પ્રજાએ અમારા દેશમાં આણ્યું અને દેશનો નાશ કર્યો.

તંબાકુના દોષોના સંબન્ધમાં ઘણુંજ લખવામાં આવ્યું છે. એ ભયંકર ઝેર છે તો સહસા પ્રશ્ન થાય કે આટલું ભયંકર ઝેર માણુસો પોતાના પેટમાં નાંખે છે છતાં પણ મરતા કેમ નથી?

પ્રશ્ન સ્વાભાવિક છે પરન્તુ એક નાની સરખી જડ મશીનરીનો કોઈ ભાગ થોડો ખરાબ કે વાંકો એકો હોય તો એકદમ મશીન બંધ થઈ જતું કે તૂટી જતું નથી. તો પછી શરીર એ તો એક ચેતન સુદૃઢ મશીનરી છે. અત એવ એની અસર જલ્દીથી થતી નથી પરન્તુ એ નિર્વિવાદ છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ એ કેરી વસ્તુનું સેવન કરતો હોય અને રોગ જ્યારે એના પર આક્રમણ કરે છે તો એ જલ્દીથી સારો થતો નથી. જે રાષ્ટ્ર પર વારંવાર શત્રુનું આક્રમણ થતું હોય અને એની જે દશા હોય છે એજ વ્યસની મનુષ્યની હોય છે. વ્યસની મનુષ્ય એ વ્યસન છોડી દે છે તો એ એક બલવાન મનુષ્ય બની જાય છે. જેમ જાપાને વ્યસનો છોડી દીધાં :પરિણામ સ્વરૂપ એ રાષ્ટ્ર સંસારના બળવાન રાષ્ટ્રોમાંનું એક રાષ્ટ્ર તેમજ સંમૃદ્ધ રાષ્ટ્ર બની ગયુ છે. એમ વ્યસન છોડી દેનાર બળવાન બને છે. તંબાકૂથી કયા કયા રોગો થાય છે એનું વર્ણન હવે લખવામાં આવશે.

તમ્બાકૂ અને ક્ષયઃ— ઉપર જેમ લખવામાં આવ્યું તેમ ફેફસાંના જીવાણુને મૂર્છિત કરે છે અને પરિણામ સ્વરૂપ ફેફસાંનો ક્ષય થાય છે અર્થાત્ ફેફસાં સડવા લાગે છે અને અન્તે માણસ મૃત્યુનું આહ્વાહન કરે છે.

હૃદય રોગઃ— હૃદયની ત્વચા અચેતન બની જાય છે. જે હૃદયની ગતિને અનિયમિત કરે છે એજ હૃદયનો રોગ છે જેના પર મનુષ્યના સ્વાસ્થ્યનો આધાર છે.

ઉદર રોગઃ— લોહી ખરાબ થવાથી આંતરડામાં ખરાબ પદાર્થોને ખેંચી બહાર કરવાની શકિત હોય છે એ નષ્ટ થઇ જાય છે અને એ શકિતના અભાવે અપચન થવા લાગે છે અને પરિણામે એ રોગના રૂપમાં પરિવર્તિત થઇ જાય છે.

નેત્ર રોગઃ— પ્રાયઃ જોવામાં આવે છે કે તંબાકુ પીનારાઓની દૃષ્ટિ નબળી પડી જાય છે અને ચશ્માના ઉપયોગ કરનારા હોય છે. આય લેન્ડમાં તંબાકુના ભકત વધારે છે તેથી તેઓ નેત્ર રોગથી વધારે પિડિત છે જર્મની તેમજ બેલ્જીયમ પણ તંબાકુનો મહા ભકત છે તેમની આંખો રંગોને સારી રીતે ઓળખવામાં પ્રાયઃ ભૂલ કરે છે.

નપુંસકતાઃ— ડૉ. કુટ લખે છે કે મને નપુંસકતાનાં મુખ્ય કારણોમાં તંબાકુ મુખ્ય જણાય છે. એ શરીરની નશો ઢીલી કરે છે. મારી પાસે જેટલા રોગી આવે છે તમને હું કહું છું કે તમે એમાંથી કોઇ એક પસંદ કરો જેઓ અધિક કામી હોય છે તેમની જનનેન્દ્રિય નબળી પડી જાય છે અને તંબાકુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નબળાં અંગો પર પોતાનો પ્રભાવ પહેલો પાડે છે. અને પરિણામે નપુંસકતા આવે છે.

ગાંડપણઃ— પ્રાયઃ જોવામાં આવે છે જેટલા ગાંડા છે તેમાંથી મોટા ભાગના ગાંડાઓ તંબાકુ પાનારામાંથી થયેલા હોય છે. તંબાકુનો ગેસ મસ્તિષ્કમાં પહોંચે અને એના જ્ઞાન તન્તુઓને સુન્ન બનાવી દે છે. અને ટેવ જેમ જેમ વધે છે તેમ તેમ જ્ઞાત તન્તુઓ વધારે નિર્બળ બને છે. અને પરિણામે માણસ ગાંડો બની જાય છે.

તમ્બાકુના સમ્બન્ધમાં કેટલાક ડોક્ટરો આદિના અભિપ્રાયોઃ—

ડૉ. રશ વારન આદિઃ— તંબાકુનું ઝેર દાંતોને હાનિ પહોંચાડે છે.

ડૉ. કૈલનઃ— જેટલાએ અપચાના રોગીઓ જોયા છે તે બધા તંબાકુનું સેવન કરનારાજ હોય છે.

ડૉ. હૉસેકઃ— તંબાકુ મદાગ્નિનું કારણ છે.

ડૉ. રગલેસ્ટરઃ— અજીર્ણ સંબન્ધિ બધા રોગો એનાથી થાય છે.

પ્રૉ. સીલ્લીમેનઃ— તંબાકુના વ્યસની હૃષ્ટ પુષ્ટ નવયુવક પણ ક્ષયના શિકાર થઈ જાય છે.

ડૉ. રશઃ— તંબાકુ સુંઘવાથી સ્વર યંત્ર પર અસર થાય છે અને સ્વર બગડી જાય છે.

ડૉ. વિલયમ ઓલકોટઃ— તંબાકુના કોઇ પણ પ્રકારના સેવનથી આંખોને નુકશાન થાય છે.

ડૉ. એલિન્સનઃ— તંબાકુથી હૃદય પર અસર થાય છે ધુમાડાથી જેની જે અવસ્થા થાય છે તે અવસ્થા બીડીના ધુમાડાથી હૃદયની થાય છે. અમેરિકામાં તંબાકુના કારખાનામાં કામ કરનારી સ્ત્રીઓ પ્રાયઃ વન્ધ્યા હોય છે.

પ્રૉ. નેશનલઃ— યુવાવસ્થામાં મરનારાઓનાં ૯૫ % ટકા માણસો તંબાકુના વ્યસની હોય છે. એમના મૃત્યુનું કારણ પ્રાયઃ બતાવવામાં આવે છે કે એમનું હૃદય અને મસ્તિષ્ક ખરાબ થઇ ગયું છે. જર્મનીના વૈદ્યોએ પ્રસિદ્ધ કર્યું છે કે ૧૮ થી ૩૦ વર્ષની આયુવાળા મનુષ્યોની મૃત્યુમાં અડધાથી વધારે ભાગની સંખ્યા તંબાકુ જન્યરોગોથી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

:માનસિક શક્તિઓની હ્રાસ.

ડૉ. અરકહાર્ટ:— તંબાકુ સુંઘવી મગજને માટે ઘણીજ નુકશાન છે

ડૉ. ડસ્ટ બેન્સ:— તંબાકુથી ધારણા, ધ્યાન અને સ્મરણ શક્તિ નબળી પડે છે.

ડૉ. ફ્રેલનઃ— પ્રાયઃ જોવામાં આવ્યું છે કે તંબાકુનું સેવન કરનારાઓની જ્ઞાન અને સ્મરણ શક્તિ વૃદ્ધાવસ્થાના પૂર્વ ઘણીજ ઓછી થઈ જાય છે.

ગવર્નર સૌલ્ટવાનઃ— તંબાકુએ મને સુસ્ત અને જડ બનાવ્યો છે, જેને કારણે હું મારા વિષયોને વ્યવસ્થિત રૂપથી તેમજ એમનું પૃથક્કરણ સારી રીતે પ્રાયઃ કરી શકતો ન હતો.

પ્રૉ. હિચકાકઃ— તંબાકુ બીજા માદક પદાર્થો કરતાં બુદ્ધિની વધારે હાનિ કરે છે. તંબાકુથી ઇન્દ્રિયની નબળાઇ, બુદ્ધિનો નાશ, સ્મરણ શક્તિની હાનિ, ચિત્તની ચંચળતા અને મગજના રોગો ઉત્પન્ન કરનારો પદાર્થ છે.

ડૉ. ફાઉલરઃ— ઇસાઈ પ્રજાએ તંબાકુથી પોતાની બુદ્ધિનો નાશ કરી અપાર હાનિ ઉઠાવે છે.

પ્રૉ ફ્રેાર્બસ બીન્સલોઃ— જેઓ ગાંડપનના વિશેષજ્ઞ છે. એમનું કહેવું છે કે ગાંડપનનના મુખ્ય કારણોનો ક્રમ દારૂ, તંબાકુ અને પરંપરાગત છે.

રસ્કિનઃ— આધુનિક સભ્યતામાં તંબાકુ ઘણો ખરાબ રાષ્ટ્રિય જોખમ છે.

લુથર બર બૅન્કઃ— કે જેઓ અમેરિકાના છે અને વાટિકા વિજ્ઞાનના જ્ઞાતા છે. તેઓ લખે છે કે માદક દ્રવ્યનો થોડો પણ ઉપયોગ એકાગ્રતાનો વિરોધક છે.— એકાગ્રતાના કાર્યમાં વિઘ્ન ઉત્પન્ન કરનારો છે.

ડૉ. ચુનીલાલ બોસઃ—છોકરાઓ અને નવયુવકોના જ્ઞાન તન્તુઓ અને શરીરના બીજા ભાગોમાં એના વિષથી પરિવર્તન થાય છે. માનસિક કાર્ય કરવાની શક્તિ તેમજ સ્મરણ શક્તિ ઓછી થાય છે અને એ બીમારી બને છે.

પં. ઠાકુરદત્ત શર્માઃ— અજીર્ણતા, ખાંસી, ફેફસાંના બધાજ રોગ ચામડીના રોગ, નિદ્રાનો નાશ દુઃસ્વપ્ન, ચક્કર, નેત્રરોગ, હૃદયને મગજની નિર્બળતા અને ઉન્માદ આદિ તમ્બાકુથી થનારા રોગો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનનો ધુમાડો

બીડી, સિગારેટ અને એને લગતી દીવાસળી આદિમાં ભારતના મનુષ્યોનો કેટલો અર્થ થતો હશે એ કહિ શકાય એમ નથી. કારણ કે એનો પ્રચાર પોતાને સભ્ય (સફેદ લુગડાં-કોટ પાટલુન આદિથી યુકત ચાહે વિદ્વા હોય કે ન હોય) કહેવડાવે એમાં અને અસભ્યમાં; શહેરીયો તેમજ ગામડિયા બન્નેમાં; અરે નાના બાળકથી લઈને વૃદ્ધાવસ્થા સુધીના મનુષ્યોમાં એટલુંજ નહીં પરન્તુ માણસ મરવા પડયો હોય તો પણ તંબાકુ પીનારાઓને એના વગર ચાલતું નથી. દેશના નેતાઓ તેમજ પોતાને સાધુ, સન્યાસી કહેવડાવે છે એમાં પણ-એનો બીડી સિગારેટ કે ચલમના રૂપમાં ઘણોજ પ્રચાર છે. આવી અવસ્થામાં તંબાકુદ્વારા ધનનો કટલો ધુમાડો થાય છે એ કહેવું અશકય છે પરન્તુ આ પ્રકરણમાં એનો થોડો ઘણો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભારત દેશ આતિથ્ય સત્કાર માટે પ્રસિદ્ધ હતો અને છે. પ્રાચીન સમયમાં સત્કાર દુધ, મધુપર્ક, દ્રિધી, ઘી અને મધ] શીતળ જળ તેમજ પૌષ્ટિક પદાર્થોથી થતો હતો પરન્તુ આજે તો આર્ય સંસ્કૃત ભૂલેલું ભારત સિગરેટ, બીડી, ચલમ હુક્કો, આ કે પાન, સોપારી-સુકા લાકડાથી કરે છે. નવયુવકો માને છે કે સભ્ય થવું હોયતો ત્યાં સફેદ કોટ પાટલુનની જરૂર છે એના કરતાં સિગરેટની વધારે આવશ્યકતા છે. તેઓ સમજે છે કે બીડી એ અસભ્યોનું લક્ષણ છે.

આર્ય સંસ્કૃતિની પ્રચારક સેના-સાધુ સન્યાસીઓ હતા; પરન્તુ આજે તો બાવા,-સાધુ-વૈરાગી આદિમાં તંબાકુ, ભાંગ, ગાંજા ચરસ આદિનો ઘણોજ પ્રચાર છે. દુઃખની વાત તો એ છે કે એ લોકો કહે છે કે જિસને ન પી ગાંજેકી કલી ઉસ લડકે સે લડકી ભલી એનાથી વધીને દેશનું દુર્ભાગ્ય શું હોઇ શકે ? આજે એમનામાં દુર્ગુણોની પરાકાષ્ઠા છે. તેઓ તંબાકુ, ભાંગ અને ગાંજાને ત્રિપથ ગંગા સમજે છે અને બાવાજીની ધૂણી માનો માન સરોવર કે ગંગોત્રી અને ચિપિઓ-ચિમટો એમનો શંકરનો અવતાર છે કે જેથી ચલમમાં અંગારા મુકી શકાય તેઓ પોતાને તો જીવન મુકત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજે છે. આવા સાધુઓ જેઓ રણભૂરૂ અને કાયર ગૃહસ્થો છે. સ્ત્રી સાથે લડાઇ થઇ હોય, છોકરાથી નિરાશા ઉત્પન્ન થઈ હોય, ભાઈ આદિકો સતાવવામાં આવ્યો હોય, રોજગાર મળ્યો ન હોય કે પ્રિય વ્યક્તની મૃત્યુ થઇ હોયતો ગૃહસ્થાશ્રમ છોડીને આવા કે વૈરાગી બની જાય છે. થોડા તો ચૈત્રમાં ખેતરમાં મહેનત કરવી પડે અને મહેનત થાય નહીં એટલે આવા બની જાય છે. એમનામાં સાચો વૈરાગ્ય કે આત્મ-સાક્ષાત્કારની તો ભાવના કે જગ કલ્યાણની ભાવના કયાં હોય છે? કે જેઓ દેશ દેશાન્તરમાં ભ્રમણ કરી લોકોને ઉપદેશ આપી જ્યાં પોતાનું જીવન સફળ કરતા ત્યાં બીજા મનુષ્યોનો પણ ઉદ્ધાર કરતા હતા તેઓની આજે આ દશા! ભારતના એક સન્યાસીએ મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરી, દશ ગુરૂઓએ પંજાબની પ્રજામાં નવ ચેતન પુંકી જાતિ પર થતા ધાર્મિક આત્માચારોથી બચાવ્યા. અને જાતિને સશક્ત બનાવી. પછી એ સેના સુધરી જાય.-નિર્વ્યસની બની પોતાના કર્તવ્યને જાણી સદાચારના નિયમોનું પાલન કરી ભારતના પ્રત્યેક ગ્રામમાં ૧૨થી ૧૩ સાધુઓ બેસે તો દેશ કયારનોએ સ્વતંત્ર બની પોતાની ઉન્નતિ કરી શકયો હોત અને મનુએ ગાયું છે તેમઃ—

एतद्देशप्रसुतस्य सकाशादग्र जन्मनः ।
स्वं स्वं चरित्रं शिक्षेरन् पृथिव्यां सर्वमानवाः ॥

સંસારનો ગુરૂ બની જાય. પરન્તુ આજે તો એમાં અકર્મણ્યતાની પરાકાષ્ઠા છે. તેઓ ગૃહસ્થીઓના ધનથી ભાંગ, ગાંજા, ચરસ, કાળી રોટી, સફેદ દાળ (માલપુડા દુધપાક,) પુરી, કચોરી, લાડુ ઉડાવ્યે જાય છે. તેનામાં આચારની હીનતા તેમજ એમના લડાઇ ઝગડાઓ જોઇને દેશનું મસ્તક લજ્જાનું માર્યું ઝુકી જાય છે છતા પણ એમને લાજ આવતી નથી. અને ભોળા-અજ્ઞાની ગૃહસ્થો આવા હૃષ્ટ-પુષ્ટ બાવાઓને શ્રદ્ધા ભક્તિથી ભોજનજ નહી પરન્તુ કેરી વસ્તુઓનુ દાન આપી એમના વ્યસનમાં, અકર્મણ્યતામાં તેમજ દુરાચારમાં વધારો કરે છે એનાથી વધીને ખેદ જનક શું હોઇ શકે!!!

આજનો સમાજ એટલો બધો તંબાકુનો દાસ બનેલો છે કે કદાચજ કોઇ માણસ તંબાકુના વ્યસનથી બચેલો હશે, અને બચે પણ કયાંથી કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ પ્રકાર મુશ્કેલીથી એના વિજ્ઞાપનથી રહિત હશે. ઘરમાં પ્રાત: ઉઠતાં જ બિસ્તરામાંથી તમ્બાકુ દેવીનું આરાધના કરવામાં આવે છે. તો પછી ઘરના બાળકો એની પૂજા કરતાં કેમ ન શિખે? અધિકારીઓમાં—નાનામાં નાના સિપાઈથી લઈને રાજા સુધી એની ઉપાસના કરે છે. એનો ગુલામ બનેલા હોય છે તો પછી એને રોકવાને માટે કાયદા કે નિયમ કોણ બનાવે? એની ખેતી કોણ રોકે? આજે લાખો એકર ભૂમિમાં એ ઝેર વાવવામાં આવે છે દેશમાં ભૂખમરો છે. પ્રતિ વર્ષ આટલા મોટા દેશના કોઈના કોઈ ભાગમાં અનાજની તાણ પડેજ છે પરન્તુ ધ્યાન કોને આવે કે એ ઝેર વવાતી ભૂમિમાં એ વાવવાનું બન્ધ કરી અનાજ ઉત્પન્ન કરાવે? ન જાણે સંસારની કેટલીએ ભૂમિમાં એ વિષ વાવવામાં આવતું હશે? સામાન્ય રૂપથી ભારતમાંના પ્રાન્તોમાં નીચે લખ્યા પ્રમાણે તમ્બાકુની ખેતી થાય છે:—

પ્રાન્ત	એકર	પ્રાન્ત	એકર
મદ્રાસ	૨,૬૫,૪૦૨	બિહાર અને ઓરિસા	૧,૧૩૦૦૦
મુંબઈ	૧,૨૨,૩૯૯	મધ્ય પ્રાન્ત અને વરાડ	૧૭,૫૩૩
બંગાળ	૨,૮૦,૩૦૦	આસામ	૮,૯૦૪
યુક્ત પ્રાન્ત	૭૩,૩૯૪	ઉ.પ. સીમા પ્રાન્ત	૨૧,૦૫૧
પંજાબ	૫૪,૪૦૭	અજમેર મેરવાડા	૬૩
બ્રહ્મા	૧૧૮,૬૦૫	કુર્ગ	૨૫
		દિલ્હી.	૪૮૩

ભારતમાં સન. ૧૯૨૬–૨૭ માં ૧૦,૬૫,૬૫૬ એકર ભૂમિમાં તમ્બાકુની ખેતી થાઇ હતી. ૧૯૨૧–૨૨ માં ૧૨,૮૬,૯૭૯ એકર ભૂમિમાં એની ખેતી થઇ હતી. ઉપરની સંખ્યામાં દેશી રાજ્યમાં થતી ખેતીની ગણત્રી કરવામાં આવી નથી. એની ગણત્રી કરવામાં આવે તો લગભગ ૧૩ લાખથી પણ વધારે ભૂમિમાં તમ્બાકુની ખેતી થાય છે. એક એકર ભૂમિમાં ૨૦૦ રતલથી ૩૦૦૦ રતલ સુધીએ ઉત્પન્ન થાય તો મધ્યમ માર્ગે ૧૫૦૦ રતલ એક એકર ભૂમિમાં તમ્બાકુ ઉત્પન્ન થાય તો ૧૩ લાખ એકર ભૂમિમાં ૧,૯૫,-૦૦,૦૦,૦૦૦ રતલ તમ્બાકુ ઉત્પન્ન થઇ શકે રૂ. ૧ની એ રતલના હિસાબથી એનીકિમ્મત ગણવામાં આવે તો લગભગ ૧ અબજ રૂ. ની તમ્બાકુ ઉત્પન્ન કરવામાં આવે છે. આજે તો એના કરતાં પણ વધારે તમ્બાકુની ખેતી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને એક રૂપીઆની ૧ રતલ તમ્બાકુ મળે છે. એ દૃષ્ટિએ અબજ રૂપીઆની તમ્બાકુ આજે દેશમાં ઉત્પન્ન કરવામાં આવે છે. એના વગર તમ્બાકુ તેમજ સિગરેટના રૂપમાં પણ એ વિષ કરોડો રૂપીઆ નું વિદેશથી આવે છે.

સન.	આયત રૂા.	રતલ
૧૯૨૬–૨૭	૨,૫૬,૧૧,૦૦૦	
૧૯૨૭-૨૮	૨,૬૧,૩૨,૦૦૦	
૧૯૨૮–૨૯	૨,૭૪,૬૦,૦૦૦	૭૦,૦૦,૦૦૦
૧૯૨૯–૩૦	૨,૬૯,૭૧,૦૦૦	૪૫,૦૦,૦૦૦
* ૧૯૩૦–૩૧	૧,૫૧,૧૧,૦૦૦	૧૫,૦૦,૦૦૦

૬૨ ટકા જેટલી તમ્બાકુ અમેરિકાની હોય છે ૧૯૨૯–૩૦ માં ૬૭ ટકા જેટલી તમ્બાકુ ત્યાંથી આવી હતી. એના વગર સિગરેટ પણ આવે છે જેનો ફોકો નીચે લખ્યા પ્રમાણે છે:—

સન	રતલ	સ્થાન	મૂલ્ય
૧૯૨૯–૩૦	૫૨,૫૦,૦૦૦	ઈંગ્લેન્ડ	૨,૧૩,૦૦,૦૦૦
* ૧૯૩૦–૩૧	૩૦,૦૦,૦૦૦	,,	૧,૨૨,૫૦,૦૦૦

ઉપરના હિસાબ પ્રમાણે ભારતમાં લગભગ સન ૧૯૨૯ માં તો ૧॥ અબજ રૂપીઆનો ખર્ચ તમ્બાકુનો હતો. તે હિસાબ કરતાં આજે તો એનો પ્રચાર કેટલાએ ગણો વધી ગયો છે. શહેરના સિનેમામાં તો ૧૨ વર્ષના બાળકો પણ સિગરેટ પીતા જણાય છે.

દેશ પરાધીન છે. એટલે રાજ્ય તરફથી કોઇપણ પ્રકારના પ્રતિબંધની તો આશા રાખી શકાય એમ જણાતી નથી. આશા છે તો કેવળ યુવકો પર છે; પરન્તુ હમણાં તો તેઓજ આ વ્યસનના શિકાર થયેલા છે. જો તેઓ આ ભયંકર ઝેરથી પ્રજાને તેમજ ઉગતી નવીન પ્રજાને બચાવી લે તો અબજો રૂપીઆનો ધુમાડો થાય છે; એનાથી દેશ બચી જાય અને એ ઝેર દ્વારા શારીરિક જીવન નષ્ટ ભ્રષ્ટ થાય છે એનાથી પણ ઉગરી શારીરિક, સામાજીક, રાષ્ટ્રિય તેમજ આત્મિક ઉન્નતિ કરી શકે.

ઉઠો, નવયુવકો ! છોડો એ મહા ભયંકર ઝેરના ઉપયોગને અને ઉગારો ઉછરતી નવીન પ્રજાને !!!

---

* સત્યાગ્રહ અને બહિષ્કારની અસર–'લેખક'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચા, કોફી અને કોકો

એ સત્ય છે કે પરાધીન દેશ વા જાતિ પોતાના પર શાસન કરનારી જાતિનું અનુકરણ કરે છે. એ શાસક જાતિ જે વસ્તુનો ઉપયોગ કરે છે. તે વસ્તુનું અનુકરણ દાસ પ્રજા કરે છે. ચાહે એ વિષના રૂપમાં કેમ ન હોય? ભારત વર્ષમાં તેમજ થયું છે. શાસક પ્રજા દારૂ, ચા, તમ્બાકુનો ઉપયોગ કરે છે તો પરાધીન ભારતે પણ એનું અનુકરણ કર્યું છે. ભારતમાં પણ ઉત્તર ભારતના કરતાં ગુજરાત, મદ્રાસ, મહારાષ્ટ્ર, બંગાળ આદિની પ્રજાએ તો ઘણુંજ અંધ અનુકરણ કર્યું છે.

ભારતે ઘણાં વિષોને ઇચ્છાથી કે અનિચ્છાથી ગ્રહણ કર્યાં છે તેમાં ચા, કોફી અને કોકો પણ સમિલિત છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને મદ્રાસમાં તો આ વિષ (ચા આદિનો) એ પોતાની જડ ઘણીજ ઉંડી ઘાલી છે. ગુજરાતના શું શહેરોમાં પરન્તુ ગામડે ગામડે આબાલ વૃદ્ધ પર્યન્ત ગરીબ શું કે તવંગર શું ઝઘાંજ ચા દેવીની ઉપાસના સવારે ઉઠતાંજ કરે છે. એકાદશી યા કોઇ વ્રત ઉપવાસાદિ કર્યાં હોય તો પણ એ દેવીતો પહેલીજ આવીને ઉભી રહે છે. આનું પરિણામ પ્રત્યક્ષ જણાય છે. જે સ્થાનોના લોકોએ એનો ઘણાજ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે એમનાં ચહેરા ફીક્કા આંખ નિસ્તેજ અને દાંત રોગોથી પિડિત હોય છે થોડાજ સમયમાં બનાવટી દાંતી વાળા બને છે. ગુજરાતના યુવકો તેમજ યુવતિઓના મોં પર ઉપર જણાવેલાં લક્ષણ જણાય છે. એનું કારણ ગુજરાત સાધન સંપન્ન નથી એમ નથી પરન્તુ ગુજરાત બીજા પ્રાન્તોના કરતાં ઘણોજ સાધન સમ્પન્ન છે– એની પાસે ધન, ધાન્ય તેમજ બુદ્ધિ પણ છે પરન્તુ એના ખાન–પાનના પદાર્થોજ એવા છે જેને કારણ ડાચાં બેસેલા છે. ચા તો સામાન્ય રૂપથી ખોરાક બની ગયો છે. ખાવાનું એક વખત ન મળે તો ચાલે પરન્તુ ચા તો જોઇએજ પંજાબાદિ બીજા પ્રાન્તોમાં ચા દેવીનું પદાર્પણ થયું નથી. હમણાં હમણાં પહાડી પ્રદેશમાં ચાહ બીડીએ પોતાનો પ્રવેશ કર્યો છે. અને પરિણામમાં તેમના મોંની કાંતિ ઉડતી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે પણ ભારત વર્ષ અતિથિ સત્કારમાં કોઇ પણ દેશથી પાછળ નથી પંજાબમાં જાવ તો દુધ કે મઠ્ઠાથી, બિહારમાં શરબત આદિથી સ્વાગત થાય છે જ્યારે ગુજરાતમાં જેઠ માસની ધકધકતી ગરમીમાં જ્યારે કંકોની લૂ વા ી હોય એ પ્રસંગે પણ સ્વાગતની દૃષ્ટિએ ગરમ ગરમ ઉકાળાતી ચાની પ્યાલી સામે કરવામાં આવે છે. જો ગુજરાત એ રાક્ષસી ચા દેવીના પંજામાંથી છુટી જાય તો કોઇ પણ પ્રાંતના મનુષ્ય કરતાં નિર્બળ નહીં જણાય. તેમજ ઘણા રોગો નાશી જશે અને વિશેષ રૂપમાં T. B.– ક્ષયનો રોગ અહિં વધારે પ્રમાણમા જણાય છે. એ પણ ઓછો થઇ જશે. ચાનું છુટવું છે તો દુષ્કર કારણ કે શાસક જાતિ એ એના વ્યાપારનો પ્રારંભ કર્યો છે. પ્રારંભમાં ચા કેવળ ચીનમાંજ ઉત્પન્ન થતી હતી પરંતુ હમણાંતો સંસારમાં જેટલી ચા ઉત્પન્ન થાય છે તેનો ઉજો ભાગ કેવળ ભારત વર્ષમાં ઉત્પન્ન કરવામાં આવે છે. મોટા મોટા ચા ના બગીચા ગોરી ચામડી વાળા પાસે છે. રાજ સત્તા પણ એમને સહકાર આપે છે. પરિણામત : વિજ્ઞાનના પ્રતિકુળ હોવા છતાં પણ રેલ્વે સ્ટેશનનો પ્લેટફોર્મ પર અો બીજે બધાનક જુકાણાં **ચા ગરમીનાં ઠંડક આપે છે અને ઠંડીમાં ગરમી કરે છે'** વાળાં લખાણો ઠેક ઠેકાણે જોવામાં આવે છે. એટલુંજ પરન્તુ બાળકોના પ્રારંભિક જ્ઞાનમાં પણ એવી રીતની પાઠય પુસ્તક લખવામાં આવી છે કે જેથી શિશુ મગજ પર તરતજ ચા ની છાપ પડે **મા ચા પા** વાળા બાળપોથીના પાઠોએ પણ ઘણી અસર કરી છે. જ્યાં સુધી શાસક જાતિ સ્વયં વિરોધ ન કરે અને ચાના સમ્બન્ધના સાહિત્યનો નાશ કરવામાં ન આવે ત્યાં સુધી એનો પ્રચાર રોકી શકવાના નથી. આપણી કોંગ્રેસના હાથમાં થોડું ઘણું શાસન આવ્યું ત્યારે એણે માદક દ્રવ્ય–દ્વારા, તાડી આદિની બંધી માટે પ્રયત્ન કર્યા. એ સ્તુત્ય કહી શકાય પરન્તુ સાથે સાથે ચાના પ્રશ્નને પણ હાથમાં લેવો જોઇતો હતો. આશા કરી શકાય કે જ્યારે પણ પ્રસંગ મળે ત્યારે એ પ્રશ્નને પણ હાથમાં લઇ એ વિષથી દેશને છોડાવે પરન્તુ હમણાં તો દુઃખની સાથે કહેવું પડે છે કે આપણાં નેતાઓમાં પણ ચા પીવાના રોગે ઘર કર્યું છે પ્રભુ બળ બુદ્ધિ પ્રદાન કરે કે એ રાક્ષસી ચા ભારતથી જેટલી જલ્દી ઉચાળા કરી જાય એટલુંજ દેશનું કલ્યાણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચા ના સમ્બન્ધમાંઃ—ચા ના છોડવા મોગરાના સમાન ફેલેલા હોય છે ઉંચાઇ પણ એના સમાનજ હોય છે. એનાં પાંદડાં સવારનાં એકઠાં કરે છે અને કંડકમાં સુકવે છે. પછી મશીનથી એની ઝાતરી કરી ગોળ બનાવી રકીમથી થોડા અશીયુનો કે કેપી વસ્તુનો પાસ ચઢાવવામાં આવે છે. મશીનથીજ એ બન્ને ક્રિયા થાય છે. જેમ ઉપર લખી ગયા તેમ એ પ્રથમ ચીનમાં થતી હતી પરન્તુ હમણાં તો સંસારના અને ભારતના અનેક ભાગોમાં એની ખેતી કરવામાં આવે છે. બંગાળામાં એના ઘણાજ બગીચા અંગ્રેજોના હાથમાં છે. ત્યાં મજુરો પર ઘણોજ અત્યાચાર કરવામાં આવતો હતો ત્યારે ત્યાંના સુધારકોએ–પ્રધાન રૂપથી સ્વ. પં. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર આદિએ એનો વિરોધ કર્યો અને કેટલી નાટક કંપનીઓએ એનાં નાટકો બનાવી ભજવ્યાં હતાં. કહેવાય છે કે સર્વ પ્રથમ પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે શિષ્ટ પ્રજાની સામે ચાના બગિચામાં મજુરોપર થતા અત્યાચારોનું દિગદર્શન નાટક દ્વારા કરાવ્યું હતું જેમાં એમણે સ્વયં અંગ્રેજનો પાઠ ભજવ્યો હતો. જ્યારે આસ પીઠ પર એ પાઠ ભજવી રહ્યા હતા ત્યારે પ્રેક્ષક મંડળમાંથી એક સાથે ત્રણ ચાર જોડા એમના પર ફેંકવામાં આવ્યા હતા ત્યારે તેમણે તે જોડાને પોતાના માથા પર મુકી કહ્યું કે મારો આ નાટક લખવાનો તેમજ ભજવવાનો ઉદ્દેશ્ય પુરો થયો છે. તમારા માટે તમારા જનતિ ભાઇઓને ચાને માટે કેટલા અત્યાચારો સહન કરવા પડે છે. છતાં પણ આપણે ચાના પૂજનરી બનેલા છીએ ત્યાર બાદ ત્યાં ચાના વિરૂદ્ધમાં ભયંકર આન્દોલન ઉભું થયું થોડા વર્ષો પછી અસહકારના દિવસોમાં તો દેશવ્યાપી આન્દોલન થયું હતું પરન્તુ આજે એની અસર નથી સન–૧૮–૧૯ માં નામ માત્રની હોટલો જોવામાં આવતી હતી પરન્તુ આજે તો એ દુકાનો છોડીએ એટલે એક હોટલ જોવામાં આવે છે એ પરિસ્થિતિ ગુજરાતની છે. એ ઠીક છે કે ઉત્તર ભારતમાં ૧૯૩૫ સુધી તો લાહોર જેવા ૪ લાખની વસ્તી વાળા નગરમાં યદિ કોઇ ચા પીનારો માણસ પહોંચે અને ચાની માંગણી કરે તો ચા મળે નહીં અને મળે તો કેવળ એકજ હૉટલમાં કે જે અનારકલી બજારમાં છે ત્યાંજ અને ત્યાં પણ એને ચાને માટે ૧૫ થી ૨૦ મિનિટ પ્રતીક્ષા કરવી પડતી હતી આજે તો ત્યાં પણ ચાની દુકાનો વધવા લાગી છે કહેવાનો તાત્પર્ય એ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આજે તો ચાનો પ્રચાર ઘણોજ વધેલો છે, અને વધ્યે જાય છે.

ચામાં **થીન** (Thein) નામનું વિષ હોય છે. સામાન્ય રૂપથી પીવામાં આવતી ચામાં એ વિષ ૩ થી ૬ ટકા જેટલું હોય છે. આમાં બીજું ટેનીન (Tannin) નામક વિષ હોય છે. અને એ ૨૬ ટકા જેટલું હોય છે.

કોફી:— એ છોડવો અરબસ્તાનમાં પેદા થાય છે. એના બીજને શેકી લઇ ખાંડી કે દળી કાઢવામાં આવે તો તે કોફી બને છે. કોફીમાં કેફીન (Caffeine) નામક ઝેર હોય છે. જે ચા માં રહેલા થીનના સમાનજ ઝેરી છે. એમાં ટેનીન પણ છે પરન્તુ ચા ના કરતાં બન્નેનું પ્રમાણ ઓછું હોય છે.

કોકો:— એ છોડવો મેક્સિકોમાં ઉત્પન્ન થાય છે. એમાંથી ચોકલેટ બનાવવામાં આવે છે. કોકોમાં પણ તેજ ઝેરી સેંકડે ૫ ટકાના પ્રમાણમાં હોય છે. એને દળીને એમાં ખાંડ મેળવીને રોટલી બનાવવામાં આવે છે અને એના ભુકાને ડબ્બામાં ભરી નિકાસ કરવામાં આવે છે અને એજ ભારતમાં પીવાય છે.

ચા અને કોફીનો પ્રચાર:— સંભળાય છે અરબસ્તાનના લોકો વધારેમાં વધારે એક હજાર વર્ષથી કોફી પીએ છે. ચીન અને જાપાન પણ ચા પોતું એક હજાર વર્ષથીજ થયું છે. ૧૬મી સદીમાં કુસ્તુનતુનિયામાં કોફીની દુકાન ખુલી તે વખતે મુલ્લાં મૌલવીએ એનો સખ્ત વિરોધ કર્યો હતો. અને મૌલવીએ કહ્યું કે એ પેગમ્બર સાહેબની આજ્ઞાથી વિરૂદ્ધ પડે છે પરન્તુ આજે એને કોણ માને છે? તુર્કિસ્તાન તો એનો કટ્ટર ભક્ત છે. ઇંગ્લેન્ડમાં એનો પ્રચાર લગભગ ૧૭ મી સદીયાં થયો હતો. યુરોપના એક કિનારેથી બીજે કિનારે જતાં પુરાં ૧૦૦ વર્ષ થયાં. કોફી અને ચા જેનો વિરોધ તો થયો પરન્તુ એટલો સખ્ત વિરોધ થયો નહીં એટલે એનો પ્રચાર વધતોજ ગયો. ૧૯ મી સદીની અન્તમાં સંસારમાં ચા અને કોફી નીચે લખ્યા પ્રમાણે ખપી હતી.

ચા. ૩,૦૦,૦૯,૦૦,૦૦૦ પાઉન્ડ કૉફી ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ પાઉન્ડ
કોકો અને ચોકલેટ ૧૦,૦૦,૦૦,૦૦૦, પાઉન્ડ

રૂશિયા અને હૉલેન્ડને ચા પ્રિય છે તુર્કિસ્તાન, સ્વીડન, ફ્રાન્સ અને જર્મની કોફીના ભક્ત છે. ભારતમાં ચા આવી તેનો કોઠો નીચે આપવામાં આવે છે.— સન ૧૯૧૦માં ૧,૩૪,૭૭,૨૯૭, ૧૫–૧૬માં ૪,૧૩,૧૧,૯૦૦ ૨૧–૨૨માં ૧૬, ૦૦,૦૦,૦૦૦ પાઉન્ડ હતી, અને આજે તો ઘણીજ ખપત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્લેષણ અને પરિણામ

ચા નું પરીક્ષણ:— મોટા મોટા, સારા ડૉકટરોએ એનું વિશ્લેષણ કરી વસ્તુ સ્થિતિનું જ્ઞાન જનતાને કરાવ્યું છે. એમાંથી કેટલાક ડૉકટરના પરિણામને ઉદ્ધૃત કરૂં છું:—

ડૉ. સ્મિથ અને **ડૉ. રિચર્ડસન** અને **ડૉ. ગાજુ** પોતાના પ્રયોગને અન્તે લખે છે કે થોડી માત્રામાં ચા પીવાથી હૃદયની ગતિ વધે છે. અને ફેફસાં વધારે પ્રમાણમાં કારબોલિક એસીડ છોડે છે. ક્ષયને જાણવો હોય તો ફેફસાં કેટલો કારબોલિક એસીડ છોડે છે એનાથી જણાય છે, જે ફેફસા વધારે (Co2) કારબોલીક એસીડ છોડે છે એ ક્ષય રોગથી વધુ પીડિત છે. ચા અને કોફી પીવાથી ક્ષય રોગ ઘણા વેગથી વધે છે. શરીરની ગરમી ઓછી થાય છે. અને ગુર્દાની ગતિ વધી જાય છે. વધારે પ્રમાણમાં ચા પીવાથી જીવ ગભરાય છે. માણસ ભાન રહિત પણ બને **ડૉ. કેલૉગ** પોતાના ઘોડાની મૃત્યુનું કારણ બતાવે છે જે જાણવા યોગ્ય છે તેથી અત્રે ટાંકું છું:—

લશ્કરી ઘોડાઓને એક નોકર ચણાના કોથળામાંથી ચણા આપતો ગયો. ભૂલથી એ કોથળામાં થોડી ચા પડેલી હતી.. છેવટના ઘોડાની સામે વગર જોયે કોથળો ઠાલવી નાંખ્યો એ ઘોડો ચણા સાથે ચા પણ ખાઇ ગયો અને પરિણામમાં ના કલાકમાં એ ઘોડાએ કુદાકુદ કરી અન્તે ખાઈમાં પડી મરી ગયો.

કોફી:—ડૉ. એડવર્ડ સ્મિથે બે ઔંસ કોફીને ઉકાળીને એક માણસને પીવડાવી (એ બે ઔંસમાં ૭ ગ્રેન કેફીન હોયછે.) એ માણસ ભાન રહિત થઈ ભૂમિ પર ઢળી પડયો.

જે માણસોને પૌષ્ટિક પદાર્થો ખાવા મળે છે એને ચા અને કોફીથી શરીર પર થનારી અસર પર વધારે થતી નથી. ઇંગ્લેન્ડ અમેરિકા કે યુરોપના દેશમાં જ્યાં ગાયનું દુધ, ઘી અને માખણ ખાવા મળે છે. સવારે ચાની સાથે નવટાંક માંખણ ડબલ રોટી આદિ ખાવા મળે, બીજે વખતે ચાની સાથે પણ પૌષ્ટિક પદાર્થ ખાવા મળે છે એ માણસો પર ચા અને કોફીથી થતા ક્ષય આદિ રોગની અસર થતી નથી અને થતી હોય તોયે ઘણી ઓછી થાય છે. પરન્તુ ભારતની દશાતો ઘણીજ ખરાબ છે. માણસ દીઠ ૦—૧—૬ ખોરાકીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. ભારતનાં અડધાં માણસોને એક વખત પેટ પર પત્થર મુકીને સુઇ જવું પડે છે. ત્યાં ચા આદિ પીવાય તો તે માણસો રોગથી કેમ ન પીડાય ? ભારતની ગરીબીનું ધ્યાન આવતાં ભારતને માટે તો ચા અને કોફી અનેક રોગોનું ઘર છે. જે શ્રીમન્ત છે તેઓ ભલે પીએ પરન્તુ જે મધ્યમ વર્ગના છે એમને માટે ખરેખર રોગોને આહ્વાહન કરવા-નોતરવાં જેવું છે. એ સત્ય છે કે શ્રીમન્તોને પૌષ્ટિક ખોરાક મળે છે તેથી એમને પીવામાં વાંધો નથી પરન્તુ થોડું તાત્વિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો બીજું સત્ય તરતજ દૃષ્ટિ ગોચર થશે. કહેવત છે કે **यद्यदाचरति श्रेष्ठस्तदेतरो जनः**। મોટા માણસો જે પ્રમાણે આચરણ કરે છે તેવુંજ નાના માણસો આચરણ કરે છે. મોટાઓનું જોઇને નાનાઓ શિખે છે એ દૃષ્ટિથી પણ વિચાર કરવામાં આવે તો પણ શ્રીમન્તોએ ચા અને કોફી છોડવી જોઇએ બીજી વસ્તુનું પણ શ્રીમન્તોએ ધ્યાન રાખવું જોઇએ કે તમારો પડોશી ગરીબ છે અને તમારા દેખા દેખી ચા અને કોફી પીએ છે તો એ ક્ષય આદિ રોગોથી પીડાય છે સહસા કહેવામાં આવે છે કે **અમારે શું ?** પરન્તુ એ કહેનારા ભૂલી જાય છે. કે જો પડોશી રોગી હશે તો વહેલો મોડો એ રોગ શ્રીમન્તોને પણ એક સ્થાન [ગામ કે શહેર]માં રહેવાને કારણે થવાનોજ. આ વિચાર આવેથી તો જણાય છે. કે જે દેશની આર્થિક અવસ્થા ખરાબ હોય તેણે તો ચા, કોફી આદિ રાક્ષસીઓના મોહજાળમાં પડવા જેવું છેજ નહીં અતઃ શ્રીમન્તો તેમજ ગરીબો બન્નેને નમ્ર નિવેદન છે કે તેઓ કોફી તેમજ ચા-દેવીની મોહ જાળનો હમેશને માટે ત્યાગ કરે એજ અભિષ્ટ છે.

ચા અને કોફીની પાચન શક્તિપર અસરઃ—અનેક ડૉકટરોનો અને ચા પીનારાઓનો પ્રત્યક્ષ અનુભવ છે કે ચા અને કોફીથી પાચન શક્તિ ઓછી થતી જાય છે કારણ કે ગરમ વસ્તુ જઠરમાં પડતાંજ સ્નાયુઓની પાચન રસ છોડવાની શક્તિ ક્ષીણ થાય છે. પાચન રસના અભાવે અનાજ સારી રીતે પચતું નથી અને પરિણામે મંદાગ્નિ થઇ જાય છે. બ્રિટિશ મેડીકલ એસોસીયેસનના સમયે ઓસ્ટ્રેલિયાના એક પ્રસિદ્ધ ડોકટરે કહ્યું હતું કે **ચા અને કોફી નિશ્ચિતરૂપે મનુષ્યને અપાચનનો રોગ ઉત્પન્ન કરે છે.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર રોબર્ટ વિલ્યમ:— તું કહેવું છે કે થોડી પણ ચા અને કોફી સેવન કરવાથી શરીરના પાચન ક્ષાર રસો નબળાં બનાવે છે. પૌષ્ટિક પદાર્થોમાંથી સત્વ ખેંચવાની શક્તિ એ રસોમાં રહેતી નથી પરિણામતઃ મંદાગ્નિ-અજીર્ણનો રોગ વધતો જાય છે.

દાન્તનો રોગઃ— ચા અને કોફી પીનારાઓને આનંદ ત્યારેજ આવે છે કે જ્યારે એ ગરમ ગરમ ચા યા કોફી પીએ છે. બરફ અર્થાત્ અત્યન્ત ઠંડુ તેમજ અત્યન્ત ગરમ વસ્તુઓના સેવનથી દાન્તોની જડો પ્રાયઃ નબળી પડી જાય છે અને પરિણામે દાન્ત પડી જાય છે. ઘણું કરીને પાયેરિયા તેમજ દાન્તના રોગો ચા, કોફી અને બરફ આદિના સેવનથીજ થાય છે.

ચા પીનારાઓને વારંવાર ચા શા માટે પીવી પડે છે? ગુજરાતમાં દિનમાં ૮-૧૦ કપ પીનારાં મળે છે એનું કારણ એ છે કે ચા બરોબર શક્તિ-ગરમી પેદા કરતી નથી એની અસર થોડા વખતમાં નષ્ટ થઇ જાય છે. જ્યારે ચા નો પ્રભાવ ઓછો થાય છે ત્યારે શરીર સુસ્ત બની જાય છે એ સુસ્તીને હટાવવા માટે ફરીથી ચા દીધે છે. ચા અને કોફીથી લેવી વધતું નથી તેમજ સ્વભાવિક ગરમી ઉત્પન્ન થતી નથી. ચા-કોફીની બનાવટી ગરમી હોય છે તે દૂર થતાં ફરીથી ચા પીવી પડે છે.

ચાની સ્વભાવ પર અસરઃ— જે લોકો ઘણીજ ચા પીએ છે એની અસર આચરણ પર પણ પડે છે એક પ્રસિદ્ધ સ્નાયુ વિશેષજ્ઞ (Journal of Mental and Nervous Diseases) માં એક મહાન સત્ય લખ્યું કે ઘણો વખત સુધી જેઓ વધારે ચા પીએ છે તેમને મંદાગ્નિ રોગ હોય છે. અને એમનો સ્વભાવ ચિડિયો બની જાય છે. ઉદાહરણના રૂપમાં લખે છે કે જે સંસ્થાનો દ્વારથી ચાલે છે એના અધિકારી ઘણી વખત ચા પીએ છે. અને પરિણામે ચિડિયો બની જાય છે. [આ વાત અમેરીકાને અનુલક્ષીને લખાઇ છે.]

ન્યુયોર્કના પ્રસિદ્ધ ડૉ **બ્રી. માર્ટિને** ચા અને કોફીના દુષ્પરિણામો પર ઘણા ધ્યાન પૂર્વક પરીક્ષણ કર્યું છે. એ જે પરિણામ પર પહોંચ્યા છે જેનો ભાવ અત્રે ટાંકું છું:— હમેશાં ચા અને કોફી પીનારાઓનું સ્વાસ્થ્ય ઘણું જલ્દી ખરાબ થઇ જાય છે. અને જલ્દી સારું થતું નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમેરિકાના એક ધાર્મિક કહ્યું હતું કે મને ૧ લાખ ડૉલર [કા૦ લાખ રૂપીઆ]ની હાનિ થાય એની મને ચિંતા નથી પરન્તુ એ ખબર નહીં કે મારો છોકરો ચા પીતો થઈ જાય.

ડૉકટર મહોદય એક ધણી ચા પીનારાનું ઉદાહરણ લખી એની અવસ્થાનું વર્ણન કરે છે. પહેલાં ચા પીતાંની સાથે ૧૦–૧૫ મીનીટ સુધી ચહેરો પ્રફુલ્લિત જણાય છે. એકાદ કલાક પછી સુસ્તી આવે છે બે ચાર કલાકમાં તો માથુ ભારી ભારી જણાય છે. હાથ પગ ઠંડા પડતા જણાય છે, મુખની લાલિમાં ઉડી જાય છે. અને પ્રસન્નતા પણ ઉડી જાય છે. થાક લાગે છે. ઉંઘ ઉડી જાય છે. અને ડર ધણો લાગે છે–સડક પર ચાલતો હોય તો રખે મકાન તૂટી જશે, મોટર સાથે અકસ્માત થઇ જશે, કુતરૂં સામે આવે તો રખે એ કરડશે.....

ડૉકટર મહોદયે સ્વયં ચા પીધી અને એનો અનુભવ કર્યો ત્યારે એમણે ચાના વિરૂદ્ધમાં પોતાના અભિપ્રાય પ્રકાશિત કર્યો. બીજા ડૉકટરોએ એનું ખંડન કરવાને માટે પ્રયત્ન તો કર્યો પણ સફળ થયા નહીં પ્રત્યુત બીજા કેટલાક ડૉકટરો એ ડો, માર્ટનની સત્યતાનો સ્વીકાર કર્યો

ઇંગ્લેન્ડના સુવિખ્યાત ડૉકટર સર બી, ડબલ્યુ રિચર્ડસન લખે છે કે **ચાથી અપચો થાય છે. અને સ્નાયુઓ નબળાં પડતાં જણાય છે. માનસિક દુર્બળતા વધી જાય છે. એ પરિસ્થિતિને હટાવવાને માટે દારૂનો આશ્રય લે છે આ પ્રમાણે બકરી સાથે ઉંટ પણ ઘુસી જાય છે**

કૉફી ચાની જેન છે. જેનાથી ઉંઘ ઓછી થઇ જાય છે જેનાથી પણ અપચન થાય છે. તેથી એ ચાના જેવીજ ભયંકર છે. નિદ્રા ઓછી આવવાથી મગજ અશાન્ત જણાય છે તો ચા કે કૉફી પીવાનો વિચાર થાય છે. બન્નેમાં ઉપર લખ્યા ગયા તેમ થીન નામક ઝેર વિદ્યમાન છે હમણાં ડૉકટરોનો મત છે થીન અને યુરિક એસિડ બન્ને સમાન જેવાં છે, યુરિક એસિડની ભયંકરતા પ્રસિદ્ધજ છે. બે પ્રાણિઓના પિશાબમાં મળે છે અર્થાત્ ચા અને કૉફી પીવાથી એ અસર થાય છે કે બે પિશાબના યુરિક એસિડથી બનેલી દવા પીવાથી થાય છે,

માદક દ્રવ્યોના સમાન ચા અને કૉફીથી પણ બુદ્ધિમાનોને ભ્રમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન થયો છે. પરન્તુ જ્યારે એ માદકતા ઉતરી જાય છે ત્યારે સુસ્તી આવે છે તો ફરીથી પીવાની ઇચ્છા થાય છે. માદકતા આવવાથી મનુષ્ય લગામ વગરના ઘોડાના સમાન દોડા દોડ કરે છે. અને એને જણાય છે કે મારામાં સ્ફૂર્તિ આવી છે પરન્તુ એક કલાકમાં સ્ફૂર્તિ ન જાણે ક્યાં ઉડી જાય છે એ જણાતું નથી. એ તો એના સમાન હોય છે કે નબળા ઘોડાને દારૂ પીવડાવીને કે મારી મારીને થોડો વખત કામ કરાવે છે અને એમાં સ્થિરત્વ લાવનારી શક્તિ નથી તેમજ આ આદિના પીવાથી જે સ્ફૂર્તિ આવે છે એ સ્થિર બુદ્ધિ કે શક્તિ આપનારી નથી.

ચાની ખેતી:—આસામ આદિ પ્રાન્તોમાં પહેલાથી ચા જંગલી છોડવાના રૂપમાં ઉગતી હતી ઈસ્ટ ઈંડિયા કંપનીનું ૧૮૨૦માં ધ્યાન ગયું અને ૧૮૩૫માં પ્રયોગના રૂપમાં કાર્ય પ્રારંભ કર્યું ૫ વર્ષ કાર્ય કરીને આસામની કંપનીને એનો વ્યાપાર સોંપી દીધો વ્યાપારના રૂપમાં ૧૮૪૬ થી ૧૮૫૯ સુધી કાર્યનો પ્રારંભ થયો ૭૫ વર્ષની અન્દરજ એ વ્યાપાર કેટલો બ્રા. વ્યાપક બની ગયો એના સમ્બન્ધમાં નીચે કોઠો આપવામાં આવ્યો છે:—

સન	એકર	ઉત્પન્ન [રૂપીઆમાં]	પાઉન્ડમાં
૧૮૭૫–૭૯	૧૭૩૦૦૦	૫૧૦૦૦૦૦	૩૪૦૦૦૦૦
૧૮૮૫–૮૯	૩૦૭૦૦૦	૧૩૫૦૦૦૦૦	૯૦૦૦૦૦૦
૧૯૦૦–૦૪	૫૦૦૦૦૦	૧૯૨૫૦૦૦૦૦	૧૯૫૦૦૦૦૦
૧૯૧૦–	૫૩૩૦૦૦	૩૭૩૫૦૦૦૦૦	૨૪૯૦૦૦૦૦
૧૯૧૫	૫૯૪૦૦૦	૪૬૮૦૦૦૦૦૦	૩૫૨૦૦૦૦૦
૧૯૨૦	૬૫૪૦૦૦	૪૮૩૦૦૦૦૦૦	૩૨૨૦૦૦૦૦
૧૯૨૫	૬૭૨૦૦૦	૫૦૨૫૦૦૦૦૦	૩૩૫૦૦૦૦૦
૧૯૨૯	૭૧૨૦૦૦	૬૦૬૫૦૦૦૦૦	૪૦૬૦૦૦૦૦
૧૯૩૦	૮૦૫૦૦૦		

ભારતમાં ચાના વ્યાપારમાં ૬૮ સમ્મિલિત સ્ટોક કમ્પની કાર્ય કરે છે. ૧૯૩૦–૩૧ માં ૫૩,૪૩,૮૬,૦૦૦ ની પૂંજી રોકવામાં આવી હતી સો રૂ. પ્રત્યેક શેર હોલ્ડરોને ૨૧ થી માંડીને ૨૦૦ રૂપીઆ નફો વહેંચવામાં આવ્યો હતો અને ૧૦૦ રૂ. ના શેરના ૧૯૨૯ માં ૩૦૩ રૂ. સન ૩૦ માં ૨૫૮ રૂ. અને સન ૩૧* માં ૨૪૮ હતો.

* સત્યાગ્રહની અસર જણાય છે. :લેખકઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સન ૧૯૩૦–૩૧ માં ઉપર જણાવેલા પ્રમાણે નફો રહ્યો નથી કારણકે જાવા સુમાત્રા આદિની ચા ઘણુંજ પ્રમાણ સંસારના બજારોમાં પહોંચવા લાગી.

ભારતના બજારમાં ૧) રૂ. ની એક પાઉન્ડના હિસાબે ચા મળે છે. એ હિસાબથી ૫૦૦૦૦૦૦ રૂ. ની ચાનો ભારત ઉપયોગ કરે છે સન ૧૯૩૦–૩૧ના કરતાં આજે ૪૩–૪૪માં હોટલોનું પ્રમાણ પથીઉ ઘણુંજ વધી ગયું છે અને ચા પીનારાઓની સંખ્યા તો પહેલાના કરતાં ઘણીજ વધારે છે.

કોફીઃ— એના ઈતિહાસનું ઠીક જ્ઞાન થઇ શકયું નથી પણ દક્ષિણ ભારતમાં લોકવાઇકા (વાત ચાલતી આવે) છે કે બસો વર્ષ પહેલાં બાબા બુદન નામક એક અરબ યાત્રી મક્કાથી આવતી વખતે બે ત્રણ કોફીના દાણા લઇ આવ્યો હતો અને દક્ષિણ ભારતમાં મૈસુરમાં એને રોપવામાં આવ્યા અને દક્ષિણ ભારતથી એ ઉત્તર ભારતમાં આવી; પરન્તુ અંગ્રેજી ઇતિહાસકાર કહે છે. સન ૧૮૨૩ માં ફ્રેાર્ટ ગ્લાસરને ભારતમાં મીલ અને દારૂની ડિસ્ટીલરી ખોલવાનો તેમજ કોફીની ખેતી કરવાનો પરવાનો આપવામાં આવ્યો હતો. પરન્તુ ઉત્તર ભારતમાં કોફીનું ટકુ ચાલ્યું નહીં ત્યારે દક્ષિણ ભારતમાં આવી હશે. સંભવતઃ આજ વાત લોક વાઇકાના ઉપરમાં થોડા રૂપાન્તરથી પ્રચલિત થઇ હશે. પરન્તુ આજે તો નિલગીરીની પહાડની ટેકરીઓ પર કોફીના છોડવાજ જણાયા કરે છે.

સન	ઉત્પન્ન કવાર્ટર	સન	ઉત્પન્ન કવાર્ટર
૧૯૨૫	૨૭૨૧૦૦	૧૯૨૮	૩૧૭૫૦૦
૧૯૨૯	૨૪૭૮૦૦	૧૯૩૦	૩૫૨૦૦૦

પહેલાં કોફી વિદેશમાં પણ ઘણી જતી હતી, પરન્તુ સંસારમાં બ્રાજીલની સસ્તી કોફીનો પ્રચાર થયો ત્યારે એમને હાનિ ઉઠાવવી પડી. ભારતમાં તો કોફીની પ્રગતિ રાત દિવસ વધતી જાય છે.

	કવાર્ટર		
૧૯૨૫	૨૯૨૦૦	૧૯૨૯	૧૦૫૨૦૦
૧૯૨૬	૫૬૫૦૦	૧૯૩૦	૧૦૬૦૦૦

આજે તો કોફીની પણ ઘણીજ ખપત થાય છે. સર્વ પ્રથમ સ્વ પં. ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે ગોરાઓની માલકીના ચા ના બગીચામાં ભારતીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજુરો પર થતા અત્યાચારોને જોઇને ચાના વિરુદ્ધ આન્દોલન કર્યું હતું. એ લખી આવ્યા છીએ.

સન ૧૯૨૯-૩૦માં પ્રતિદિન ગોરાઓનો અત્યાચાર સહતા મજુરોની સંખ્યા લખવામાં આવી છે. આજે તો એની સંખ્યા કેટલા ગણી વધી ગઈ છે.

૫૫૭૪૮૪ આસામમાં, ૧૯૬૮૯૯ બંગાળમાં, ૭૦૮૫૨ મદ્રાસમાં ૬૨૦ કુર્ગમાં, ૧૦૬૯૫ પંજાબમાં, ૩૯૭૧ યુક્ત પ્રાન્તમાં, ૨૯૦૨ બિહાર અને ઓરિસ્સામાં, ૮૬૮૪૬ દેશી રાજ્યમાં, ૯૩૦૪૭૨ મજુરો ચાના બગીચામાં કામ કરે છે એમાં કેારીના બગીચામાં કામ કરનારા મજુરોની સંખ્યા ૬૨૫૦૪ ઉમેરીએ તો કુલ ૧૦૨૨૯૭૬ મજુરોને પ્રતિદિન અત્યાચાર સહન કરવો પડે છે. ભારતમાં ૪૭૪૨ ચાના બગીચા છે. કેારીના બગીચાઓની સંખ્યાની ઠીક ગણત્રી ખબર પડી નથી. ચાના બગીચામાં ભારતીયોના હાથમાં કેવળ ૫૫૬ જ છે. બાકીના બધા બગીચાના સ્વામી ગોરાઓ છે.

ભારતના લાકડા બુધ્ધુ! ઉઠો, જાગો, ચા અને કેારીના દશ લાખથી પણ વધારે સંખ્યામાં ભારતના લાલ [મજુરો]ને ગોરાઓના અત્યાચારથી !!!

બ્રહ્મોપનિષત્—(પ્રશ્નોત્તરોપનિષત)

લેખકઃ પૂ. સ્વામી વેદાનંદજી મહારાજ

અનુવાદિકાઃ અનિલાદેવી આર્ય

વ્યાખ્યાતા શ્રી. ૧૦૮ પૂ. સ્વા. વેદાનંદજી મહારાજે બ્રહ્મ અને સૃષ્ટિ વિદ્યા સમ્બન્ધી વેદ મંત્રોની ઘણીજ ઉત્તમ પ્રકારે વ્યાખ્યા કરી છે. બ્રહ્મ વિદ્યાનું રહસ્ય સારી રીતે સમજાવ્યું છે. પુસ્તકની છપાઇ, કાગળ તેમજ ગેટઅપ ઘણુંજ ઉત્તમ છે.

પૃ. ૧૨૦] મૂલ્ય ૦-૮-૦ [પો. ખ. ૦-૧-૬

વૈદિક જીવન મુદ્રણાલય, નવસારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—ભાંગ, ગાંજો અને ચરસ—

આજ કાલની સભ્યતાની ગણત્રીમાં આવનારી વસ્તુઓ—વિદેશી દારૂ, ચા, કોફી, તમ્બાકુ—સિગરેટ આદિનો પ્રચાર તો નિશ્ચયાત્મક રૂપથી વિદેશીઓ દ્વારાજ કરવામાં આવ્યો છે. ભાંગ, ગાંજો અને ચરસ આદિ માટે કેટલાકનું માનવું છે કે એનો પ્રચાર અત્યન્ત પ્રાચીન કાળથી ચાલતો આવે છે. અને અથર્વવેદમાં સોમ સાથે એનો ઉલ્લેખ પણ છે અને એ પાપ મોચન પેય પદાર્થમાં છે એના સમ્બન્ધમાં પરિશિષ્ટમાં લખવામાં આવશે જતાં પણ અત્રે એના સમ્બન્ધમાં કાંઇ લખવું ઉચિત છે.

સંસારની ગતિને ચક્રની ગતિની ઉપમા આપવામાં આવે છે ચક્રનો કોઇ આરો નીચે તો તેજ આરો બીજી વખતે ઉપર હોય છે. એજ પ્રમાણે દેશોની ઉન્નતિ અવનતિ પણ થયા કરે છે. કોઇ વખતે કોઇ દેશ સંસારમાં ઉન્નતિને શિખરે હોય છે. તો તેજ કોઇ વખતે અવનતિના મોખરે હોય છે. ભારતની પણ એજ અવસ્થા થઇ છે. મહા ભારતના મહા યુદ્ધ પૂર્વે કરોડો વર્ષો સુધી આ દેશ સંસારનો ગુરૂ બન્યો છે. મહા યુદ્ધના પછી ભારતની અવસ્થા ૧૯૧૮ ના ગ્રેટ વૉરના પશ્ચાત્ ફ્રાંસ, આદિની થઇ હતી તેવી થઇ. વીર પુરૂષો તેમજ વિદ્વાનોનો સંહાર થયો. જ્ઞાન પ્રચાર ન થવાને કારણે દેશમાં અજ્ઞાનનો પ્રચાર અને મુર્ખતા દેવીનું સામ્રાજ્ય પ્રારંભ્યું એ દેવીના મંત્રી મદિરા, ભાંગ, ગાંજા, ચરસ, આદિ છે. અવિદ્યામય ભારતમાં કુરીતિઓનો પ્રારંભ થયો અને એ કુરીતીઓમાં દારૂ ભાંગ, ગાંજા, ચરસ, આદિ છે એનો પ્રચાર થયો અને એ વધતોને વધતોજ ગયો. એનો સંબંધ દેવો સાથે જોડી મન્દિરોને એના પ્રચારના અડ્ડાઓ બનાવ્યા. ભાંગ ગાંજો અને ચરસ આદિ શિવના મન્દિરમાં, દારૂ, માંસ આદિ દેવીના મન્દિરમાં, આ રીતે લોકો યથેચ્છ ઉપયોગ કરવા લાગ્યા મન્દિરના મહન્તો—પૂજારિઓ એના પ્રચારકો બન્યા અને આજે પણ છપ લાખ અવિદ્યાના પૂજારી—બાવા—વૈરાગી આદિ ભાંગ આદિના પ્રચારકો બન્યા છે. અને ગામે ગામ મન્દિરોને પોતાના થાણા બનાવીને પડેલા છે. અને દુઃખની વાતતો એ છે કે એ અવિદ્યાના અવતાર બાવાઓને શ્રદ્ધા ભક્તિથી ભાંગ, ગાંજો, ચરસ આદિનું દાન આપનાર ભાવુક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનિકો એમને ઉત્તેજન આપી રહ્યા છે. અને એ માને છે કે અમે ધર્મ કરી રહ્યા છે. જ્યાં સુધી એ અજ્ઞાન દૂર ન થાય અને કુપાત્રે દાન આપવું બંધ ન થાય ત્યાં સુધી બાવાઓ મન્દિરોને બસતો તેમજ દુરાચારનો કેન્દ્રો બનાવ્યેજ જવાના અથવાતો રાજ નિયમ દ્વારા રખડતા બાવાઓને કામે લગાવે અને નાગરિક બનાવવાનો પ્રયત્ન કરે તોજ એ બસતો છૂટી શકે અને મન્દિરોનો સારો ઉપયોગ થઈ શકે. થોડી પ્રસન્નતા અવશ્ય છે કે ગુજરાત પ્રાન્તમાં ભાંગ આદિનો બહોળો પ્રચાર નથી.

ચીન અને ભારતના પ્રાચીન સાહિત્યમાં ભાંગના છોડવાની નર અને માદા નામની બે જાતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે પશ્ચિમમાં એનો આવિષ્કાર થયો એનાથી કેટલાએ વર્ષ પૂર્વ અહિંના લોકો એ વસ્તુને જાણતા હતા ભાંગનો છોડવો તમ્બાકુના સમાન ઝેરીલો છે. એના બધાજ ભાગ ઝેરીલા છે, એનાં પાંદડાંને ભાંગ, ફૂલ ને ગાંજા અને એના ગુન્દરને ચરસ કહેવામાં આવે છે. સુશ્રુતે ભાંગના છોડવાની સ્થાવર વિષમાં ગણતરી કરી છે. એના મૂળમાં વિષ હોય છે.

ભાંગને મીઠાઈઓમાં નાંખવામાં આવે છે. એને પાણી સાથે વાટી પ્રવાહી રૂપમાં પણ ઉપયોગ કરી શકાય છે. એની અંદર ગોળ, મેળવીને પણ ખાય છે.

ગાંજો ને તમ્બાકુના સમાન પીવામાં આવે છે. ભાંગ કરતાં એનું વિષ ઘણુંજ વધારે હોય છે. અને **ચરસ** એ તમ્બાકુની સાથે પીવાય છે. અને એનું વિષ ગાંજા કરતાં ઘણુંજ વધારે હોય છે. ભાંગના પાંદડાં અને ફૂલોમાં ચરસ લાગેલો હોય છે. માણસને ચામડું ઓદાડી કે ઉઘાડે શરીરે ભાંગના ખેતરમાં દોડાવે છે. ચરસ એના પર લાગે છે. અને એ એકઠો કરવામાં આવે છે. અહિંના ભાંગના છોડવામાં ચરસ ઘણા ઓછા પ્રમાણમાં હોય છે, મધ્ય એશિયાથી ચરસ આવે છે. એને **છુખારી કે યારકન્દી** ચરસ કહેવામાં આવે છે. દિલ્હી પ્રાન્તમાં **ગઢ બહાદુર** નામક સ્થાનમાં પણ ચરસ થાય છે.

ગાંજો પીવાથી આંખ લાલ થઈ જાય છે. ચક્કર આવે છે. અને એનું મગજ જલ્દી બગડી જાય છે. વધારે ભાંગ પીવાથી પણ ચિત્ત અસ્થિર બને છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં મનુષ્યો ભાંગની ખેતી પોતાની ઇચ્છાથી કરતા પરન્તુ ૧૮૭૭ માં સરકાર જેને આજ્ઞા આપે એજ ખેતી કરી શકે અને માલ પણ સરકારના ગોદામમાં રાખવામાં આવે છે

સરકારને સન ૧૮૬૦ માં ભાંગ, ગાંજા અને ચરસથી ઉત્પન્ન ૧૧ લાખની હતી અને સન ૧૯૦૦ માં ૫૯ લાખ થઇ હતી. ત્યાર બાદ તો ઉત્પન્ન ઘણીજ વધી ગઇ છે.

સન.	રૂપીઆ.	સન,	રૂપીઆ,
૧૯૦૧	૧૧૮૩૮૭૩	૧૯૧૩	૧,૩૬,૫૯,૧૬૩
૧૯૦૪	૬૮૦૩૦૬૮	૧૯૧૭	૧,૪૬,૨૪,૪૪૮
૧૯૦૭	૮૮૪૬૫૦૩	૧૯૧૮–૧૯	૧,૫૬,૨૧,૩૭૬
૧૯૧૦	૧૦૬૬૫૭૮૩	૧૯૨૮–૨૬	૨,૫૦,૦૦,૦૦૦

આજે તો સરકારને એની ઉત્પન્ન ઘણીજ વધી ગઇ છે.

ભાંગ, ગાંજા અને ચરસની ખપત

(૧૦૦૦૦ માણસોમાં નીચે જણાવેલા શેર)

પ્રાન્ત	૧૯૦૧ માં	૧૯૧૧–૧૨ માં
મદ્રાસ	૧૦.૬	૧૧.૭
મુંબઇ	૨૦.૦	૩૮.૫
બંગાળા	૩૨.૬	૩૫.૧
આસામ	૩૬.૦	૫૨.૩
યુકત પ્રા.	૬૩.૫	૬૪.૭
પંજાબ	૬૦.૮	૬૦.૭
મધ્ય પ્રા.	૨૫.૪	૩૬.૭
સિંધ	૩૩૭.૮	૩૬૭.૩

સમસ્ત ભારતમાં સન ૧૯૧૧–૧૨ માં આ ત્રણ પદાર્થોની ખપત ૨૩૫૦૦૦ શેર હતી ત્યાં ૧૯૧૮–૧૯ માં ૭ થી ૮ વર્ષમાંજ ૫,૮૮,૦૦૦ શેર એટલે બમણી થઇ ગઇ હતી અને ૧૯૨૮–૨૬ માં ૬૦૦૦૦૦ શેર સુધી પહોંચી ગઇ છે.

આજે તો એ ત્રણેની ખપત ઘણીજ વધી ગઇ છે. ૩૧ માં ૫૬ લાખ સાધુઓ હતા તો ૪૧ માં ૭૫ લાખની સંખ્યા થઇ છે. અને એ લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે પ્રમાણમાં એનો ઉપયોગ કરે છે. સરકારને તો ફર વધારી પોતાના ગજવાં તર કરવાં છે. એને તો આ વ્યસનોથી ભારત દૂર થાય એ કેમ પાલવે ?

શ્રીયુત અબ્દુલ હુસને The drink and the Drug Evil in India માં લખ્યું છેઃ-ઉદ્ધરણને લખી આ પ્રકરણ સમાપ્ત કરું છુંઃ—

In a word the Government is not above profitting from the sins of the people and trafficking with their weakness. If a tithe of that thoroughness which has marked the executing of the drug policy had been given to a better cause the course of the Indian History would have been different. The Drug policy has tempted the strong and demoralised the weak. It has exploited the and the poor it has ruined both young and old, the strong and the infirm of all classes of creeds and races."

સરકાર લોકોના પાપોથી લાભ ઉઠાવવો અને એમની નબળાઈઓથી પોતાનો વ્યાપાર વધારવો એ ખરાબ સમજતી નથી. એ માદક દ્રવ્યોના પ્રચારમાં ફેટલી ચતુરાઈ કરે છે એનાથી ૧૦મા ભાગનું ધ્યાન જનહિતના કાર્યમાં રાખ્યું હોત તો આજે ભારતનો ઇતિહાસ કોઈ અનુકોજ હોત. એની આબકારી નીતિ એવા પ્રકારની છે કે સાધુ પુરૂષને પણ પાપ પ્રતિ અચકી જાય છે. એણે ધનિક અને ધન રહિત બન્નેને લુટ્યા છે. બન્ને સાથે વિશ્વાસઘાત કર્યો છે અને ભારતીયોને શક્તિ રહિત બનાવ્યા છે.

ભારતના યુવકો! ઊઠો અને જાગો! હજી સમય છે સુધરવાનો ?

મહર્ષિ દયાનંદનો ચમત્કાર

લેખકઃ પં. જ્ઞાનેન્દ્ર સિદ્ધાન્ત ભૂષણ

ચમત્કાર એટલે શું ? એના સંબન્ધમાં સુંદર વિવેચન કરનારૂં આ પુસ્તક છે. બધાજ ધર્મના માણસો એનાથી લાભ ઉઠાવી શકે છે. ગેટ અપ સુંદર, કાગળ ક્લેજ. પૃ. ૩૮

મૂલ્ય ૦-૨-૦] વૈદિક જીવન મુદ્રણાલય, નવસારી. [પો. અર્જ [૦-૦-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—કોકિન—

હમણાં હમણાં ભારતમાં કોકિનનો ઘણોજ પ્રચાર વધ્યે જાય છે, જેઓ દારૂ–તાડી પી શકતા નથી એવા કહેવાતા સુધારેલા–ઉચ્ચ જાતિ–વર્ણના પુરૂષો એનો ઉપયોગ વધારે છે. એ ભયંકર ઝેરીલી વસ્તુ છે. એનાં પાંદડાં થોડાં પણ પ્રમાણમાં ખવાય તો માણસ ચેતના રહિત બને છે. સરકારને પણ એનું ધ્યાન વીસમી સદીના પ્રારંભમાંજ થયું. બ્રહ્મદેશમાં તો સ્કૂલ જતા વિદ્યાર્થિઓ એનો ઉપયોગ કરે છે. જેઓ કામી છે, તેઓ એનો ઉપયોગ કરે છે. વૈશ્યાગામી પુરૂષો ક્ષણિક ઉત્તેજનાની દૃષ્ટિએ એને ખાય છે. કેટલાક પાન વાળા પોતાનાં પાન વધારે ખપે એ દૃષ્ટિએ એનાં પાંદડાંનાં ભુકાંનો એક કણ પાનમાં પણ નાંખે છે.

કોકિનનો ઇતિહાસઃ— કોકા નામક છોડવામાંથી એ નિકળે છે. ઉષ્ણ કટીબંધમાં એ ઉત્પન્ન થાય છે. એનું મુળ સ્થાન પેરૂ. બોલિવિયા છે હમણાં એને પ્રયોગની દૃષ્ટિએ ભારતમાં–સિલોન, દક્ષિણ ભારત, બંગાળી, આસામ, આદિ સ્થાનોના ચાના બગીચાઓમાં કરવામાં આવે છે.

કોકિનનું પરીક્ષણઃ—સન ૧૮૫૯ માં **ડૉ. નીમન** નામક વિજ્ઞાનવેત્તાએ એનું જ્ઞાન પ્રાપ્ત કર્યું એ થીન, ક્રેફીન, ગારેનીન અને થ્યો બ્રોમીનના સમાન **અત્યન્ત** ભયંકર વિષ છે. **ડૉ. બેનેટ**ના મત પ્રમાણે એની ઘણીજ ભયંકર ઘાતકી અસર આંતરડાં, શ્વાસની પ્રણાલી, ગ્રન્થી પ્રણાલી અને લોહી પ્રવાહની પ્રણાલી પર અસર થાય છે.

કોકિનઃ—જર્મન અને જાપાનથી પુસ્તકોના બંડલો કે કપડના બંડલોમાં આવે છે. સમાચાર પત્રોના પારસલો ઘણી વખત પકડાયું છે. સરકારે એની કિમ્મત ૨૭ થી ૩૧ રૂ. એક ઔંસના રાખ્યા છે. પરન્તુ વૈશ્યાગામી વ્યભિચારી અને વ્યસની ૪૦૦ રૂ. ઔંસ પણ ખરીદે છે. કોકીન મંગાવવાનો ખાસ પરવાનો લેવો પડે છે. ડોકટરની સ્વીકૃતિથી ૬ ગ્રેનથી વધુ કોકીન રાખવાની આજ્ઞા નથી. સારામાં સારા કોકટરને પણ ૩૦ ગ્રેનથી વધુ કોકિન રાખવાની આજ્ઞા નથી, કારણ કે એ ભયંકર વિષ છે. કારણ કે એક ક્ષણમાં દાંતના મસુડાઓને જ્ઞાન રહિત કરી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—ઉપસંહાર—

काव्यालापविनोदेन कालोगच्छति धीमताम् ।
व्यसेनेन च मूर्खाणां निद्रया कलहेन वा ॥

દેશમાં જ્યાં સુધી વિદ્વાનનું રાજ્ય પ્રસરેલું હોય છે તો તે દેશના મનુષ્યો પોતાનો સમય સાહિત્ય ચર્ચા, સંસ્કૃતિક ચર્ચા, જ્ઞાન-વિજ્ઞાનની ચર્ચામાં વ્યતીત કરે છે પરન્તુ જ્યારે અવિદ્વાનું સામ્રાજ્ય પ્રવર્તે છે ત્યારે ઉપર જણાવેલી ચર્ચાઓ જણાતી નથી પરન્તુ પ્રજા મૂર્ખ બની છે. અને મૂર્ખ પ્રજાનો વ્યાપાર વ્યસનોમાંજ વ્યતીત થાય છે. એ નિયમના અનુસાર ભારતની પણ મહાભારતના યુદ્ધ પછી એ પરિસ્થિતિ થઇ, જેનાં પરિણામ દેશમાં વ્યસનો વધ્યાં અને વ્યસનોની મારકતાને કારણે કલહો વધ્યા અને દેશ નષ્ટ થઇ ગુલામ બન્યો.

પરાધીન જાતિને શાસક પ્રજા કદીએ ઉન્નત અવસ્થામાં આવવા દેતી નથી. પ્રજા પોતાની ઉન્નતિ માટે પ્રયત્ન કરે છે તો શાસક જાતિ એની અવનતિ કેવી રીતે થાય એ વિચારે છે. એ સર્વ તંત્ર સિદ્ધાન્ત છે કે માદક તત્વના સેવનથી માણસ પરાધીન બને છે. જે પ્રજા માદક દ્રવ્યનું સેવન કરે છે અને જો એ પરાધીન હશે તો કદીએ સ્વતંત્ર થતી નથી. માદક દ્રવ્યનું સેવન કરતા સૈનિકો જ્યારે બંદી બને છે અને માદક દ્રવ્ય ન મળવાથીએ પોતાનું સ્વાભિમાન ગુમાવી, હમેશને માટે પરાધીન બને છે. કારણ કે એ માદક પદાર્થ માટે શત્રુઓની ખુશામત કરી પોતાને એમના આધીન કરી દે છે. અને સ્મરણ છે કે હૈદ્રાબાદ સત્યાગ્રહ વખતે જે સત્યાગ્રહીઓને બીડી આદિનું વ્યસન હતું તે સત્યાગ્રહીઓએ ક્ષમાની યાચના કરી હતી. આવા કારણને જોતાં હિન્દુ જાતિના ઉદ્ધારક ગુરૂ ગોવિન્દ સિંહજી મહારાજે શિખ પ્રજાને તમ્બાકુનો પણ સ્પર્શ નિષેધ કર્યો હતો. આતો એક ઉદાહરણ છે પરન્તુ વ્યસન માત્ર મનુષ્યને લાચાર બનાવે છે અને પોતાનું સ્વાભિમાન છોડાવે છે. વ્યસનોથી જ્યાં રાષ્ટ્રીય હાનિ થાય છે ત્યાં સામાજીક, નૈતિક તેમજ આર્થિક હાનિઓ પણ ઘણી થાય છે. એનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. અહિં તો કેવળ આર્થિક દૃષ્ટિએ વ્યસનમાં આપણા કેટલા ધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધુમાડો થાય છે. એ લખું છું:—

:પ્રત્યક્ષ કર આપવો પડે છે:

દેશી દારૂ	૧૭,૦૦,૦૦,૦૦૦
વિદેશી દારૂ	૩,૫૦,૦૦,૦૦૦
અફીણ	૨,૦૦,૦૦,૦૦૦
ભાંગ ગાંજો આદિ	૨,૫૦,૦૦,૦૦૦
કુલ	૨૫,૦૦,૦૦,૦૦૦

પચીસ કરોડ રૂપીઆ તો સીધા સરકારના પેટમાં પડે છે એના વગર દારૂ બનાવનાર, મજુરોની મજુરી, માલ એક સ્થાનેથી બીજે સ્થાને જતાં એનો ખર્ચ, પરવાનાવાળાનો નફો આદિ રકમનો સરવાળો કરવામાં આવે તો ૧,૦૦,૦૦,૦૦,૦૦૦થી પણ વધારે રૂપીઆનો ધુમાડો થાય છે. આ ઉદાહરણ જુઓ:— સિદ્ધપુરમાં અફીણ ૭) રૂ. રતલ–પાઉન્ડ પડે છે. અને નવસારીના બજારમાં એજ અફીણ ૬૦ રૂ. રતલ–પાઉન્ડ વેચાય છે. એનાથીજ હિસાબ જાણી શકાય કે સરકારી કર, ખર્ચ આદિ કેટલો આપવો પડે છે? એના વગર બીજા માદક પદાર્થો પર કેટલો ખર્ચ ભારતીય કરે છે; એની સંખ્યા નીચે લખવામાં આવી છે:—

તમ્બાકુ	૭૫,૦૦,૦૦,૦૦૦
ચા	૫,૦૦,૦૦,૦૦૦
કોફી	૧,૦૦,૦૦,૦૦૦
કુલ	૮૧,૦૦,૦૦,૦૦૦
દારૂ અફીણ આદિ	૧૦૦,૦૦,૦૦,૦૦૦
કુલ	૧૮૧,૦૦,૦૦,૦૦૦

ઉપર લખેલી સંખ્યામાં ક્રીકેટ અને જુગારનો સમાવેશ કરવામાં આવ્યો નથી લગભગ સવા બે અબજ રૂ. વ્યસનોમાં હોમવામાં આવે છે. આ આંકડાઓ તો સન ૧૯૨૯–૩૦ ના છે. કે જે સમયે સત્યાગ્રહ તેમજ વિદેશી માલ બહિષ્કારની અસર જનતામાં જણાતી હતી અને આજે તો સન ૧૯૩૦ ના કરતાં ચાની હોટલોનું, ચા પીનારાઓનું, તેમજ પાન બીડી–તમ્બાકુ અને વિદેશની સીગરેટ પીનારાઓનું પ્રમાણ ૫ થી ૭ ઘણું વધી ગયું છે. એ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો લગભગ ૫ અબજ રૂપીઆનો ધુમાડો થતોજ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માદક દ્રવ્યોના ઉપયોગને રોકવાને માટે સરકારની પાસે આશા રાખવી મૂર્ખતા છે કારણકે સર્વ પ્રથમ તો એના દ્વારા સરકારને ઓછામાં ઓછા એક અબજ રા.નો સીધો કર અને પરોપરાગત કર તો ઘણોજ મળે છે. બીજું એ પરાધીન જાતિને કદિએ ઉન્નત જોવા ચાહશે નહીં કારણ કે એ સમજે છે કે જો ભારતીયો ઉન્નત થશે તો પરાધીન નહીં રહે તેથી સરકાર દ્વારા કોઇ નિયમ અને એ આશા પણ રાખવી અર્થ છે. જ્યારે દારૂના પીઠાં પર સ્વયં મંત્રીઓ જઇને દારૂ પીનારાઓને સમજાવતા ત્યારે તેમના પર લાડી ચાર્જ, ગેર પકડ થતી, તે આપણે કયાં જોયું નથી ?

આ કાર્ય તો લોક સેવાનું છે આ એક વિશાળ ક્ષેત્ર છે. એ ક્ષેત્રમાં કામ કરવાને માટે કોઇ પણ જાતિ વિશેષનો પ્રશ્ન છેજ નહીં કારણકે આ તો સાર્વજનિક સેવાનું કાર્ય છે. જે માણસો એજ વિચાર કરે છે કે અમે દારૂ પીતા નથી કે અમે કોઇ પણ વ્યસનમાં ફંસાયા નથી તો અમારે આ કાર્યમાં શા માટે સહકાર આપવો જોઇએ ? એમને માટે આ. ઉદાહરણ પુરતું છે. :—

લાહોરમાં ટેમ્પરન્સ સોસાઇટીનો એક સભ્ય... શ્રીમન્તને ત્યાં દાનમાટે ગયો. તેણે શેઠને પોતાનો ઉદ્દેશ બતાવી દાનની માંગણી કરી ત્યારે શેઠે ઉત્તર આપ્યો કે હું દારૂ પીતો નથી, મારો છોકરો કે મારા કુટુંબમાં કોઇ દારૂ પીતું નથી તો મારે શા માટે દાન આપવું જોઇએ ? તમે બીજે જઇ શકો છો તે ભાઇ ચાલ્યો ગયો. ૧૦–૧૫ દિવસોમાં તેજ શ્રીમન્ત સ્વયં એ સોસાઇટીમાં જઇ રા. ૫૦૦૦ નો ચેક મંત્રીની સામે ધરી કહ્યું કે તમે તે સમયે મારી પાસે આવ્યા મેં તમારો અનાદર કર્યો પરન્તુ આજે મને મારી ભૂલ સમજાય છે. હું કે મારૂં કુટુંબ દારૂ પીતું નથી અને મારો પાડોસી કે નીચનો થર દારૂ પીતો હશે તો પરોપરા ગા એની અસર નહીં પીનારાઓ પર પણ થાય છે. એ મેં સ્વયં અનુભવ્યું છે આજે મારો પુત્ર પોતાના પરિવાર સાથે ગાડીમાં આવી રહ્યો હતો પરન્તુ સામેથી એક ઝાટી વાળા સાથે એકસીડન્ટ થયો અને છોકરો હાસ્પીટાલમાં છે. અને બીજા માણસોને પણ ઇજા થઇ છે. બીજા ગાડીવાળાએ દારૂ પીધો હતો અને એને કારણે એકસીડન્ટ થયો છે.” તમારા કાર્ય માટે હવે મારી પુરી સહાનુભૂતિ છે અને મારાથી બનતી એટલી સહાયતા કરતો રહીશ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનિકોને મારું નમ્ર નિવેદન છે કે પોતાનાં ધનનો આ કાર્ય–માદક દ્રવ્યોના નિષેધના પ્રચારમાં ઉપયોગ કરે. એ કાર્ય માટે પ્રારંભિક સાહિત્ય, હાસ્યજનક વાર્તા, સિનેમા, રેકોર્ડ, પ્રારંભિક શિક્ષણમાં બાળકોને વ્યસનના વિરુદ્ધ પ્રથમથી પ્રચાર કરવામાં આવવો જોઇએ. દાનનો પ્રવાહ જે બીજી તરફ વહે છે એને આવા પરમ ઉપયોગી કાર્ય માટે વહેવડાવવો જોઇએ. પ્રભુના સંતાનો ખોટા વ્યસનોથી છુટશે જ્યાં એ સ્વયં આરોગ્ય યુકત થશે સાથે સાથે એ ધન પોતાના પરિવારના ઉપયોગમાં આવશે, એમાં રાષ્ટ્રીય, સામાજીક, નૈતિક અને પરમાર્થિક પ્રત્યેક પ્રકારનું કલ્યાણ સમાયેલું છે. મન્દિરોમાં સેંકડો રતલ કેસર અને કસ્તુરીના લેપ, હજારો પ્રકારની નવીન નવીન વાનીઓ નૈવેદ્યમાં ચઢાવવામાં આવે છે, લાખો રૂપીઆ મન્દિરો બનાવવામાં ખર્ચ કરવામાં આવે છે એના બદલામાં આવા શુભ કાર્યમાં પોતાના ધનનો ખર્ચ કરવામાં આવે તો એમાંજ પોતાનું પોતાના સમાજનું તેમજ રાષ્ટ્રનું કલ્યાણ સમાયેલું છે.

બીજી બાજુએ વિદેશી કમ્પનીઓ પોતાની વસ્તુઓનો આ આદિ-વ્યસનોના પ્રચારમાં લાખો રૂપીઓ ખર્ચે છે. આ આદિ મફત વહેચે છે. કહેવાય છે. કે ચાની કમ્પનીએ **મા ચા પા** વાકયને પ્રારંભિક પોથીમાં રાખવામાટે ૪ થી ૫ લાખ રૂપીઆ શિક્ષણ વિભાગને આપ્યા હતા તો પછી પ્રભુની પ્રતિમાઓને સદ્‌માર્ગે લાવવા માટે અહિંનાં શ્રીમન્તો ધનનો ખર્ચ કરે તો કેવું સારૂં!

આશા તો છે કે નવયુવકો પોતાના વ્યસનોને દૂર કરી એના નિષેધમાં અને શ્રીમન્તો પોતાના ધનનો પ્રવાહ એને રોકવામાં અવશ્ય ખર્ચ કરી માનવ જાતિનું કલ્યાણ કરીનેજ પ્રભુ સેવા સમજશે.

સ્તવનાંજલિ

અર્થ સહિત સધ્યોપાસના, સ્વસ્તિવાચન, શાન્તિ પ્રકરણ, દૈનિક યજ્ઞ, બૃહદ્‌યજ્ઞ, ઉપાકર્મ વિધિ, પુરૂષ સુક્ત અને શ્લોકોનો સંગ્રહ કરવામાં આવ્યા નિત્ય છે.–નૈમિત્તિક કાર્યમાં ઉપયોગી નિવડયું છે.

મૂલ્ય ૦–૪–૬ વૈદિક જીવન મુદ્રણાલય, **નવસારી.** [પો. ખર્ચ ૦–૦–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ

સોમ દારૂ છે શું?

સોમ વસ્તુની પ્રાચીનતા વેદોની પ્રાચીનતાની સમાનજ છે. સોમ શી વસ્તુ છે? એના સંબન્ધમાં ઘણોજ મતભેદ છે. કેટલાક પાશ્ચાત્યો **શ્રી. જેનાઇટ રાગોજીન, શ્રી. જ્યુલિયલ એગલિન** અને **શ્રી. વૅટ** આદિ મહાનુભાવ એને દારૂ સમજે છે. **શ્રી.વૅટનું** કહેવું છે કે **સોમ** અફગાનિસ્તાનની લીલી દ્રાક્ષોના રસ સિવાય બીજું કાંઇ નથી. પશ્ચિમના વાકયોને સત્ય માનનારા કેટલાક આ દેશના વિદ્વાનો પણ એને દારૂ સમજે છે, પરન્તુ શ્રી. **હિલે બ્રણ્ટ** મહોદયનું કહેવું છે કે વેદમાં સોમના જે ગુણ ધર્મ બતાવવામાં આવ્યા છે તે હૉપ (દારૂ બનાવવામાં ઉપયોગમાં આવતી વનસ્પતિ) માં તેમજ લીલી દ્રાક્ષમાં મળતા નથી.

સોમને કેટલાક વનસ્પતિ માને છે એનું મૂળ કારણ **મહિધર** આદિના ભાષ્ય જણાય છે. એટલા માટેજ **ડૉ. મૂર, રાગોજીન, પ્રોફેસર મૅક ડોનલ** તથા **લોકમાન્ય તિલક** આદિ મહાનુભાવો સોમને વનસ્પતિ માને છે. પરન્તુ મનુષ્ય એને ઓળખી શકતા નથી અથવા તો જ્યાં એ ઉત્પન્ન થતી હતી ત્યાં ન થતાં બીજેજ ઉત્પન્ન થાય છે. જે લોકો સોમને વનસ્પતિ માને છે, તેઓ ઇરાની સાહિત્યમાં મળતા **હોમ-સોમ** માટે કહે છે કે આર્યોની એક શાખા તિબેટમાંથી વસ્તી વધવાને કારણે ઇરાન તરફ ગઇ ત્યાં તેમણે પણ સોમનો ઉપયોગ કર્યો. ત્યાં મુજવાન પર્વત પર પ્રાપ્ત સોમ-હોમ ન મળવાથી ત્યાં ઉત્પન્ન થતી કોઇ વનસ્પતિને સોમ હોમ માની ઉપયોગ કરવા લાગ્યા છે. વસ્તુતઃ સોમ છે શું એ તો આગળ લખવામાં આવશે પરન્તુ થોડા વખતને માટે માની લેવામાં આવે કે સોમ વનસ્પતિ છે તો પણ સોમ આજ કાલનો દારૂ નથી કારણ કે જેઓ સોમને વનસ્પતિ માને છે તેમના મતમાં પણ જેમ શ્રી. **હિલે બ્રણ્ટ** મહાનુભાવના ઋગ્વેદ વર્ણિત સોમના ગુણોમાં અને આજ કાલના દારૂના ગુણોમાં આકાશ પાતળનો અંતર જણાય છે- પ્રકાશ અને અંધકારમાં જેટલું અંતર છે એટલુંજ અંતર દારૂ અને સોમમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓ સોમને દારૂ સમજે છે. તેઓ સોમનો ઉપયોગ કરનારમાં માદકતા આવે છે એમ માને છે પ્રથમ જોવું જોઈએ કે મદ–માદકતા છે શું કોને મદ કહેવામાં આવે છે? :—

बुद्धिं लुम्पति यद् द्रव्यं मदकारी तदुच्यते ॥

शारंगधर ४–११ ॥

જે પદાર્થ બુદ્ધિનો લોપ કરનારો હોય છે એને માદક પદાર્થ કહે છે. **સોમમાં** બળ, વીર્ય, બુદ્ધિ અને પ્રતિભા વધારવાની શક્તિ–ગુણ છે જ્યારે દારુમાં તો માણસની શક્તિ, વીર્ય, બુદ્ધિ, આચાર આદિનો નાશ કરી પશુ બનાવવાના ગુણ છે.

જેઓ સોમને વનસ્પતિ માને છે તેઓ માને છે કે વૈદિક કાળમાં સોમના ડીટામાંથી વધારે રસ પ્રાપ્ત કરવાને માટે પાણી છાંટી પત્થરથી વાટીને નીચવવામાં આવતો હતો. પછી એને ઘેટાંના ઉનથી બનેલા ઉનના કપડામાં ગાળી એમાં દુધ, દહીં, મધ અને જવનો લોટ નાંખવામાં આવતો અને આવી રીતે બનેલો પદાર્થ યજ્ઞમાં ઉપયોગ આવતો હતો દિનમાં ત્રણ વખત તૈયાર કરવાનું વિધાન કરવામાં આવ્યું છે, અને એના અનુસાર તૈયાર કરી યજ્ઞ કરતા અને યજ્ઞ શેષ યજમાન આદિ ઉપયોગ કરતા હતા જ્યારે દારૂને કેટલાએ દિવસો–મહિના સુધી સડવા દેવામાં આવે છે તો પછી દારૂ અને વૈદિક સોમની સમાનતા કયાં સુધી થઈ શકે એ પાઠક સ્વયં વિચાર કરી શકે છે.

શ્રી. નાના સાહેબ પાવગી મહોદયે Some juice is not liquor નામક પુસ્તકમાં ઘણીજ સારી રીતે સિદ્ધ કર્યું છે સોમ રસ દારૂ નથી. જેઓ સોમને દારૂ માને છે એમણે એ પુસ્તકને વાંચવા ભલામણ કરું છું. એ વાંચવાથી એમનો ભ્રમ દૂર થઇ જશે.

પૈરાણિક ભાષ્યકાર સોમને વનસ્પતિ સમજે છે. એ વનસ્પતિ પણ છે પણ વેદમાં વર્ણિત સોમ વનસ્પતિથી કોઈ અનોખીજ વસ્તુ છે. વેદ સ્વયં કહે છે:–

सोमं मन्यते पपिवान् यत् सं विशन्त्योषधिम् ।
सोमं यं ब्रह्माणो विदुर्न तस्याश्नाति पार्थिवः ॥ अथर्व १४।१।३॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો જેને વનસ્પતિના રૂપમાં વાપરે છે. પીનારો બ્રાહ્મણ એને સોમ સમજે છે પરન્તુ સાધારણ મનુષ્ય એને (એના રહસ્યને) સમજી શકતો નથી.

મધ્યકાલીન યાજ્ઞિકો સોમને વનૌષધિ વિશેષ માને છે. મહિધર આદિ ભાષ્યકારોના મતમાં સોમનું વર્ણન નીચે લખેલા મંત્રમાં આવે છે:—

उपह्वरे गिरीणां संगमे च नदीनां धिया विप्रो अजायत॥ यजु०२८।१७॥

આ મંત્રમાં કોઇ પણ ઠેકાણે **सोम** શબ્દ નથી અને કદાચ દેવતાને કારણે સોમનું વર્ણન માની લેવામાં આવે તો પણ સોમ વનસ્પતિ વિશેષ-લતા આદિ થઇ શકતો નથી. કારણ કે મૂળ મંત્ર **विप्र** કહેવામાં આવ્યો છે અને એની ઉત્પત્તિ **બુદ્ધિ** દ્વારા થયેલી છે. નિઘણ્ટુમાં **धी** શબ્દ બુદ્ધિ અને કર્મ માટે પ્રયુક્ત થયેલો છે. અને એ બન્નેથી વનસ્પતિની ઉત્પત્તિ સંભવ નથી. અને **विप्र** શબ્દનો અર્થ બન્ને ભાષ્યકાર **મેધાવી** કરે છે તો પછી સમજતું નથી કે **सोम** શબ્દનો અર્થ વનસ્પતિ વિશેષ કેવી રીતે થઇ શકે?

ઋગ્વેદના નવમું આખું એ મંડલ **पवमान** સોમનું વર્ણન કરે છે. એના દ્વારા પણ વનસ્પતિ અર્થ કે એની પ્રાપ્તિ થતી નથી. વર્ણન નીચે પ્રમાણે છે:—

आ पवस्व दिशां पत आर्जीकात्सोममीढ्वः। ऋतवाकेन सत्येन श्रद्धया तपसा सुत इन्द्रायेन्दो परिस्रव ॥२॥

ऋतं वदन् ऋतद्युम्न सत्यं वदन् सत्य कर्मन् श्रद्धां वदन्त्सोम राज न्धात्रा सोम परिष्कृत इन्द्रायेन्दो परिस्रव ॥ ऋग्वेद ९।१२६-४॥

આ મંત્રમાં બતાવવામાં આવ્યું છે કે **सोम**નો જન્મ **सत्य** અને **श्रद्धा**થી થાય છે. જે સદા **ऋत-ज्ञान**નો ઉપદેશ કરનારો છે તેમજ શ્રદ્ધાથી, વાણીથી, સત્ય ભાષણથી અને સદાચારથી યુક્ત છે. ઉપરોક્ત ગુણોનો ધર્તા, પરિષ્કૃત હે રાજન્ સોમ! હે ઇન્દો અર્થાત્ આર્દ્ર હૃદયે! સોમ! તમે ઇન્દ્રના પ્રતિ વહો-સદાને માટે વહો.

આમાં સ્પષ્ટ છે કે જે **ज्ञान**નો ઉપદેષ્ટા, સત્યવાદી, **सत्य**કર્મા **सोम** છે. આ ગુણો જડ વનસ્પતિમાં કદાપિ **સંભવી** શકતા નથી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ તો વિવેકવાન, ચેતનમાંજ સંભવી શકે છે. અને એ **વસુ, આદિ સંજ્ઞાવાળો સ્નાતક ગૃહસ્થાશ્રમમાં પ્રવિષ્ટ થાય છે એ ગૃહસ્થનું નામ સોમ છે.***

વિપ્ર, કવિ, મેધાવી, શૂર આદિ વિશેષણ જે અનેકોવાર આવ્યાં છે એમની સાથે વનસ્પતિની કોઇ પણ પ્રકારની સંગતિ બેસતી નથી. પ્રત્યુત બન્નેમાં વ્યાઘાતજ થાય છે.

જેને કારણે વનસ્પતિ માનવામાં આવે છે એના આધાર ભૂત શબ્દો નીચે લખવામાં આવે છે:—

धारया ધારાથી, **द्रोणानि** દ્રોણ નામક મોટાં મોટાં વાસણમાં; **सुतः** અર્ક ખેંચીને કાઢવામાં આવેલો **कलशेषु आहितः** લોટાઓમાં રાખવામાં આવેલો, **वभ्रूः** ખાદી રંગનો **पातवे** પીવાને માટે, **वनस्पति** વૃક્ષ

સર્વ પ્રથમ **धारया पवस्व** શબ્દને તપાસીએ જેથી બીજા શબ્દોના અર્થ પણ સ્પષ્ટ થઇ જશે.

धारया સાથે **ऋतस्य** પાઠ છે. **ऋतस्य** નો અર્થ જ્ઞાન એટલે **જ્ઞાનની ધારાથી** અર્થ થાય છે. પરન્તુ **ऋत** નો અર્થ જળ પણ થાય છે. અતઃ જળ વાચક શા માટે ન માનવામાં આવે ?

જળ અર્થ થઇ શકે એમ નથી કારણકે એ મંત્ર વાળા મંડળમાં ૩૧ વાર **कवि** શબ્દ **सोम**નું વિશેષણ છે. ૫ સમય **विप्र** શબ્દ, ૧૫ વાર **विचक्षण**, ૨ સમય **विपश्चित** અને ૫ વાર **मेधावी** શબ્દ આવ્યો છે. એટલુંજ નહીં પરન્તુ ૯–૪૪–૨ મંત્રમાં તો **विप्रस्य धारया** સ્પષ્ટ શબ્દ છે અર્થાત્ મેધાવીની ધારાથી લખવામાં આવ્યું છે.

આથી સિદ્ધ થાય છે કે જળ વાચક ઋત શબ્દ આ મંડળમાં નથી પરન્તુ **જ્ઞાન ધારાજ** અર્થ સંભવી શકે છે. **विप्रस्य धारया** નો અર્થ વિદ્વાનની જ્ઞાન ધારા છે તો પછી એનો સમ્બન્ધ **कलशे स्थितः** સાથે કેવી રીતે થશે ? **कलश** શબ્દની વ્યત્પત્તિ જોવી જોઇએ.

कल શબ્દનો અર્થ **મધુર શબ્દ** એટલા માટેજ મધુર કંઠવાળાને કલ કંઠ કહેવામાં આવે છે.

---

* એના સમ્બન્ધમાં વિશેષ **સોમ** પં બુદ્ધદેવ કૃત જુઓ.....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कलं मधुरं शब्दं शवति प्राप्नोतीति कलशः

અર્થાત્ જે મધુર શબ્દને પ્રાપ્ત કરે એને કલશ કહેવામાં આવે છે. કલશ શબ્દનો અર્થ વ્યાખ્યાન મંડપ-વ્યાખ્યાન વેદિ—વ્યાસપીઠ. અર્થાત્ વ્યાસપીઠની છત કલશ-ઘડાના સમાન ગોળાકારવાળી હોવી જોઇએ જેથી અવ્યક્ત ધ્વનિ પણ મધુર બને છે. ગાગર ભટ્ટ ગાગર વગાડી પહેલાં કથા કરતા હતા એની ધ્વનિ કેટલી મધુર નીકળતી હતી? એ અવ્યક્ત ધ્વનિ પણ જ્યારે મધુર બની જાય છે તો પછી વિદ્વાનની વ્યક્ત મધુર ધ્વનિ તો ઘણીજ મધુર નિકળે એમાં શકજ શો? અર્થાત् **कलशे स्थितः**નો અર્થ વ્યાસ પીઠ છે. **द्रोणे स्थितः** તો દ્રોણ શબ્દ **द्रुगतौ** ધાતુથી ઉણાદિ ૩-૧૦ ના સૂત્રનો **न** પ્રત્યયથી દ્રોણ શબ્દ બને છે. **शब्द कल्पद्रुमમાં** બીજા અર્થો છે ત્યાં **द्रुमभय रथ** પણ છે. હવે નીચેના મંત્રથી સ્પષ્ટ થઇ જાય છેઃ—

आ कलशेषु धावति पवित्रे परि षिच्यते । उक्थैर्यज्ञेषु वर्धते ॥

ऋग्वेद ९।६७।१३॥

વૈદિક આશ્રમ મર્યાદાનુસાર સ્નાતક ત્રણે વર્ણના હોય છે એ ત્રણે વર્ણોના સ્નાતકોનું યથા ક્રમ વર્ણન આ મંત્રમાં બતાવવામાં આવ્યું છેઃ—

અર્થાત્ બ્રાહ્મણ સ્નાતક વ્યાખ્યાન મંડળ તરફ દોડે છે **अथवा** જ્ઞાનથી પ્રજાને પવિત્ર બનાવે છે. બાજ પક્ષીના સમાન ક્ષત્રિય હોય છે, જે કવચ પહેરે છે અને ત્રીજા પ્રકારનો વૈશ્ય સ્નાતક રથ પર બેસીને વ્યાપારને આન્દોલિત કરે છે.

वनस्पति શબ્દ સોમના સંબન્ધમાં આવે છે. ૧૨ સૂક્તમાં **वनस्पति** શબ્દ છે પરન્તુ એના વિશેષણ **विचक्षण, सुकृत** કવિ, **नित्य स्तोत्र, धीनामन्ता, सुमद्रुधः** આદિ છે તો પછી સોમ વનસ્પતિ કેવી રીતે સંભવી શકે? સાયણાચાર્યને પણ આવાજ કારણે-વિશેષણોને લીધે **वनस्प पालदिता** યૌગિક અર્થ કરવો પડયો છે.

बभ्रूः ધૂસર વર્ણ રાખ આદિ લગાવવાથી બ્રહ્મચારી ધૂસર વર્ણ વાળો અને **पिंगल** જટાને કારણે પિંગલ વર્ણવાળો હોય છે અને જ્યારે સ્નાતક બને છે સમાવર્તન સ્નાન કરે છે. ત્યારે સંસારમાં સુશોભાયમાન થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पातवे પીવાને માટે. ચાલુ ભાષામાં પણ પ્રયોગ થાય છે કે **જ્ઞાન ગંગાનું પાન કરશો** તો પછી કોઇ આપત્તિ રહેતી નથી કે સોમ વનસ્પતિ છે.

सुतः અર્ક કાઢવામાં આવેલો. સ્નાતક પણ પ્રશ્નનો અર્ક છે એ પ્રશ્નમાંથી ખેંચવામાં આવે છેજ ભાષામાં પણ પ્રયોગ થાય છે કે આ મનુષ્ય માંણસ છે. તો પછી સ્નાતક માટે **सुतः** નો પ્રયોગ આપત્તિ જનક નથી. પરન્તુ ઉચિતજ છે.

સોમ શબ્દનો અર્થ **સ્નાતક બ્રહ્મચારી** છે. ઋગ્વેદના ૯. મંડલમાં સોમ વનસ્પતિ માટે પ્રયુકત નથી પરન્તુ વિશેષતઃ ચેતન શકિત માટેજ છે.

સામવેદમાં સોમ શબ્દનો ઘણો પ્રયોગ છે. ત્યાં પણ ચિતિ શકિત માટેજ પ્રયોગ થયો છે એ ચિતિ શકિત મનુષ્યથી પણ પરે છે જે હૃદયમાં રહે છે અર્થાત્ જેનાથી ભકત સંસારમાં એકલો હોવા છતાં સંસારની વિરોધિની શકિતઓ સાથે યુદ્ધ કરી શકે છે.

સોમ શબ્દનાં વિશેષણ કવિ આદિ જે ઉપર લખવામાં આવ્યાં છે એ સચ્ચિદાનંદ પ્રભુમાં પ્રયુકત થઈ શકે છે. એટલે **એકજ પ્રભુ** સોમનો તાત્પર્ય છે. ભકત ભકિતદ્વારા અને હૃદય ધારણ કરી સંસારનો ઉપકાર કરે છે તેમજ પોતે પણ આનંદ લૂંટે છે એનાં પ્રમાણો અત્રે ટાંકવામાં આવે તો આ પુસ્તિકાથી પણ એક મોટી પુસ્તક બની શકે એટલા માટે અત્રે પ્રસ્તુત વિષયને સમાપ્ત કરું છું જેને એના સંબન્ધમાં વિશેષ જાણવાની ઇચ્છા હોય તેણે પં. ચમુપતિ કૃત **સોમ સરોવરને** જોવું.

ઉપરનાં લખાણથી એ તો સિદ્ધ છે જ કે ઋગ્વેદ અને **સામવેદ** કથિત સોમ કોઇ જડ વનસ્પતિ નથી. એમાં બુદ્ધિનો લોપ કરનારી માદકતા નથી પરન્તુ ચેતન શકિત છે જે પોતાના જ્ઞાનથી—કાર્યથી મસ્ત બને બીજાઓને પણ મસ્ત બનાવે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म ॥

મહર્ષિ દયાનન્દ

પ્રણીત

આર્યાભિવિનય

ભક્તિ રસ તેમજ સ્વદેશાભિમાનની ભાવનાથી યુક્ત

:વેદ મંત્રોની વ્યાખ્યા:

ગુજરાતી ભાષા અનુદિત વિશેષ ટિપ્પણીઓ સાથે

૦-૮-૦] [પો. ખ. ૦-૧-૬

મહા ગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ

મરોલી બજાર (જી. સૂરત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનને ઉન્નત બનાવનારૂં
ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી સાહિત્ય
: મેળવવાનું સ્થાન :
મહા ગુજરાત પુસ્તક પ્રકાશન મંડળ
મરોલી બજાર (જી. સૂરત)

સુન્દર અને શુદ્ધાશુદ્ધનુ ધ્યાન રાખી પુસ્તકો તેમજ
બોર્ડીંગ (પરચુરણ) છપાઈ કાર્ય ઉચિત ભાવે કરનાર
વૈદિક જીવન મુદ્રણાલય
નવસારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar